સાબરકાંઠા, ખેડા સિવાય

પાનાં : ૩૦ કિંમત : રૂા. ૬-૦૦ ** તા. ૨૯ નવેમ્બર ૨૦૨૬ રવિવાર

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▸ સંવત ૨૦૮૩ શકે ૧૯૪૮ કારતક વદ - ૬ વર્ષ : ૯૪, અંક : ૩૨૨ ▸ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▸ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▸ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧ ▸ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1-2-3-4



સુપ્રીમની ફટકાર બાદ અંતે તમિલનાડુની વિજય સરકારે આદેશનો અમલ કરવો પડ્યો : બે નિવૃત્ત જજ પણ હાજર રહ્યા

દીપથૂન સ્તંભ પર ૧૫૦ વર્ષમાં પહેલીવાર દીપ પ્રાગટ્ય

તિરુવનંતપુરમ, તા. ૨૮

સુપ્રીમ કોર્ટના આદેશ બાદ તમિલનાડુના મદુરાઈમાં હિન્દુઓના ઐતિહાસિક ધાર્મિક સ્થળે દીપ પ્રાગટ્ય થયો હતો, ૧૫૦ વર્ષમાં પ્રથમ વખત પ્રખ્યાત દીપથૂન પર આ દીપ પ્રાગટ્ય થયો હતો. આ પહેલા બ્રિટિશ શાસનમાં ૧૮૬૨ અને ૧૯૧૨માં પણ પ્રયાસ થયો હતો જોકે તે નિષ્ફળ રહ્યો હતો. જોકે ૧૯મી સદીના મધ્ય પહેલા આવો કોઈ પ્રયાસ થયો હતો કે કેમ તેની ઈતિહાસમાં કોઈ નોંધ ન હોવાના અહેવાલો છે.

સીઆરપીએફની સુરક્ષા વચ્ચે હજારોની સંખ્યામાં લોકો દીપ પ્રાગટ્યમાં જોડાયા, ભગવાન મુરુગનની આરતી ઉતારી

સુપ્રીમ કોર્ટ દ્વારા બે પૂર્વ જજોની એક કમિટી નિમવામાં આવી હતી, જેમની આગેવાનીમાં તેમજ સીઆરપીએફની સુરક્ષા વચ્ચે દીપથૂન પર દીપ પ્રાગટ્ય થયો હતો.



સાંજે પાંચ વાગ્યા આસપાસ દીપ પ્રાગટ્ય સમયે હજારોની સંખ્યામાં લોકો એકઠા થયા હતા, અને સમગ્ર વિધિને નિહાળી હતી. સાથે જ ભગવાન મુરુગન માટે સુત્રોચ્ચાર કર્યા હતા અને આરતી તેમજ પૂજાપાઠ પણ કરવામાં આવ્યો હતા. ફટાકડા ફોડવામાં આવ્યા હતા અને આ ક્ષણનો આનંદ લેવામાં આવ્યો હતો. આ પહેલા શુક્રવારે સુપ્રીમ કોર્ટે તમિલનાડુ સરકારને અવમાનનાની નોટિસ ફટકારી હતી અને આદેશ છતા પાલન ના કરવા બદલ રાજ્યના મુખ્ય સચિવને રૂબરૂ હાજર થવા માટે કહ્યું હતું. એટલુ જ નહીં દીપ પ્રાગટ્ય માટે ટીમને મંજૂરી ના આપનારા મંદિરના ટ્રસ્ટને પણ સસ્પેન્ડ કરી દીધુ હતું. આ પહેલા ૨૦મી

(અનુસંધાન ૧૩મે પાને)

પહાડ પર હિન્દુ-મુસ્લિમો વચ્ચે જગ્યાના મુદ્દે વિવાદ

તમિલનાડુમાં દીપથૂન સ્તંભ પર દીપ પ્રાગટ્ય થયો તે સ્થળને લઈને વર્ષોથી હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે વિવાદ રહ્યો છે. હિન્દુ સંગઠનો સ્તંભ પર જ દીપ પ્રગટાવવા માગતા હતા જ્યારે મંદિર પ્રશાસન પરંપરાગત દીપા મંડપમ પર જ દીપ પ્રગટાવતું આવ્યું છે. આ સ્તંભની નજીક એક દરગાહ આવેલી છે. સુફી સંત હઝરત સુલ્તાન સિકંદરની આ દરગાહના સંચાલકોનો દાવો છે કે આ સ્તંભ દરગાહનો જ એક હિસ્સો છે તેથી હિન્દુઓ ત્યાં દીપ પ્રાગટ્ય કે પૂજાપાઠ ના કરી શકે. જ્યારે હિન્દુ સંગઠનોનો દાવો છે કે આ સ્તંભ અને આસપાસનો વિસ્તાર મંદિરનો છે. હિન્દુ સંગઠનો આ સ્તંભ પર દીપ પ્રાગટ્ય માટે હાઈકોર્ટ પહોંચ્યા હતા, જ્યાં તેમની જીત થઈ હતી. જોકે જગ્યાને લઈને કોઈ પણ અંતિમ ચુકાદો નથી આવ્યો. દરમિયાન સ્તંભ પર દિપ પ્રાગટ્યના દિવસે જ મોટી સંખ્યામાં મુસ્લિમો પણ દરગાહ પહોંચ્યા હતા.

૩૦ વર્ષે પણ જીટીએનો ક્રેઝ : પહેલા દિવસે ચાર અબજ ડોલરની કમાણી

વાંચો દેશ-દુનિયા

ગેમને બનાવવામાં ૧ અબજ ડોલરનો ખર્ચ કરાયો હતો

વિશ્વની સૌથી મોંઘી વીડિયો ગેમ GTA-6નું AI ક્લોન તૈયાર કરાયું

કેલિફોર્નિયા, તા.૨૮

વિશ્વની સૌથી લોકપ્રિય વીડિયો ગેમ્સમાં સ્થાન ધરાવતી ગ્રાન્ડ થેફ્ટ ઓટો-૬ હવે એઆઈને કારણે ચર્ચામાં આવી છે. ગેમના ડેવલપર દ્વારા તેના કમ્પ્યુટર વર્ઝનની જાહેરાત નથી



કરવામાં આવી. પરંતુ, કેટલાક ગેમર્સ અને કોડર્સે એઆઈ ટૂલ્સ અને લીક થયેલી ગેમ ફાઈલ્સની મદદથી તેનું અનઓફિશિયલ પીસી વર્ઝન બનાવવાના પ્રયત્નો શરૂ કર્યા છે.

(અનુસંધાન ૧૩મે પાને)

હેકર્સે એઆઈ ટૂલ્સની મદદથી મૂળ ગેમ જેવી જ ગેમ તૈયાર કરી સ્ક્રીનશોટ શેર કર્યા : ગેમને પીસી પર પણ શરૂ કરી

દિલ્હીની વાત

બેઠકો વધારવા બાબતે દક્ષિણના ત્રણ મુખ્યમંત્રી આજે દિલ્હીમાં મળશે

નવીદિલ્હી, તા. ૨૮

કેન્દ્ર સરકારના મહિલા અનામત અને લોકસભા - વિધાનસભા બેઠકો વધારવાના પ્રસ્તાવ બાબતે દક્ષિણ ભારતના રાજ્યોમાં ગંભીર ચર્ચા થઈ રહી છે. કર્ણાટકના મુખ્યમંત્રી ડી કે શિવકુમારએ કહ્યું હતું કે, ૨૯ નવેમ્બરે દિલ્હીમાં કેરલમ અને તેલંગાણાના મુખ્યમંત્રીઓ સાથે તેઓ બેઠક કરશે. પ્રસ્તાવીત બીલની અસર અને દક્ષિણના રાજ્યો પર એના પ્રભાવ વિશે ચર્ચા થશે. લોકસભામાં બેઠકો વધારવાના

(અનુસંધાન ૧૩મે પાને)

લોકસભાની વર્તમાન બેઠકોમાં જ મહિલા અનામત ફાળવવા માગ

સીમાંકન બિલથી સરમુખત્યારશાહી આવશે, સંસદમાં વિરોધ કરીશું : વિપક્ષ

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૨૮

કેન્દ્ર સરકાર દ્વારા સોમવારે લોકસભામાં રજૂ કરવામાં આવનારું સીમાંકન બિલ શિડ્યુલ કાસ્ટ અને આદિવાસીઓના હિતોને નુકસાન પહોંચાડનારું છે અને ભાજપ-આરએસએસને કાયમ માટે સત્તા પર રાખવા આ બિલ લવાઈ રહ્યું છે. આ બિલ પાસ થશે તો દેશ સરમુખત્યારશાહી તરફ ધકેલાશે. અમે સંસદમાં તેનો વિરોધ કરીશું તેમ ઈન્ડિયા બ્લોકના નેતાઓએ શનિવારે એક સૂરમાં સૂચિત બિલનો વિરોધ કરતા જણાવ્યું હતું. રાહુલ ગાંધીએ કહ્યું કે આ બિલ પાસ થતાં મોદી, શાહ, જ્ઞાનેશ કુમારને દેશનો ચૂંટણી નકશો નવેસરથી દોરવાની સત્તા મળી જશે.

એસસી-એસટીની વસતી વધી છે પરંતુ તેમની સીટો ના વધે એટલે ઉતાવળે સીમાંકન બિલ લવાઈ રહ્યું છે : ખડગે

સીમાંકન અને મહિલા અનામતના અમલ માટે સોમવારે સરકાર બંધારણીય સુધારણા બિલ રજૂ કરી રહી છે ત્યારે વિપક્ષે તેનો વિરોધ કરવા માટે રણનીતિ ઘડવા શનિવારે એક બેઠક બોલાવી હતી. લગભગ બે કલાક ચાલેલી બેઠક બાદ કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે, દેશમાં શિડ્યુલ કાસ્ટ

(અનુસંધાન ૧૩મે પાને)

'હરે રામ, હરે કૃષ્ણ'ના જયઘોષ વચ્ચે અનંત અંબાણીએ શ્રદ્ધાળુઓ સાથે ગિરિરાજ મહારાજની પરિક્રમા પૂર્ણ કરી



દારકા, કાશી બાદ વ્રજમાં આવીને ભાવવિભોર થયેલા અનંત અંબાણીએ જણાવ્યું કે અહીં ભાવ-ભક્તિનો અનોખો અનુભવ થયો તે હું શબ્દોમાં વર્ણવી શકું તેમ નથી

અનંત અંબાણીએ રાત્રે શરૂ કરેલી ૨૧ કિલોમીટરની પરિક્રમા સાડા ચાર કલાકમાં પૂર્ણ કરીને ગિરિરાજ મહારાજને ૨૮૦ કિલો છપ્પન ભોગ ધર્યો















અમદાવાદ શહેરમાં ટ્રાફિકની સમસ્યા દિનપ્રતિદિન વધતી જઈ રહી છે. શહેર ટ્રાફિક પોલીસના અવનવા નુસ્ખા કારગત નીવડી નથી રહ્યા ત્યારે અનેક એવા પોઇન્ટ છે જ્યાં ટ્રાફિક પોલીસના જવાનોની હાજરી હોવા છતાં દરરોજ ટ્રાફિક જામ સર્જાય છે તેનું મુખ્ય કારણ ટ્રાફિક પર ધ્યાન ઓછું અને મોબાઈલમાં વધારે ધ્યાન હોય છે. બરાબરનો જામ થાય ત્યારે સફાળા જાગી દોડી આવે તે પહેલાં તો ટ્રાફિક ચારે તરફથી ચક્કાજામ થઈ ચૂક્યો હોય છે. ટ્રાફિકનું ભારણ ઘટાડવાના ઘરેલુ નુસ્ખા છોડી ટ્રાફિકનું યોગ્ય નિયમન થાય તેના પર ધ્યાન આપવામાં આવે તો પણ ઘણું છે. (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

શહેરમાં પુરુષ કરતાં મહિલા મતદારોની સંખ્યા વધુ

અમદાવાદ જિલ્લામાં મતદારોની સંખ્યાનો આંકડો ૫૦ લાખને પાર

અમદાવાદ,શનિવાર

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યાં છે ત્યારે ચૂંટણી પંચે મુસદ્દા મતદાર યાદી જાહેર કરી છે. અમદાવાદ જિલ્લામાં કુલ ૫,૪૩૩ મતદાન મથકો નોંધાયેલા મતદારોની કુલ સંખ્યા ૫૦ લાખની સપાટી વટાવી ગઈ છે. મતદારોની સંખ્યામાં ૨.૧૯ ટકાનો વધારો નોધાયો છે. નવા મતદારોમાં પુરુષો કરતાં મહિલા મતદારો આગળ રહી છે.

શહેર-જિલ્લામાં ૧.૦૭ લાખ મતદારો ઉમેરાયાં હવે આખરી મતદાર યાદી ૧૮મી જાન્યુઆરીએ

આખરી મતદાર યાદીમાં અમદાવાદ જિલ્લામાં કુલ ૪૯,૧૨,૫૪૮ મતદારો નોંધાયેલા હતા. તેની સામે નવેમ્બરમાં પ્રસિધ્ધ કરાયેલાં નવી મુસદ્દા યાદીમાં કુલ ૧,૦૭,૬૪૩ મતદારોનો વધારો નોંધાયો છે. નોંધપાત્ર બાબત એ છે કે પુરુષ મતદારોની સરખામણીએ મહિલા મતદારોની

સંખ્યામાં વધુ વધારો જોવા મળ્યો છે. અગાઉ પુરુષ મતદારોની સંખ્યા ૨૫,૪૬,૬૭૨ હતી જેમાં ૪૯,૯૨૦નો વધારો થયો છે જેથી હવે પુરુષ મતદારો ૨૫,૯૬,૫૯૨ થયા છે. અગાઉ ૨૩,૬૫,૬૬૫ મહિલા મતદારો હતી. જે ૫૭,૭૨૦ના વધારા સાથે હવે મહિલા મતદારની સંખ્યા ૨૪,૨૩,૩૮૫ થઈ છે.

તા. ૨૬ ડિસેમ્બર સુધી હક્ક-દાવા અને વાંધા અરજી સ્વીકારાશે જ્યારે મતદાર યાદીમાં નામ ઉમેરવા, કમી કરવા કે સુધારો કરવા માટે તા. ૨૭ નવેમ્બરથી તા. ૨૬ ડિસેમ્બર સુધીનો સમયગાળો નક્કી કરવામાં આવ્યો છે. ૧૮ વર્ષ પુર્ણ કરનારા યુવા મતદારો માટે પણ ખાસ દિવસ નક્કી કરીને અરજીઓ સ્વિકારવામાં આવશે. આખરી મતદાર યાદી હવે તા.૧૮મી જાન્યુઆરી,૨૦૨૭ના રોજ જાહેર કરાશે.

મહિલાઓએ જેસીબી આગળ બેસી જઈ સૂત્રોચ્ચાર પોકાર્યા

કાલુપુરમાં વેપારીઓ અને પોલીસના ઘર્ષણ વચ્ચે ૨૦ દુકાનોનું ડિમોલિશન

અમદાવાદ, શનિવાર

કાલુપુર રેલવે સ્ટેશનના રિડેવલપમેન્ટ માટે રસ્તો પહોળો કરવા આજે મ્યુનિ.નો એસ્ટેટ વિભાગ ૧૦૦ પોલીસ કર્મીના કાફલા સાથે ઝૂલતા મિનારા પાસે આવેલી ૨૦ દુકાનો તોડવા પહોંચ્યો હતો. ડિમોલિશન શરૂ કરાય તે પહેલાં મહિલાઓએ જેસીબી આગળ બેસી સૂત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવ્યો હતો. જો કે પોલીસ દ્વારા તેમને ખસેડી દુકાનો પર જેસીબી ફેરવી દેવાયા હતા.

કાલુપુર રેલવે સ્ટેશનના રિડેવલપમેન્ટ અંતર્ગત રસ્તો પહોળો કરવા ૧૦૦ પોલીસ કર્મચારી સાથે મ્યુનિ.નો કાફલો ત્રાટક્યો

કાલુપુર રેલવે સ્ટેશનના રિડેવલપમેન્ટના ભાગરૂપે આજે મ્યુનિ.નો એસ્ટેટ વિભાગ પાંચ જેસીબી, ૨૫ કર્મીઓ અને ૧૦૦ પોલીસ કર્મીના કાફલા સાથે ઝૂલતા મિનારા પાસે ડિમોલિશન કરવા પહોંચ્યો હતો. ત્યારે વેપારીઓ અને મહિલાઓએ સૂત્રોચ્ચાર કરી કાર્યવાહી અટકાવવાનો પ્રયાસ કરતા પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. મ્યુનિ.ના જણાવ્યા અનુસાર, આ દુકાનો આશરે ૭૦ વર્ષ અગાઉ મ્યુનિ. દ્વારા જ વેપારીઓને ભાડાપટ્ટે અપાઈ હતી. તે કોઈની માલિકીની નથી. તેમજ એક મહિના અગાઉ વેપારીઓને દુકાન ખાલી કરવા નોટિસ અપાઈ હતી. જેમાં ૧૩ વેપારીઓ દ્વારા કરાયેલી વાંધા રજૂઆતોની સુનાવણી બાદ જ ડિમોલિશનનો નિર્ણય લેવાયો હતો. બીજી બાજુ સ્થાનિક વેપારીઓનો દાવો છે કે, તેઓ દાયકાઓથી ત્યાં દુકાન ચલાવે છે.



તેમણે મ્યુનિ. પાસેથી બે દિવસનો સમય માંગ્યો હતો. પરંતુ કોઈ પણ રજૂઆત સાંભળ્યા વગર તેમની દુકાનો તોડી પડાઈ હતી. વૈકલ્પિક વ્યસ્થા આપવા વેપારીઓ દ્વારા માંગ કરાઈ છે.

વૈકલ્પિક વ્યવસ્થાની માગણી મ્યુનિ.ની પોલિસીમાં નથી : ડે. કમિશનર

અગાઉ જૂન મહિનામાં પણ દુકાનો ખાલી કરવા નોટિસ અપાઈ હતી. ત્યારે વેપારીઓ દ્વારા કોર્ટ કેસ કરાયો હતો. કોર્ટે તેમની રજૂઆતો સાંભળી યોગ્ય નિર્ણય લેવાનો હુકમ કર્યો હતો. જે મુજબ આજે ડિમોલિશનની કામગીરી હાથ ધરાઈ હતી. વૈકલ્પિક વ્યવસ્થાની તેમની માગણી મ્યુનિ.ની પોલિસીની બહાર હોવાથી તે સ્વીકારવામાં આવી નથી. વેપારીઓ દ્વારા એક-બે દિવસ અગાઉ ફરી કોર્ટ કેસ કરાયો હોવાનું સ્થાનિકો પાસેથી જાણવા મળી રહ્યું છે. - ડે. મ્યુનિ. કમિશનર, મધ્ય ઝોન

સિટી સ્કવેર જેવા દેખાડાના બદલે લોકો માટે વધુ ઉપયોગી એવા

નેહરુનગરથી ઈસ્કોન, રિંગરોડથી ઘુમાના એક હજાર કરોડના એલિવેટેડ કોરિડોર કાગળ પર

અમદાવાદ, શનિવાર

અમદાવાદ મ્યુનિ. દ્વારા નવા નાણાંકીય વર્ષના બજેટની તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. જ્યારે ચાલું નાણાંકીયના વર્ષના આયોજનો હજી બજેટ બૂકમાં જ કેદમાં છે. આ વર્ષે નેહરુનગરથી ઈસ્કોન ચાર રસ્તા અને રિંગ રોડથી બોપલથી ઘુમા સુધી રૂ.૧૦૦૦ કરોડના ખર્ચે એલિવેટેડ કોરિડોર બનાવવાનું ફૂલગુલાબી આયોજન કરાયું હતું. પરંતુ આજે ૧૦ મહિના બાદ એલિવેટેડ કોરિડોરની ડિઝાઈન પણ હજી ફાઈનલ થઈ શકી નથી! લોકોના મતે સિટી સ્કવેર કરતા આ આયોજન વધારે અગત્યનું છે.

ચાર કિમીનું અંતર કાપવામાં વેડફાતી ૨૫ મિનિટ, દરરોજ દોઢ લાખથી વધારે વાહન ચાલકોને મુશ્કેલી

આખો દિવસ ભાગતા-દોડતા સ્માર્ટ સિટીનું મ્યુનિ. તંત્ર મંથરગતિએ ચાલી પરંતુ આખું વર્ષ પૂરું થવા આવ્યું હોવા છતાં આજ દિન સુધી હજી ટેન્ડર પણ રહ્યું છે. ચાલું નાણાંકીય વર્ષના બજેટમાં રજૂ કરાયેલા કેટલાક કામ ફક્ત કાગળ પર જ રહ્યા છે. આ વર્ષે બજેટમાં નેહરુનગરથી શિવરંજની, રામદેવનગર થઈ ઈસ્કોન બ્રિજ સુધી એલિવેટેડ કોરિડોર બનાવવાનું આયોજન કરાયું હતું. તેના માટે એક હજાર કરોડની ફાળવણી પણ કરાઈ હતી. જેના માટે ઈસ્કોનથી ઈસરો સુધીના ટીપી રસ્તાને ખોલી ૪૦ મીટર જેટલો પહોળો કરવાનું નક્કી કરાયું હતું. પર પીક અવર્સમાં ચક્કાજામ સર્જાય છે. વચ્ચે આવતા ચારેક જંકશન પર લોકોએ બે-ત્રણ વખત સિગ્નલ ખુલે ત્યાં સુધી કતારોમાં ઉભા રહેવા પડે છે. ચાર કિલોમીટર કાપવા ૨૦થી ૨૫ મિનિટ લાગી જાય છે. સિટી સ્કવેર જેવા દેખાડા માટેના પ્રોજેક્ટને પ્રાથમિકતા આપી ૫૭૦ કરોડનું આંધણ કરવા અધિકારીઓ ઉતાવળા બન્યા છે. પરંતુ લોકોની હાડમારી દૂર કરવા માટે જરૂરી એવા બ્રિજ બનાવવના કામ ઝડપથી હાથ પર લેવાતા બહાર પડાયું નથી. દરરોજ દોઢેક લાખ વાહનોની અવરજવર ધારવતા આ રસ્તા પર ટેન્ડરિંગ પ્રક્રિયા કરી કમિટીઅને જનરલ બોર્ડમાં કામ મંજૂર થવામાં પાંચ-છ મહિના અને બાદમાં કોરિડોરના કામમાં અઢીથી ત્રણ વર્ષ નીકળી જશે. એટલે નજીકના ભવિષ્યમાં વાહનચાલકોને ટ્રાફિકથી છુટકારો મળશે નહીં

એસટી અને ખાનગી બસોની સતત અવર-જવરથી સર્જાતો ભારે ટ્રાફિક

પ્રહલાદનગરથી શિવરંજની વચ્ચે એસટી નિગમનું સત્તાવાર સ્ટેન્ડ છે. સૌરાષ્ટ્ર-કચ્છ તરફ આવતી-જતી તમામ બસો અહીં ઉભી રહે છે. આ સિવાય જોધપુર ચાર રસ્તા પાસે ખાનગી બસોની ઓફિસો છે. જ્યાં દિવસે અને રાત્રિના સમયે મોટી સંખ્યામાં બસોની અવરજવર રહે છે. ભારે વાહનોની અવરજવરના કારણે પીકઅવર્સમાં અસહ્ય ટ્રાફિક સર્જાય છે.

સર્વે અને ટેસ્ટ કરાયા છે, હવે ટેન્ડરની પ્રક્રિયા ચાલું : બ્રિજ પ્રોજેક્ટ વિભાગ

અમદાવાદ મ્યુનિ.ના બ્રિજ પ્રોજેક્ટના સૂત્રોના જણાવ્યા અનુસાર, નવા એલિવેટેડ કોરિડોર માટે જરૂરી સર્વે અને ટેસ્ટ કરી દેવાયા છે. હાલ હાઈબ્રિડ એન્યુટી મોડલ એટલે પીપીપી મોડલથી ટેન્ડર બનાવવાની કામગીરી ચાલી રહી છે. જેમાં હજી ૧૫ દિવસ જેટલો સમય લાગી શકે છે. ત્યારબાદ આગળની પ્રક્રિયા હાથ ધરાશે.

ટેન્ડરના બદલે સીધા સફાઈ મંડળીઓને કામ સોંપાશે

૧૮૬ WDS કેમ્પસનું સફાઈ કામ હવે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના શિરે

અમદાવાદ, શનિવાર

અમદાવાદમાં ૧૮૬ વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશનના સંચાલન અને સફાઈ મામલે એક ઝોન, એક એજન્સી મુદ્દે વિવાદ ચાલી રહ્યો છે. જો કે સંચાલન સિવાય હવે કેમ્પસની સફાઈ કામ માટે ટેન્ડર કરાશે નહીં. વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશનના પરિસરની સફાઈ કામગીરી સફાઈ મંડળીઓ પાસેથી કરાવવા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના જવાબદારી સોંપાશે.

ટેન્ડર મારફતે એજન્સીઓને કામ સોંપવું મોંઘું પડતું હોય નવી પદ્ધતિ લાગૂ કરાશે

અમદાવાદ મ્યુનિ. દ્વારા અત્યાર સુધી સાતેય ઝોનના ૧૮૬ વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશનના પરિસરની સફાઈ માટે ટેન્ડર બહાર પાડી કોન્ટ્રાક્ટરને કામગીરી સોંપવામાં આવતી હતી. જેમાં મહત્વના ફેરફાર કરવા વોટર સપ્લાય એન્ડ સુએરેજ કમિટી સમક્ષ દરખાસ્ત મુકાઈ છે. જે મુજબ ટેન્ડર બહાર પાડવાના બદલે હવે તમામ વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશનના કેમ્પસની સફાઈ કામગીરી સફાળ મંડળીઓ પાસેથી કરાવવા રજૂઆત કરાઈ છે. આ અંગે કમિટીના ચેરમેન જણાવે છે કે, ટેન્ડર મારફતે સફાઈ કામ સોંપવાથી ખર્ચ વધારે થતો હોવાનું સામે આવ્યું હતું. પરિસરની સફાઈમાં કચરો, પાંદડા વગેરે હટાવવાનું સામાન્ય કામ હોવાથી તેમને સફાઈ મંડળીઓ પાસેથી કરાવવા અંગે વિચારણા ચાલે છે.

આગામી બેઠકમાં આ કામ માટે મંડળીઓના દર નક્કી કરાશે. સફાઈ મંડળીઓ પાસેથી કામગીરી કરાવાવની જવાબદારી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના શિરે આવશે. જો કે આ ફેરફાર ફક્ત પરિસરની સફાઈ બાબતે છે. સ્ટેશનના સંચાલન અને જાળવણીનું કામ રાબેતા મુજબ ટેન્ડર બહાર પાડી એજન્સીને સોંપાશે.

અનેક સ્કૂલોની ફી વધારા દરખાસ્ત બાકી રહેતા ફરી એકવાર મુદત વધી

અમદાવાદ,શનિવાર

ખાનગી સ્કૂલોની ફી નક્કી કરવા માટેના ફી રેગ્યુલેશન એક્ટ અંતર્ગત દરેક ખાનગી સ્કૂલની ત્રણ વર્ષની ફી નક્કી કરવામા આવે છે ત્યારે આ વર્ષે નવી શરૂ થયેલી અને ફી માળખામાં ત્રણ વર્ષની મુદત પુરી થઈ હોય તેવી સ્કૂલો પાસેથી ફી કમિટી દ્વારા દરખાસ્તો મંગાવાઈ હતી. પરંતુ રાજ્યમાં વિવિધ ઝોનમાં અનેક સ્કૂલોની દરખાસ્ત હજુ પણ બાકી હોવાથી સરકારે બીજીવાર મુદત વધારી છે.જે મુજબ હવે ૩૧ ડિસેમ્બર સુધીમાં સ્કૂલોએ દરખાસ્ત કરી દેવાની રહેશે.અગાઉ નિયત મુદત ૩૦ ઓક્ટોબર હતી જે વધારીને ૩૦ નવેમ્બર કરાઈ હતી અને હવે ફરીથી મુદત વધારાઈ છે.રાજ્યમાં અમદાવાદ,સુરત,રાજકોટ અને વડોદરા એમ ચાર ઝોનની ચાર ફી કમિટીઓ છે.

કસૂરવાર વિદ્યાર્થીઓની હોસ્ટેલમાંથી આખરે હકાલપટ્ટી

રેગિંગની ત્રણ ઘટનાઓમાં વડોદરા-રાજકોટના ૧૯ વિદ્યાર્થીઓ સસ્પેન્ડ

અમદાવાદ,શનિવાર

ગુજરાતની મેડિકલ કોલેજમાં રેગીંગની ત્રણ જુદી જુદી ઘટનાઓમાં વડોદરા અને રાજકોટમાં ૧૯ વિદ્યાર્થીઓને હોસ્ટેલમાંથી હકાલપટ્ટી કરવામાં આવતાં મેડિકલ સ્ટુડન્ટ્સ વર્તુળમાં ભારે ચકચાર મચી જવા પામી છે. વડોદરાની જીએમઈઆરએસ મેડિકલ કોલેજ, ગોત્રી અને રાજકોટની પંડિત દીનદયાળ ઉપાધ્યાય મેડિકલ કોલેજમાં રેગિંગના ત્રણ અલગ-અલગ કેસમાં કુલ ૧૯ મેડિકલ વિદ્યાર્થીઓને હોસ્ટેલમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

વડોદરાની GMERS મેડિકલ કોલેજ અને રાજકોટની પંડિત દીનદયાળ ઉપાધ્યાય મેડિકલ કોલેજમાં રેગિંગ પ્રકરણમાં શિક્ષાત્મક કાર્યવાહી

રાજકોટની મેડિકલ કોલેજમાં રેગિંગની ઘટનાઓમાં ૧૪ વિદ્યાર્થીઓને એક સપ્તાહથી લઈને બે મહિના સુધીના સમયગાળા માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, જ્યારે વડોદરાની ગોત્રી સ્થિત જીએમઈઆરએસ મેડિકલ કોલેજમાં પાંચ વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

વડોદરાની જીએમઈઆરએસ મેડિકલ કોલેજમાં પ્રથમ વર્ષના એમબીબીએસ વિદ્યાર્થીઓ સાથે રેગિંગ થયાની ફરિયાદ મળ્યા બાદ ૧૨ કલાકમાં રિપોર્ટ મેળવવામાં આવ્યો હતો અને સમગ્ર ઘટનાની તપાસ માટે એન્ટી-રેગિંગ કમિટીની રચના કરવામાં આવી હતી. તપાસ દરમિયાન વિદ્યાર્થીઓના નિવેદનો પરથી કેટલાક વિદ્યાર્થીઓને માનસિક હેરાનગતિનો ભોગ બનાવવામાં આવ્યા હોવાનું સામે આવ્યું હતું. આ મામલે ત્રીજા વર્ષના પાંચ વિદ્યાર્થીઓને છ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

બીજી તરફ, રાજકોટની પીડીયુ મેડિકલ કોલેજમાં પણ રેગિંગની ફરિયાદો અંગે એન્ટી-રેગિંગ કમિટીએ તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. તપાસમાં પ્રથમ વર્ષના એમબીબીએસ વિદ્યાર્થીઓને હેરાનગતિ કરવાના મામલે બીજા વર્ષના સાત વિદ્યાર્થીઓને બે મહિના માટે હોસ્ટેલમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. અન્ય બે વિદ્યાર્થીઓને એક મહિના માટે અને પાંચ વિદ્યાર્થીઓને બે સપ્તાહ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

ગોત્રી જીએમઈઆરએસ મેડિકલ કોલેજમાં બુધવારે રાત્રે ફટાકડા ફોડવા અંગેના વિવાદ બાદ ત્રણ વિદ્યાર્થીઓને સાથી વિદ્યાર્થીઓ દ્વારા માનસિક હેરાનગતિ કરવામાં આવી હોવાનું સામે આવતાં કોલેજના ડીન તેમજ નેશનલ મેડિકલ કમિશન સમક્ષ ફરિયાદ થઈ છે. રાજ્યના આરોગ્યમંત્રીએ રેગીંગના મુદ્દે વલણ સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે, રેગિંગ સામે સરકાર ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી રહી છે અને આવી પ્રવૃત્તિ કરનાર વિદ્યાર્થીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. વિદ્યાર્થીઓએ પોતાની વર્તણૂક સુધારવી જોઈએ, અન્યથા તેમને સજા ભોગવવી પડશે. અગાઉ રેગિંગના કેસોમાં સસ્પેન્શનનો સમયગાળો એકથી બે વર્ષ સુધીનો રહેતો હતો, પરંતુ હવે તે બે મહિના થી છ મહિના સુધીનો કરવામાં આવ્યો છે. આવી શરમજનક ઘટનાઓને સંપૂર્ણપણે અટકાવવા માટે દરેકે રેગિંગ નહીં કરવાની પ્રતિજ્ઞા લેવી જરૂરી છે.

જાહેર નોટિસ

જત ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ-૩ (મેમનગર)ના સાબરમતી તાલુકાના મોજે ગામ શેખપુર-ખાનપુરની સીમના ટી.પી.સ્કીમ નં. ૩ વેરીડના ફા.પ્લોટ નં. ૨૪૨ વિગેરેની જમીન ઉપર ધી સ્વસ્તિક કો.ઓ.હા.સો.લી. (સ્વસ્તિક સોસાયટી)ના નામથી ઓળખાતી સોસાયટી આવેલ છે તેના પ્લોટ નં. ૭૩ની જમીન ઉપર એમ સ્કવેર ના નામથી ઓળખાતી યોજના આવેલ છે તેમાં આવેલ ફલેટ નં. એ/૧ (પ્રથમ માળ) વાળી ૧૦૩ ચો.વાર યાને ૮૬.૧૨ ચો.મી.ના બાંધકામવાળી મીલકત અમારા અસીલ પંકજકુમાર શારદા તે લલિત મોહન શારદાના પુત્ર એ પોતાની માલીકી, કબજા, ભોગવટાની હોવાનું જણાવી તેમજ તમામ પ્રકારના બોજાઓથી મુક્ત હોવાનું જણાવી અમારી પાસે સદરહું મીલકતના ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે જેથી સદરહું મીલકત ઉપર કોઇપણ વ્યકિત, પેઢી, સંસ્થા કે બેંકનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત-હિસ્સો, સબંધ, બોજો યા ચાર્જ પોશાતો હોય તો દિન-૭માં પુરાવા સહીત લેખીતમાં નીચેના સરનામે લેખીત જાણ કરવી, અન્યથા મુદતે વિતે ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઇસ્યુ કરવામાં આવશે.

અમદાવાદ.
તા. ૨૮.૧૧.૨૦૨૬

ધનરાજ જે. ખોસલા, એડવોકેટ
ઠેકાણું: પંજાબ ભવન, પોલીસ કમિશ્નર કચેરીની પાછળ, શાહીબાગ, અમદાવાદ. મો.નં. 8238757759

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-રિસ્ટ્રીકટ અમદાવાદ-૧૧ (અસલાલી) ના તાલુકા વટવાના ગામ મોજે વટવાની સીમના સર્વે નંબર- ૨૮૩ પૈકીની કુલ ૧૦૧૧૭ચોરસમીટર જમીનનો ટી.પી. સ્કીમ નંબર-૧૨૮ (વટવા-અસલાલી) માં સમાવેશ થતા તેને ફાળવવામાં આવેલ ફાઇનલ પ્લોટ નંબર-૧૪૮ ની કુલ ૬૦૭૦ ચોરસમીટરના ક્ષેત્રફળની રહેણાંકના હેતુની બિનખેતીની જમીનના અગાઉના માલિકો અને કબજેદારો (૧) જયસુખભાઇ ઉર્ફે જયેશભાઇ રવજીભાઇ ડોબરીયા (વ.વ.૫૦%ના હિસ્સેદાર) (૨) બાબુભાઇ પોપટભાઇ શીંગાળા (વ.વ.૨૫%ના હિસ્સેદાર) તથા (૩) ચતુરભાઇ બાબુભાઇ પટેલ (મેશીયા) (વ.વ.૨૫%ના હિસ્સેદાર) પાસેથી અમારા અસીલ 'GIRIRAJ REALITY" એ નામની ભાગીદારી પેઢીએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ છે. આ વેચાણ દસ્તાવેજ મહે.અમદાવાદ-૧૧ (અસલાલી)ના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૨૫૬૪૭ થી તારીખ ૦૫-૧૧-૨૦૨૬ ના રોજથી નોંધાયેલ છે અને આ વેચાણ દસ્તાવેજના આધારે ઉપરોક્ત જમીન અમારા અસીલની સંપૂર્ણપણે સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી ભાગીદારી પેઢીના ભાગીદારોએ અમારી પાસેથી સદરહુ જમીનના ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઇનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઇપણ વ્યક્તિનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઇલ નંબર-૧૦૪૫૪
તારીખ ૨૯-૧૧-૨૦૨૬

શરદ એન. દરજી
(એડવોકેટ એન્ડ નોટરી)
(એમ.કોમ., એલ.એલ.બી.)
ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦

જાહેર નોટિસ

મોજે-ગરોડીયા

જત ડીસ્ટ્રીકટ અમદાવાદના રજીસ્ટ્રેશન સબ-રિસ્ટ્રીકટ અને તાલુકા-સાણંદ ના મોજે ગામ-ગરોડીયાના નવા સર્વે/બ્લોક નં-૪૫૩ (જુના સર્વે નં-૨૩૭/૧/૨) વિગેરેની રહેણાંકીય હેતુવાળી બીનખેતીની જમીન પર આવેલ "હર્ષ કો. ઓ. હા. સો. લી." કે જે " અકલ્પ્ય " ના નામથી ઓળખાય છે તેમાં આવેલ સબ-પ્લોટ નંબર-ડી-૧૨ ની આશરે ૫૯૬ ચો.વાર યાને કે ૪૯૮.૦૫ ચો.મી. ની રહેણાંકના હેતુની બિનખેતીની ખુલ્લી જમીન/પ્લોટ વાળી મીલકત કિરનબેન વિજયકુમાર જૈન એ તેમની કુલ સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટાની તથા તમામ બોજાઓ રહીત હોવાનું જણાવીને તેમજ અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરીને અમારી પાસેથી ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ મીલકત ઉપર કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, બાનાખત, લોન વિગેરે હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના અસલ પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહીં આવે તો સદરહુ મીલકત ઉપર અન્ય કોઇપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તકરાર ચાલશે નહીં. ત્યારબાદ વેચાણ અંગેની તમામ કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે. જેની જાહેર જનતાએ ખાસ નોંધ લેવી.

હરેશકુમાર બી.પટેલ (એડવોકેટ)
ધ્રુવ દિપકભાઈ પટેલ (એડવોકેટ)
ઓ.૩, પ્રથમ માળ, ઓમકાર કોમ્પલેક્ષ, સ્ટર્લીંગસીટી ગેટની બાજુમાં, બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮
મો.૮૧૨૮૭૬૯૯૮૮

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-રિસ્ટ્રીક્ટ અમદાવાદ - ૧૨ (નિકોલ) ના તાલુકા દશક્રોઈ ના મોજે હુકા ની સીમના ખાતા નં.૩૯૪ માં ચાલતા રિ-સર્વે/બ્લોક નં.૭૯/૦૦૩ (જુના સર્વે નં. ૪૫) ની ૦-૬૦-૮૦ હે.આરે.ચો.મી., આકાર રૂા.૪.૨૪ પૈસાના ક્ષેત્રફળવાળી જુની શરતની ખેતીની જમીન પૈકી ૦-૪૭-૫૬ હે.આરે.ચો.મી. જમીન સુરસંગજી અભેસીંગ ઠાકોર, કાળીબેન સુરસંગજી ઠાકોર, મંજુલાબેન સુરસંગજી ઠાકોર, ગંગાબેન સુરસંગજી ઠાકોર, કાળાજી સુરસંગજી ઠાકોર, મેલાજી સુરસંગજી ઠાકોર નાઓની તથા ૦-૧૩-૨૪ હે.આરે.ચો.મી. જમીન રમેશભાઈ મનુભાઈ પટેલની માલિકી સહકબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

દિનેશ બી. પટેલ, એડવોકેટ
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફ્લોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ - ૩૮૦૦૪૯. મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ મહેસાણા, સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકે કડીના મોજે-યશવંતપુરાની સીમમાં આવેલ જુના સર્વે નંબર - ૧૪૪ પૈકી ૨ જેના રી-સર્વે મુજબ નવા સર્વે નંબર - ૨૩૭ ક્ષેત્રફળ ૧૭૮૧૯ સમચોરસમીટર (ખાતા નંબર - ૫૦૬) પૈકી ક્ષેત્રફળ ૯૯૭૯ સમચોરસમીટરની જુની શરતની ખેતીની જમીન (૧) અદિતિ મંગળભાઈ પટેલ તથા (૨) સોનલ ઉત્પલભાઈ શાહ બંને ઠેકાણુ અમદાવાદનાંએ તેઓની માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલ હોવાનુ જણાવી અમારી પાસે ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદર જમીનમાં કોઇનો હક્ક, હિત, હિસ્સો આવેલ હોય તો દિન-૭ (સાત) ની અંદર પ્રમાણીત પુરાવા સહીત રજી.એ.ડી.થી જાણ કરવી (પુરાવા વગરના વાંધાઓ ધ્યાને લેવામાં આવશે નહી) અને જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો કોઇનો હક્ક, હિત, સબંધ નથી અને હોય તો તે

હાઈકોર્ટની ચીમકીથી પોલીસે નિવૃત્ત જજના અપહરણની FIR નોંધી

ગૂમ થયેલા નિવૃત્ત જજની ત્રણ વર્ષથી તપાસ પરંતુ પોલીસ શોધી શકી નથી

અમદાવાદ,શુક્રવાર

અમદાવાદ મેટ્રોપોલીટન કોર્ટમાં એક સમયે એડિશનલ ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ તરીકે ફરજ બજાવતાં ગુજરાતના એક નિવૃત્ત જજ રાજેશભાઈ વિનોદરાય ઓઝાના ગુમ થવાના પ્રકરણમાં પોલીસે શકય તમામ તપાસ કરી હોવાના દાવા કર્યા હતા અને જણાવ્યું કે, નિવૃત્ત જજની પુત્રીની જાણવા જોગની એન્ટ્રી બાદ પોલીસે હોટલ-રેસ્ટોરન્ટ્સ, ભિક્ષુક ગૃહો, સિવિલ હોસ્પિટલ, મેન્ટલ હોસ્પિટલ, એસ.ટી કે રેલ્વે સ્ટેશન સહિતના તમામ સંભવિત સ્થાનો પર તપાસ કરી હતી. સગાવ્હાલા અને નજીકના માણસોને પણ પૂછપરછ કરવાની સાથે સાથે સીઆઇડી ક્રાઇમ સહિતની એજન્સીઓમાં પણ તપાસ કરી હતી પરંતુ પોલીસના આ દાવાઓ છતાં આજે ત્રણ વર્ષ બાદ પણ પરિણામ એ છે કે, નિવૃત્ત જજ શોધી શકાયા નથી. છેલ્લા ત્રણ વર્ષથી રહસ્યમય સંજોગોમાં ગુમ નિવૃત્ત જજના કેસમાં ગુજરાત હાઈકોર્ટના સવાલોને પગલે પોલીસે આજે અપહરણની વિધિવત્ ફરિયાદ દાખલ કરી હતી.

મા-બાપ વિના નિરાધાર બનેલી ૨૦ વર્ષની દીકરીને પિતા આટલા લાંબા સમય સુધી લાપતા રહેતાં કંઈક અજુગતુ બન્યુ હોવાની શંકા

બીજીબાજુ, નિવૃત્ત જજના ગુમ થવાના કેસની ઝીણવટભરી તપાસમાં કેટલાક ચોંકાવનારા, સંવેદનશીલ અને હૃદયદ્રાવક ખુલાસાઓ સામે આવ્યા છે. ૨૦૨૨ના રોજ મૃત્યુ પામ્યા હતા. પત્નીના નિધનને પગલે નિવૃત્ત જજ ભારે ડિપ્રેશનમાં જતા રહ્યા હતા અને ઘરમાંથી જતા રહ્યા હતા. જો કે, એ વખતે એક પરંતુ એક મહિના બાદ પણ પરત નહી ફરતાં મા-બાપ વિના નિરાધાર થઈ ગયેલી પુત્રીએ શાહીબાગ પોલીસમથકનો સંપર્ક કરતાં પોલીસે તા.૧૨-૧૦-૨૦૨૩ના રોજ આ મામલે જાણવા જોગ એન્ટ્રી કરી હતી પરંતુ આજે ત્રણ વર્ષ બાદ પણ પોલીસ નિવૃત્ત જજને શોધી શકી નથી. આખરે પોલીસની નિષ્ફળતાને પગલે પુત્રીએ પોતાના પિતાને પાછા મેળવવા ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી છે. પુત્રીના મતે, તેના પિતા સાથે કંઈક અજુગતુ થયુ છે જેને લઈને તે ચિંતાતુર છે. તે કોઈપણ ભોગે પોતાના પિતાને પાછા મેળવવા માંગે છે.

હાલ પુત્રી એકલી અટૂલી પીજીમાં રહે છે અને પોતાની સુરક્ષા અને સલામતીના પ્રશ્નને લઈને ચિંતિત છે. તેના માતા-પિતાના આઘાતમાંથી બહાર આવતાં તેને ચાર-પાંચ વર્ષ લાગી ગયા છે અને હવે તે નવો કોઈ આઘાત સહન ના કરવો પડે તેની બીકમાં માંડ માંડ જીવી રહી છે.

નિવૃત્ત જજના પેન્શનને લઈ દિકરીને કાનૂની લડત લડવી પડશે

નિવૃત્ત જજના પેન્શનને લઈને પણ દિકરીને આગામી દિવસોમાં કાનૂની લડત લડવી પડશે કારણ કે, નોકરીના પેન્શનના પૈસા જે એકાઉન્ટમાં જમા થયેલા હોય તેના માટે દાવો કરવા માટે સિવિલ ડેકલેરેશન સહિતની કાર્યવાહી કરવી પડશે. જો કે, નિયમ મુજબ, તેની ઉમંર ૨૫ વર્ષ કરતાં ઓછી હોવાથી સરકારની પેન્શન યોજનામાંથી તેને ૪થા ભાગનું પેન્શન મળવાપાત્ર બને અને તેથી તે માટે પણ કાર્યવાહી કરવાની થશે.

પિતાના ગૂમ થયા બાદ ભાડાનું મકાન પુત્રીને ખાલી કરવું પડયું

નિવૃત્ત રાજેશભાઈ ઓઝા રહસ્યમય સંજોગોમાં ગુમ થયા બાદ પહેલેથી જ માતાને પણ ગુમાવી ચૂકેલી પુત્રીને ભાડાનું મકાન ભાડાના પૈસા વગર ખાલી કરવાની ફરજ પડી હતી. શરૂઆતના દિવસોમાં તો તેણે ઘરનો કેટલોક સામાન વેચીને પણ દિવસો કાઢયા હતા. જો કે, પછી ભાડાના પૈસા ચૂકવવાની સ્થિતિ જ નહી રહેતાં તેને મકાન ખાલી કરવું પડયુ હતું. હાલ દિકરી સોશ્યલ મીડિયામાં કન્ટેન્ટ-વીડિયો એડિટીંગ કરીને કે છૂટક આવી પ્રવૃત્તિ કરીને પોતાનું ગુજરાન જેમ તેમ ચલાવી રહી છે. આઘાતજનક વાત એ છે કે, આ દિકરી પર સમયની આટલી કારમી થપાટો વાગી પરંતુ સગાવ્હાલા કે કોઈએ તેને મદદ સુધ્ધાં કરી નથી કે તેની શૈક્ષણિક કારકિર્દી બચાવવા પણ આગળ આવ્યા નહી.

નિવૃત્ત જજની પાસે મોબાઈલ કે, પાસપોર્ટ પણ નથી

નિવૃત્ત જજના કેસમાં કેટલીક એવી વાતો છે કે, આજના આધુનિક યુગમાં વિચાર કરતા કરી મૂકે તેવી છે. એક તો, પોતે જજ હોવાછતાં ભાડાના મકાનમાં રહેતા હતા, તેઓ મોબાઈલ પણ ઉપયોગ કરતા ન હતા કે, પાસપોર્ટ પણ ધરાવતા ન હતા. ઘરેથી નીકળ્યા ત્યારે પણ તેઓ મોબાઈલ લઈ ગયા ન હતા., જેના કારણે પોલીસને તેમને શોધવામાં મુશ્કેલી નડી રહી છે. જો કે, હવે આ કેસમાં હાઈકોર્ટની દરમ્યાનગીરીને પગલે એફઆઈઆર દાખલ થયા બાદ પોલીસ વધુ અસરકારકતા સાથે પરિણામલક્ષી તપાસ કરે તેવી તેની પુત્રી આશા રાખી રહી છે કે જેથી તેના જીવનનો એક માત્ર સહારો તેના પિતા તેને પાછા મળે.

નિવૃત્ત જજની પુત્રીને ધો-૧૦માં ૯૭ ટકા પછી અભ્યાસ પણ છોડવો પડયો

આ કેસમાં સૌથી ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે, નિવૃત્ત જજની ૨૦ વર્ષીય પુત્રી જે અભ્યાસમાં ખૂબ તેજસ્વી અને હોશિયાર છે અને ધોરણ-૧૦માં ૯૭ ટકા માર્કસ મેળવ્યા હતા., તેની કૌટુંબિક સંજોગો, કુદરતની થપાટ અને સમયના ચક્રમાં ઉજ્જવળ કારકિર્દી રોળાઈ ગઈ અને તેણે અભ્યાસ છોડી દેવો પડયો. એટલું જ નહી, આ નિવૃત્ત જજ પાસે પોતાનું ખુદનુ માલિકીનું મકાન પણ નહોતુ અને તેઓ ભાડાના મકાનમાં રહેતા હતા, તેમના ગુમ થયા બાદ દિકરીને પણ ઘરવિહોણાં બનવું પડયું છે.

પિતાની ભાળ માટે દીકરીએ પોતાના ખર્ચે અખબારમાં જાહેરાત આપી હતી

પિતાને ગુમ થયે એક વર્ષ વીતી જતાં દિકરીએ પોતાના ખર્ચે અખબારમાં પોતાના પિતા અંગે લાપતા વ્યકિતની જાહેરાત પ્રસિધ્ધ કરાવી હતી. જેમાં ભાળ મેળવી આપનારને રૂ.પાંચ હજારનું ઈનામ આપવાની પણ જાહેરાત કરવામાં આવી હતી.

નિવૃત્ત જજ રાજેશભાઈ ઓઝા અમદાવાદની મેટ્રોપોલીટન કોર્ટમાંથી એડિશનલ ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ તરીકે તા.૩૦-૯-૨૦૧૬ના રોજ નિવૃત્ત થયા હતા. બીજીબાજુ, તેમની પત્ની પણ કેન્સરની બિમારીના કારણે તા.૨-૧૨-૨૦૨૨ના રોજ મહિના બાદ ઘરે પરત ફર્યા હતા. પત્નીના નિધન બાદ પિતા-પુત્રી બે એકલા જ એકમેકના ટેકા અને હુંફથી જીવતા હતા. માતાના નિધન બાદ પિતા-પુત્રી એકબીજાની વધુ નજીક આવ્યા હતા અને ખૂબ સારસંભળા રાખતા હતા.

પરંતુ ગત તા.૧-૯-૨૦૨૩ના રોજ નિવૃત્ત જજ રાજેશભાઈ ઓઝા પોતાના ઘરેથી અચાનક ફરીથી નીકળી ગયા હતા

હાંસોલ પાસે મધરાતે ડિવાઈર સાથે કાર અથડાતા અકસ્માત

મિત્રને એરપોર્ટ મૂકવા જતી વખતે કાર પલટી, ફિઝિયોથેરાપીસ્ટનું મોત

અમદાવાદ, શનિવાર

વિદેશ જતા મિત્રને એરપોર્ટ મૂકવા જતાં કાર ડિવાઈર સાથે અથડાયા બાદ પલટી ખાઈ ગઈ હતી જેમાં ફિઝીયોથેરાપિસ્ટની પ્રેકટીસ કરતા યુવકનું મોત થયું હતું. જ્યારે બે યુવકો ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત બાદ કાર ચાલક ભાગી ગયો હતો. જો કે વિદેશ જતો યુવક પરિવાર સાથે બીજી કારમાં આવતો હતો. આ બનાવ અંગે ટ્રાફિક પોલીસે ગુનો નોંધી કાર ચાલકને પકડવાની કાર્યવાહી હાથ ધરી છે.

વિદેશ જતો મિત્ર પરિવાર સાથે બીજી કારમાં આવતો હતો : ઈજાગ્રસ્ત બે મિત્રોને મૂકીને કાર ચાલક ફરાર

ચાંદખેડામાં આઈ.ઓ.સી.રોડ ઉપર કૃપા સાગર સોસાયટીમાં રહેતા જયેન્દ્ર રાઠોડ (ઉ.વ.૩૫)એ ટ્રાફિક જી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં સ્કોડા કારના ચાલક યશભાઈ સામે ફરિયાદ નોંધાવી છે કે ફિઝીયોથેરાપિસ્ટની પ્રેકટીસ કરતા તેમના નાના ભાઈ મયુર આઝાદ (ઉ.વ.૩૨) ગઈકાલે રાતે તેમના મિત્ર વિદેશ જતા હોવાથી તેને એરપોર્ટ મૂકવા જવાનું કહીને ચાંદખેડા ગયો હતો.

યુવક અને તેના ચાર મિત્રો કારમાં અરપોર્ટ જતા હતા આ સમયે વિદેશ જતો મિત્ર પરિવાર સાથે બીજી કારમાં આવતો હતો. કાર ફરિયાદીના ભાઈના મિત્ર યશ કાર પૂર ઝડપે હંકારતા મધરાતે હાંસોલ પાસે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવી બેસતાં કાર ડિવાડર સાથે અથડાયા બાદ પલટી ખાઈ ગઈ હતી,જેમાં સવાર ફરિયાદીના નાના ભાઈ મયુરભાઈને માથામાં ગંભીર ઈજા થતાં સ્થળ ઉપર મોત થયું હતું. જ્યારે ઈજાગ્રસ્ત બે યુવકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

પૂરતી ટ્રેન ન મળતા ફેઝ-૨ લાઈન પર ભીડનું ભારણ

મેટ્રો ફેઝ-૨ માટે અમદાવાદને ૧૦માંથી હજુ બે ટ્રેન જ મળી

અમદાવાદ, શનિવાર

અમદાવાદ મેટ્રોના ફેઝ-૨માં મુસાફરોને વધુ ટ્રેનની સુવિધા મળવાની રાહ લંબાઈ રહી છે. મુસાફરોની અવરજવર અને મેટ્રો નેટવર્કના વિસ્તરણને ધ્યાનમાં રાખી જીએમઆરસીએ ફેઝ-૨ માટે ૧૦ નવા ટ્રેન સેટ ખરીદવાનો નિર્ણય કર્યો હતો. જોકે, નિર્ધારિત સમયમર્યાદા વીતી જવા છતાં અત્યાર સુધી માત્ર બે જ ટ્રેન અમદાવાદ પહોંચી છે. રૂ.૩૫૦ કરોડના ખર્ચે ખરીદવામાં આવનારી બાકીની આઠ ટ્રેન ક્યારે મળશે અને મેટ્રો સેવામાં ક્યારે જોડાશે તે અંગે સ્થિતિ સ્પષ્ટ નથી.

૧૦ ટ્રેન સેટ તૈયાર કરવા ૨૦૨૫ની સમયમર્યાદા સાથે રૂપિયા ૩૫૦ કરોડનો કોન્ટ્રાક્ટ અપાયો હતો

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા ઓગસ્ટ ૨૦૨૩માં ટિટાગઢ રેલ સિસ્ટમ્સને ૧૦ ટ્રેન સેટ તૈયાર કરવાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. ત્રણ કોચ ધરાવતા એક ટ્રેન સેટ મુજબ કુલ ૩૦ કોચ તૈયાર કરવાના હતા. આ માટે રૂ.૩૫૦ કરોડનો ખર્ચ નક્કી કરાયો હતો. કરાર મુજબ જૂન ૨૦૨૫ સુધીમાં તમામ ટ્રેનની ડિલિવરી થવાની હતી. જોકે, સમયમર્યાદા પૂર્ણ થયાને લાંબો સમય વીતી ગયો હોવા છતાં બે જ ટ્રેન અમદાવાદ પહોંચી છે. બાકીની આઠ ટ્રેનની ડિલિવરીમાં વિલંબ થયો છે. ટ્રેનનું પરીક્ષણ, મંજૂરી અને ત્યારબાદ મુસાફર સેવા માટેની કામગીરી પૂર્ણ થયા પછી જ તેનો ઉપયોગ થઈ શકશે. મેટ્રો ટ્રેનની સંખ્યા વધવાથી મુસાફરોને રાહ જોવાનો સમય ઘટવાની સાથે પીક અવર્સમાં ભીડનું ભારણ પણ ઓછું થવાની અપેક્ષા છે. જોકે, નિર્ધારિત સમયમર્યાદા પૂર્ણ થયા બાદ પણ આઠ ટ્રેનની ડિલિવરી બાકી હોવાથી મુસાફરોને નવી ટ્રેનોની સુવિધા માટે હજુ રાહ જોવી પડી શકે છે. હવે બાકીની ટ્રેન ક્યારે અમદાવાદ પહોંચશે, ડિલિવરીમાં વિલંબ થવાનું કારણ શું છે અને તમામ ટ્રેન મુસાફર સેવા માટે ક્યારથી ઉપલબ્ધ થશે તે અંગે જીએમઆરસીએ સ્પષ્ટતા કરવી જરૂરી બની છે.

દેશની ૨૨ IIM અને ૧૦૦ બિઝનેસ સ્કૂલોમાં પ્રવેશ માટે

આજે ગુજરાતના ૧૩ હજારથી વધુ ઉમેદવારો CATની પરીક્ષા આપશે

અમદાવાદ,શનિવાર

દેશભરની ૨૨ ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ અને ટોપ બિઝનેસ સ્કૂલો સહિતની ૧૦૦ કોલેજોમાં પ્રવેશ માટે આવતીકાલે રવિવારે કોમન એડમિશન ટેસ્ટ એટલે કે કેટ લેવામા આવશે. આ વર્ષે ઉમેદવારોની સંખ્યા ઘટતા દેશભરમાંથી ૨.૮૪ લાખ ઉમેદવારો નોંધાયા છે.જેમાં ગુજરાતના ૧૩ હજારથી વધુ ઉમેદવારો છે.

ગુજરાતના ૭ શહેરોમાં ૧૧ કેન્દ્રોમાં પરીક્ષાઃ ડમી ઉમેદવારને રોકવા પ્રથમવાર એઆઈ બેઝ ફેસ સ્કેનિંગ

આગામી શૈક્ષણિક વર્ષમાં દેશની વિવિધ આઈઆઈએમ અને ટોપ બિઝનેસ સ્કૂલોમાં પ્રવેશ માટેની કોમન એડમિશન ટેસ્ટ આવતીકાલે રવિવારે ૨૯ નવેમ્બરે લેવાશે. દર વર્ષે નવેમ્બરમાં લેવાતી કોમન એડમિશન ટેસ્ટ દર વર્ષે જુદી જુદી આઈઆઈએમ દ્વારા કન્ડક્ટ કરવામા આવે છે ત્યારે આ વર્ષેઆઈઆઈએમ ઈન્દોર દ્વારા આ પરીક્ષા લેવામા આવી રહી છે. આ વર્ષે ઉમેદવારોની સંખ્યા ઘટતા દેશભરમાંથી ૨.૮૪ લાખ ઉમેદવારો નોંધાયા છે.ગત વર્ષે ૨.૯૫ લાખ ઉમેદવારો નોંધાયા હતા અને અંદાજે ૨.૫૮ લાખ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી.

આ વર્ષે કેટના સેન્ટરોની સંખ્યા ઘટાડવામા આવતા દેશના ૩૦૭ કેન્દ્રોમાં કેટ પરીક્ષા લેવાશે. જો કે સેન્ટરોની કેપિસિટી વધારવા આવી છે એટલે કે દરેક સેન્ટરોમાં ઉમેદવારોની ગત વર્ષ કરતા સરેરાશ વધુ હશે. ગુજરાતમાં ૭ શહેરોમાં ૧૧ કેન્દ્રોમાં પરીક્ષા લેવાશે અને ગુજરાતમાંથી પણ ઉમેદવારો થોડા ઘટતા ૧૩ હજારથી વધુ ઉમેદવારો નોંધાયા છે. આવતીકાલે રવિવારે ત્રણ સ્લોટમાં કેટ પરીક્ષા લેવાશે. જેમાં સવારે સાડા આઠથી સાડા દસ અને ત્યારબાદ સાડા બારથી અઢી અને ત્યારબાદ સાડા ચારથી સાડા છ સુધી પરીક્ષા લેવાશે. પરીક્ષાને લઈને આઈઆઈએમ ઈન્દોરના સીનિયર પ્રોફેસર અને કેટ કન્વીનર પ્રાત. આદિત્ય બિલ્લોરેએ જણાવ્યુ હતું કે ગત વર્ષ કરતા સેન્ટરો ઘટ્યા છે અને દર વર્ષની જેમ બાયોમેટ્રિક સીસ્ટમ રહેશે પરંતુ તે ઉપરાંત આ વર્ષે પ્રથમવાર ફેસ રેક્ગાનાઈઝેશન સીસ્ટમ પણ રાખવામા આવી છે.જેથી એક જેવા ભળતા ચહેરા ધરાવતા કોઈ ઉમેદવાર ન આવે અને ગેરરીતિ પકડી શકાય. આ વર્ષે ૨૨ આઈઆઈએમ અને ૧૦૦ જેટલી બિઝનેસ સ્કૂલોમાં પ્રવેશ માટે કેટ લેવાઈ રહી છે. કેટનું પરિણામ ડિસેમ્બરના અંત કે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં જાહેર કરવામા આવશે. કેટની પેપર પેટર્ન મુજબ ૧૨૦ મીનિટની પરીક્ષા અને ૬૮ પ્રશ્નો રહેશે.જેમાં કુલ ૨૦૪ માર્ક્સ હશે.

સિનિયર આઈપીએસ સાથે વિવાદ થતા પોલીસમાં મામલો પહોંચ્યો

વિષ્ણુ ચૌધરીએ રાજકીય વ્યક્તિના પુત્રની ભાગીદારીમાં ન્યુઝ ચેનલ શરૂ કરી હતી

અમદાવાદ,શનિવાર

સાબરમતીમાં આવેલા યુજીવીસીએલના પોલીસ કર્મચારી વિરૂદ્ધની તપાસમા પતાવટ કરવાના મામલે વિષ્ણુ ચૌધરી અને તેના પુત્ર આકાશ ચૌધરી વિરૂદ્ધ રૂપિયા ૫૦ લાખની છેતરપિંડીની ફરિયાદ અને ત્યારબાદ અન્ય બે બીજા ગુના પણ દાખલ થયા છે. ત્યારે એક ચોંકાવનારી વિગતો સામે આવી છે કે તેણે ગાંધીનગર પોલીસ ભવનમાં આશરે એક વર્ષ પહેલા મોટા હોદા પર રહેલા સિનિયર આઈપીએસ સાથે પોલીસ કર્મચારી વિરૂદ્ધની અરજીની પતાવટ માટે ડીલ કરી હતી. જે ડીલમાં વિવાદ થતા આઈપીએસ સાથે મનદુખ થયુ હતું . જેના પગલે સમગ્ર મામલો કાઈમબ્રાંચમાં પહોચ્યો હતો. વિષ્ણુ ચૌધરી પોલીસ અધિકારીઓના બિન હિસાબી નાણાંને રિયલ એસ્ટેટમાં મોટાપાયે રોકાણ કરાવીને વળતર મેળવતો હતો અને તેના બદલામાં તે કમિશન મેળવતો હતો. આશરે ૧૩ વર્ષ પહેલા તેણે ગુજરાતના એક રાજકીય નેતાના પુત્ર સાથે ભાગીદારીમાં ન્યુઝ ચેનલ પણ શરૂ કરી હતી.

પોલીસ અધિકારીઓના બિન હિસાબી નાણાંને મોટા પ્રમાણમાં રિયલ એસ્ટેટમાં રોકાણ કરતો હતોઃ આરોપીના ઘર અને ઓફિસમાં તપાસ

અમદાવાદના સાબરમતીમાં આવેલી યુજીવીસીએલ પોલીસ સ્ટેશનમાં નોકરી પોલીસ કોન્સ્ટેબલ વિરૂદ્ધ અરજી થતા ઉચ્ચ કક્ષાએ તે અંગે તપાસ કરવાના કેસમાં રૂપિયા ૫૦ લાખ લઈને પતાવટ કરી આપવાના કેસમાં થલતેજમાં રહેતા વિષ્ણુ ચૌધરી ઉર્ફે એન ડી ચૌધરી અને તેમના પુત્ર આકાશ ચૌધરી વિરૂદ્ધ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન અને આર્થિક ગુના નિવારણ શાખામાં વધુ બે ફરિયાદ નોંધાઈ છે. ત્યારે હજુ પણ ત્રણ થી ચાર અરજીઓ પર તપાસ ચાલી રહી છે. સુત્રોના જણાવ્યા મુજબ વિષ્ણુ ચૌધરી માત્ર તેના ચૌધરી સમાજમાં જ નહી પણ ભાજપમાં પણ સક્રિય રહેતો હતો. જેમાં તેણે મોટા નેતાઓ સાથે મળીને તે સામાજિક રીતે મોટુ કામ કરતો હોવાનો ઢોંગ કરીને રોફ જમાવતો હતો. સાથેસાથે આરએસએસના નેતાઓ સાથે ફોટો પડાવીને બધા પર પ્રભાવ પાડતો હતો.

સૌથી ચોંકાવનારી બાબત એવી પણ સામે આવી છે કે વિષ્ણુ ચૌધરી સિનિયર આઈપીએસ અધિકારીઓ સાથે પીઆઈની બદલી અને પ્રમોશનની ડીલ કરીને નક્કી થતી રકમમાં પોતાનું ૨૦ થી ૨૫ ટકા કમિશન મેળવતો હતો. પીજીવીસીએલના પોલીસ સ્ટેશનના કર્મચારીના કેસમાં તેણે એક સિનિયર આઈપીએસને ૪૦ લાખ રૂપિયા આપ્યા હતા અને ૧૦ લાખ પોતાનું કમિશન લીધું હતું. પરંતુ, કોઈ કારણસર કામ સમય મુજબ ન થતા તેને સિનિયર આઈપીએસ અધિકારી સાથે વિવાદ થયો હતો. આ ઘટના બન્યા બાદ સિનિયર આઈપીએસ અધિકારીના દબાણથી વિષ્ણુ ચૌધરી અને તેના પુત્ર વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ હતી.

છેલ્લાં ઘણા વર્ષોથી વિષ્ણુ ચૌધરીએ પોલીસ અધિકારીઓના બિનહિસાબી નાણા રિયલ એસ્ટેટમાં રોકાણ કરતો હતો. તેના પર મળતા નફામાંથી પણ પોતાનું કમિશન મેળવતો હતો. આ ઉપરાંત, તેણે ગુજરાતના એક મોટા ગજાના રાજકીય વ્યક્તિના પુત્ર સાથે ભાગીદારી કરીને ન્યુઝ ચેનલ પણ શરૂ કરી હતી. જેના દ્વારા તે લોકો પર પોતાનો પ્રભાવ પાડીને કામ કઢાવવા ઈચ્છતો હતો. પરંતુ, ન્યુઝ ચેનલનો પ્રોજેક્ટ લાંબો સમય ચાલી શક્યો નહોતો.

પાલડીમાં મોબાઈલ ફોનની લૂંટ કરી બેંક એકાઉન્ટમાંથી નાણાંની ઉચાપત

અમદાવાદ,શનિવાર

પાલડી મહાલક્ષ્મી ચાર રસ્તા પાસે આવેલા મહાવીર ટાવરમાં રહેતો ભાવીન શાહ થોડા દિવસ પહેલા રાતના સમયે તેના મિત્ર સાથે ચાલવા નીકળ્યો હતો. ત્યારે ફોન પર વાત કરતા સમયે બાઈક પર આવેલા બે યુવકો તેનો મોબાઈલ લૂંટીને નાસી ગયા હતા. તેણે ફોનની ચીલ ઝડપ થઈ તેના થોડા કલાકોમાં સીમ કાર્ડ ડીએક્ટીવેટ કરાવ્યું હતુ અને બીજા દિવસે નવુ સીમ કાર્ડ લઈને એક્ટીવ કર્યું ત્યારે બેંક એકાઉન્ટમાંથી આશરે છ લાખ રૂપિયા યુપીઆઈ અને મર્ચન્ટ પેમેન્ટથી અલગ અલગ જગ્યાએ ટ્રાન્સફર થયાના મેસેજ આવ્યા હતા. જે અંગે પાલડી પોલીસે ગુનો નોંધીને સીસીટીવી ફુટેજ અને ટેકનીકલ એનાલીસીસના આધારે તપાસ શરૂ કરી છે.

અંબાજીમાં ગુજરાતની સૌથી લાંબી રેલવે ટનલનું ૭૦ ટકા કામ પૂર્ણ

તારંગા-અંબાજી-આબુરોડ રેલવે લાઈન પર ૧૪ ટનલ તૈયાર કરાશે

પોશીના, શનિવાર

તારંગા-અંબાજી-આબુરોડ નવીન રેલવે લાઈન પ્રોજેક્ટ અંતર્ગત ફેઝ ૧ અને ફેઝ ૨ નું કામ પૂર્ણતાના આરે છે. જેમાં અંદાજે ૩ થી ૪ મહિનામાં કામ પૂર્ણ કરી ટૂંક સમયમાં રેલવે ટ્રેક પર દોડાવી ટેસ્ટિંગ કરવાનું આયોજન છે. જ્યારે ફેઝ ૩ અને ૪ માં ૧૪ ટનલો હોવાથી કામ ૨૦૩૦ સુધી પૂર્ણ થવાનો અંદાજ છે. આ પ્રોજેક્ટ મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા અને શિરોહી (આબુરોડ) જિલ્લામાંથી પસાર થશે. જેના થકી ૧૦૦ થી વધુ ગામોને સીધી રેલવે કનેક્ટિવિટી મળતા પરિવહનની સુવિધા સાથે રોજગારીની નવી તકો ઊભી થશે.

પીએમ ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાન હેઠળ અંદાજે ૨,૭૯૮.૧૬ કરોડના ખર્ચે બની રહેલી ૧૧૬.૬૫ કિલોમીટર લાંબી તારંગા-અંબાજી-આબુરોડ નવીન રેલવે લાઈનનું કામ કુલ ૪ ફેઝમાં કરવામાં આવનાર છે. જે પૈકી પ્રથમ તબક્કામાં ફેઝ-૧ અને ફેઝ-૨ અંતર્ગત આવતા ૦ થી ૬૧ કિમી સુધીના મેદાની અને અર્ધ-પહાડી વિસ્તારનું કામ લગભગ પૂર્ણતાના આરે છે. તારંગા હિલ (વરેઠા)થી આંબામહુડા (પોશીના) સુધીના કુલ ૯ રેલવે સ્ટેશનોને આવરી લેતા આ રૂટ પર આગામી ૩-૪ મહિનામાં કામ પૂર્ણ કરી ટેસ્ટિંગ હાથ ધરવાનું આયોજન છે અને પરિક્ષણ બાદ આગામી ૪-૫ મહિનામાં મુસાફરો માટે ટ્રેન સેવા શરૂ થવાની શક્યતા છે. બીજી તરફ, ફેઝ-૩ અને ફેઝ-૪ હેઠળ સ્ટેશન નંબર ૯ (આંબામહુડા) થી અંતિમ સ્ટેશન નંબર ૧૫ (આબુરોડ) સુધીના બાકીના અંદાજે ૫૬ કિલોમીટરના ટ્રેકનું નિર્માણ કાર્ય પણ ગતિમાં છે. આ રૂટ ડુંગરાળ તેમજ ખીણો અને નદીઓ ધરાવતો હોવાથી કુલ ૧૪ ટનલ અને અનેક નાના-મોટા પુલ બનાવવામાં આવી રહ્યા છે. અંબાજી પાસે ૨ કિલોમીટર અને ૨૭૦ મીટર લાંબી ગુજરાતની સૌથી લાંબી રેલવે ટનલ નિર્માણ પામી રહી છે.



તારંગા-અંબાજી-આબુરોડ નવીન રેલવે લાઈન પ્રોજેક્ટ અંતર્ગત ફેઝ ૩ અને ૪માં ૧૪ ટનલ બનાવવામાં આવી રહી છે. જે ન્યુ ઓસ્ટ્રિયન ટનલિંગ મેથડ (એનએટીએમ)એ ૧૯૫૭-૬૫માં ઓસ્ટ્રિયામાં વિકસેલી ટનલ બાંધવા વપરાતી પ્રચલિત પદ્ધતિ છે. આ પદ્ધતિમાં આસપાસના ખડક કે જમીનને જ ટનલના મુખ્ય આધાર તરીકે ઉપયોગમાં લેવાય છે. (તસ્વીર : ચંદનસિંહ વિરપુરા)

ફેઝ ૧ અને ફેઝ ૨ નું કામ પૂર્ણતાના આરે, ફેઝ ૩ અને ૪માં ૧૪ ટનલો હોવાથી ૨૦૩૦ સુધી કામ પૂર્ણ થવાનો અંદાજ

સોનાના ભાવમાં ૩૦ ટકા ગાબડું પડી જતાં

ગોલ્ડ લોન લેનારાઓને લાખોના માર્જિન મની ચૂકવવાની નોબત આવતા ફફડાટ

(પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ,શનિવાર

અમેરિકી ફેડરલ રિઝર્વની કડક નાણાકીય નીતિને કારણે છેલ્લા ચાર મહિનામાં સોનાના ભાવમાં ૩૦ ટકાનો ઘટાડો આવી ગયો હોવાથી ગોલ્ડ લોન લેનારાઓને મા જન મની જમા કરાવવા માટે બેન્કો, ગોલ્ડ લોન કંપનીઓ અને શાહુકારો તરફથી મેસેજ મોકલવાના સતત વધી રહ્યા છે. પરિણામે સોનાના દાગીના બચાવવા માટે તેમણે મા જન મની એકઠાં કરીને જમા કરાવવા માટે ગોલ્ડ લોન લેનારાઓએ દોડધામ કરવી પડી રહી છે. ભારતમાં રૂ. ૨૩ લાખ કરોડનો ગોલ્ડ લોન ઉદ્યોગમાં છે. છેલ્લા પાંચ વર્ષમાં ગોલ્ડ લોનમાં અંદાજે પાંચ ગણો વધારો થઈ ગયો છે.

માર્જિન મની નહીં ભરે તો તેમનું પારિવારિક સોનું ગુમાવી દેવાના ભયથી ગોલ્ડ લોન લેનારા પરિવારોમાં ફફડાટ

સોનાના ભાવ તૂટતા હવે લોનની રકમ સામે ગીરવે મૂકાયેલા સોનાનું મૂલ્ય ઘટી ગયું છે. આમ કોઈ ગ્રાહકે રૂ. ૧૦ લાખના સોનાના કુલ મૂલ્ય સામે ૭૫ ટકા એટલે કે રૂ. ૭.૫૦ લાખની લોન લીધી હોય અને સોનાનો ભાવ ૩૦ ટકા ઘટીને સો રૂ. ૭ લાખ થઈ ગયો હોય તો લોનની રકમ સોનાની કિંમત કરતાં વધી જાય છે.

ગોલ્ડ લોન લઈ નાણાં પરત ન ચૂકવી શકેલાઓની સંખ્યા ખાસ્સી વધી ગઈ

આ સ્થિતિમાં ધિરાણકર્તા ગ્રાહકને તાત્કાલિક વધારાના દાગીના જમા કરાવવા અથવા તફાવતની રકમ રોકડમાં માર્જિન મની તરીકે ભરપાઈ કરવા નોટિસ-મેસેજ આપે છે.

બેન્કો કરતાં નોન બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓ અને શાહુકારોનો ફફડાટ વધી ગયો છે. બેંકોના કુલ ધિરાણમાં ગોલ્ડ લોનનો હિસ્સો ૨.૫ ટકા જ હોવાથી સમગ્ર બેંકિંગ સિસ્ટમ પર મોટું જોખમ નથી, પરંતુ આગામી કેટલાક ક્વાર્ટર સુધી ગોલ્ડ લોન પોર્ટફોલિયોમાં દબાણ યથાવત રહેવાની શક્યતા છે. બીજીતરફ નોન બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓ અને માત્ર ગોલ્ડ લોનના જ કામ કરતી કંપનીઓ ભારે દબાણ હેઠળ આવી ગઈ છે. સામાન્ય રીતે સોનાના વાસ્તવિક મૂલ્યાના ૭૫ ટકાથી ૮૫ ટકા સુધીની રકમ લોન તરીકે આપવામાં આવે છે. પરંતુ અત્યારે સોનાના ભાવમાં ૩૦ ટકાનું ગાબડું પડી ચૂક્યું છે. તેથી લોનની રકમ કરતાં ગિરો મૂકેલા સોનાનું મૂલ્ય ઓછું થઈ ગયું છે. આ સ્થિતિમાં સોના સામે લોન લેનાર

આતંકી પ્રવૃત્તિ માટે પાકિસ્તાની હેન્ડલર સોશ્યલ મીડિયા પર સક્રિય

વડોદરા બાદ દિલ્હીમાંથી પણ જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલો શકમંદ પકડાયો

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શનિવાર

વડોદરામાં એરફોર્સ સ્ટેશનને ટાર્ગેટ કરવા માટે આવેલા જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલા આસામના આતંકીને દબોચી લીધાના કલાકોમાં જ દિલ્હી પોલીસે પણ જૈશ-એ-મોહમ્મદના નેટવર્ક સાથે સંકળાયેલા હોવાનું મનાતા એક શકમંદ આતંકીને ઝડપી પાડતાં તેના ગુજરાત કનેક્શનની તપાસ કરવામાં આવી રહી છે.

વડોદરામાં પકડાયેલા આસામના શાહરૂલની જેમ દિલ્હીના શકમંદ આતંકી પાસે પણ વાંધાજનક રેકોર્ડ મળ્યા: ગુજરાત કનેક્શનની તપાસ

વડોદરાના સયાજીગંજ વિસ્તારની મિલન હોટલમાં રોકાઈને દાહોદ ગયેલા જૈશ-એ-મોહમ્મદના આતંકી શાહરૂલ કબીરૂદ્દીનને ગુજરાત એટીએસની ટીમે વડોદરા-હાલોલ રોડ પર જરોદ નજીકથી દબોચી લેતાં તેની પાસે એ કે ૪૭ જેવી ઓટોમેટિક એસોલ્ટ રાયફલ અને જૈશ-એ-મોહમ્મદના ફ્લેગ સહિતના મહત્વના દસ્તાવેજો મળ્યા હતા. આરોપી પાકિસ્તાની હેન્ડલર મુફ્તી રફીકના સંપર્કમાં હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવતાં તેને ૧૪ દિવસના રિમાન્ડ પર લેવામાં આવ્યો છે.

આતંકીના વડોદરા કનેક્શન બાદ કલાકોમાં દિલ્હીના સ્પેશ્યિલ સેલે પણ જૈશ-એ-મોહમ્મદના નેટવર્ક સાથે સંકળાયેલા હોવાનું મનાતા એક શકમંદ આતંકીને દબોચી લીધો છે.પ્રાથમિક વિગતો મુજબ તેની પાસેથી પણ વાંધાજનક પોસ્ટ તેમજ સંપર્કોની વિગતો મળી છે.દિલ્હીમાં પકડાયેલો શકમંદ પણ પાકિસ્તાનના હેન્ડલર મારફતે સોશ્યલ મીડિયા પર સક્રિય બન્યો હોવાની વિગતો મળતાં દિલ્હી પોલીસ દ્વારા શકમંદ આતંકીના મોબાઈલ ફોન,સંપર્કો અને અન્ય મોબાઈલ એપ્લિકેશનની તપાસ કરવામાં આવી રહી છે.ગુજરાત એટીએસ દ્વારા પણ આરોપીની ગુજરાત કનેક્શનને લગતી પૂછપરછ કરવાની તૈયારી કરવામાં આવી છે.

જૈશ-એ-મોહમ્મદના
(છેલ્લા પાનાનું ચાલુ)

વિવિધ આતંકી સંગઠનો નોર્થ ઈસ્ટના યુવાનોને ઉશ્કેરણી કરીને આતંકી પ્રવૃત્તિમાં જોડતા હતા. ત્યારે આ દિશામાં થઈ રહેલી તપાસમાં અનેક મોટા ખુલાસા થવાની શક્યતા છે.

ગુજરાત એટીએસ દ્વારા વડાદરા-હાલોલ હાઈવે પરથી આસામમાં રહેતા મોહમ્મદ શાહરૂલ ઈસ્લામ કબીરૂદ્દીન નામના જૈશ-એ-મહામ્મદના આતંકીને એ કે ૪૭ જેવી બનાવટ ધરાવતી ઓટોમેટિક રાયફલ અને જીવતા કારસુત સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. શાહરૂલ પાકિસ્તાન સ્થિત હેન્ડલર મુફ્તી રફીક ઉર્ફે ઈબ્ન અબ્દુલ્લાની સુચના મુજબ દાહોદથી રાયફલ લઈને વડોદરા આવી રહ્યો હતો. એટીએસ દ્વારા આતંકીના આસામ સ્થિત ઘર પર તપાસ કરવામાં આવી હતી. પોલીસે તેના ઘરેથી જૈશ-એ-મહોમ્મદના ધ્વજ, જેહાદી પુસ્તકો અને કુખ્યાત આતંકવાદ મૌલાના મસહુદ અઝહરના ઉશ્કેરણી કરતા પુસ્તકો મળી આવ્યા હતા. તેમજ જેહાદી લખાણ પણ મોટા પ્રમાણમાં મળી આવ્યા હતા. શાહરૂલ એક વર્ષ પહેલા સોશિયલ મિડીયા દ્વારા પાકિસ્તાન સ્થિત હેન્ડલરના સંપર્કમાં આવ્યો હતો. ત્યારથી તેની સુચના મુજબ તે જેહાદી પુસ્તકો વાંચવાની સાથે વિડીયો પણ જોતો હતો. સાથેસાથે તે અન્ય યુવકોના સંપર્કમાં હોવાનું પણ જાણવા મળ્યું હતું.

એટીએસ સુત્રોના જણાવ્યા મુજબ નોર્થ ઈસ્ટમાં ચાલી રહેલા ઘર્ષણનો ગેરલાભ લઈને સરકાર વિરૂદ્ધ યુવકોને ઉશ્કેરણી કરીને તેમને આતંકવાદના રસ્તે લાવવા માટે ખાસ સંગઠનો સક્રિય છે. આ સાથે દાહોદ નજીક એક રાયફલ પાકિસ્તાની સંગઠને સ્થાનિક સ્તરે મદદ લઈને મુકાવી હતી અને તે લેવા માટે તેને મોકલ્યો હતો. જે દિશામાં પણ અલગ ટીમ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

વાત વાતમાં

ખતરનાક ગુજરાતી અનુવાદો !

'મારું માથું ચક્કર ખાય છે.' એનું અંગ્રેજી શું થાય ? 'માય હેડ ઈઝ ઈટિંગ સર્કલ્સ !' 'ચારે બાજુ ગોળીઓ ચાલી રહી હતી' એનું અંગ્રેજી શું થાય ? 'બુલેટ્સ વેર વોકિંગ ઈન ફોર ડિરેક્શન્સ !' બરાબર ?

હવે એ જ રીતે અંગ્રેજી વાક્યોનું ગુજરાતી 'શી રીતે થવું જોઈએ ?' જુઓ નમૂના...

* * *

અંગ્રેજી : 'પ્લીઝ કીપ ઈન ટચ'
ગુજરાતી : 'મહેરબાની કરીને અડતા રહો !'

* * *

અંગ્રેજી : 'કેન યુ ડ્રોપ મિ ઓન ધ વે ?'
ગુજરાતી : 'શું તમે મને રસ્તામાં પડતો મૂકી શકો છો ?'

* * *

અંગ્રેજી : 'સી યુ અગેઈન, સમટાઈમ'
ગુજરાતી : 'થોડો સમય તમને ફરીથી જોઈશું !'

* * *

અંગ્રેજી : 'હાઉ ડુ યુ ડુ સર !'
ગુજરાતી : 'સાહેબ, તમે કેવી રીતે કરો છો ?'

* * *

અંગ્રેજી : 'ધીસ સ્વેટર લુકસ સો કુલ ઓન યુ.'
ગુજરાતી : 'આ સ્વેટર તમારી ઉપર બહુ ઠંડુ લાગે છે !'

* * *

અંગ્રેજી : 'વુડ યુ લાઈક ટુ ઈટ અવર ફ્રેશ હોટ ડોગ્સ ?'
ગુજરાતી : 'શું તમે અમારા તાજા કૂતરા ખાવાનું પસંદ કરશો ?'

* * *

અંગ્રેજી : 'બેટ્સમેન વોઝ કોટ ઓન સિલી પોઈન્ટ.'
ગુજરાતી : 'બેટધર મામુલી મુદ્દે ઝડપાઈ ગયો હતો !'

* * *

અંગ્રેજી: 'વાઉ ! ઈટ્સ અ કીક-આસ મુવી'
ગુજરાતી : 'વાહ ! આ એક પૂંઠે-લાત ચિત્રપટ છે !'

* * *

અંગ્રેજી : 'હિ ઈઝ ધ કરંટ ચેરમેન ઓફ અવર સ્ટેન્ડિંગ કમિટી.'
ગુજરાતી : 'તે અમારી ઉભી રહેલી સમિતિના પ્રવાહ ખુરશીમાનવ છે !'

* * *

અંગ્રેજી : 'જનરલ બોડી મિટીંગ ઓફ ધ સોસાયટી વિલ ટેક પ્લેસ ટુમોરો.'
ગુજરાતી : 'સમાજની સામાન્ય શારીરિક મિલન સભા કાલે જગ્યા લેશે.'

* * *

અંગ્રેજી : 'ડાઈ હાર્ડ ફેન્સ આર હેડ ઓવર હીલ્સ અબાઉટ ધ ન્યુ સોંગ'
ગુજરાતી : 'નવા ગાયન વિશે અઘરું મરનારા ચાહકોના માથા ઉપર એડીઓ છે !' (ભારે કરી)

- મન્નુ શેખચલ્લી

બમણી આવક
(છેલ્લા પાનાનું ચાલુ)

સતત નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

છેલ્લાં કેટલાંય વખતથી કેન્દ્ર અને રાજ્ય સરકાર એક ગાણું ગાઈ રહી છેકે, ખેડૂતોની આવકમાં બમણી થશે. આવક તો બાજુએ રહી પણ ઉલ્ટાનું ખેડૂતો દેવાના ડુંગરતળે દબાઈ રહ્યાં છે. છેલ્લાં ચારેક વર્ષમાં કપાસના ભાવમાં રૂા.૧૫૮૦નો ઘટાડો નોધાયો છે. ખેત ઉત્પાદન ખર્ચમાં બમણો વધારો થયો છે, પરંતુ કૃષિ વિભાગ ખેડૂતોના પરસેવાની પૂરી કિંમત અપાવવામાં સદંતર નિષ્ફળ નિવડ્યો છે.

નિષ્ણાતો અને ખેડૂત સંગઠનોનું માનવું છે કે કપાસના ભાવમાં કડાકો બોલાવા પાછળ કૃષિ વિભાગની ટૂંકી દ્રષ્ટિ જવાબદાર છે. જ્યારે ખેડૂતોનો પાક બજારમાં આવે છે ત્યારે યોગ્ય સમયે નિકાસને પ્રોત્સાહન આપવાને બદલે વિદેશથી થતી આયાત પર અંકુશ મુકવામાં વિભાગ નિષ્ફળ રહ્યું છે. બજારમાં ભાવ ગગડતા હોવા છતાં સરકારી ખરીદી સમયસર ન થતાં ખેડૂતોને મજબૂરીમાં ખુલ્લા બજારમાં સસ્તા ભાવે કપાસ વેચવો પડ્યો છે.કૃષિ વિભાગ માત્ર કાગળ પર આંકડા રજૂ કરીને સંતોષ માની રહ્યું છે, પરંતુ ખેડૂતોની વ્હારે આવવાની કોઈ નક્કર યોજના દેખાતી નથી.

જો કૃષિ વિભાગ હજુ પણ ખેડૂતોને પોષણક્ષમ ભાવ અપાવવા માટે નક્કર પગલાં નહીં ભરે, તો આગામી વર્ષોમાં ખેડૂતો કપાસની ખેતીથી વિમુખ થઈ જશે તેવી દહેશત છે.

અવસાન નોંધ

પેઈન્ટર : સ્વ. ગીતાબેન યોગેશકુમાર પેઈન્ટરનું બેસણું, નીલકંઠ મહાદેવ હોલ, ત્રિપદા સ્કુલ સામે, રન્નાપાર્ક, ઘાટલોડિયા, સવારે ૮ થી ૧૧

મહેતા : સ્વ. ઉષાબેન મહેન્દ્રભાઈ મહેતાનું બેસણું શ્રીનંદનગર વિભાગ-૧, વેજલપુર, બપોરે ૩થી ૫

અલનીનોએ ખેડૂતોનું ગણિત બગાડ્યું : વીઘે ૯ હજારનો ખર્ચ, કપાસનું ઉત્પાદન માત્ર ૧૫ કિલો

ચાલુ વર્ષે વરસાદની અનિયમિતતાને કારણે કપાસના પાકને વ્યાપક નુકસાન થયું છે. ઉત્પાદન ખર્ચ પણ નીકળી શકે તેમ ન હોવાથી ખેડૂતો આ થક સંકટમાં મુકાયા છે. સુરેન્દ્રનગર જીલ્લામાં આ વર્ષે કુદરતની બેવડી માર પડી છે. એક તરફ લખતર, દસાડા અને લીંબડી તાલુકામાં વધુ પડતા વરસાદી પાણી ભરાઈ રહેવાને કારણે કપાસનો પાક નિષ્ફળ ગયો છે, તો બીજી તરફ સાયલા, મુળી, સુરેન્દ્રનગર, વઢવાણ, ચોટીલા અને થાનગઢ સહિતના વિસ્તારોમાં માત્ર ૨૫ ટકા જેટલો જ વરસાદ પડતા પાણીની અછતથી કપાસનું ઉત્પાદન સાવ ઘટી ગયું છે.ખેડૂતોનું કહેવુ છે કે, મજૂરી, ખાતર, દવા અને મહેનત મળીને વીઘે રૂા.૯,૦૦૦નો ખર્ચ કર્યો હોવા છતાં અત્યારે ખેતરમાંથી વીઘે માત્ર ૧૫ કિલો જેટલો જ કપાસ નીકળી રહ્યો છે. આ ઉપરાંત મોલાત મોડી થવાને કારણે ખેડૂતોને મોટી ખોટ ખાવાનો વારો આવ્યો છે.

ભાવ ઘટતાં ખેડૂતોએ કપાસથી મોં ફેરવ્યું

ગુજરાતમાં છેલ્લાં બે વર્ષથી ભારે વરસાદને લીધે ખેડૂતોને આર્થિક નુકશાન થતાં કપાસથી જાણે મોં ફેરવ્યુ હોય તેવુ ચિત્ર ઉભુ થયું છે. આ ઉપરાંત પુરતાં ભાવ ન મળતાં ઘણાં ખેડૂતોએ કપાસનું વાવેતર કરવાનું ટાળ્યુ છે. કૃષિ મંત્રાલયના સત્તાવાર આંકડા અનુસાર, વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાતમાં ૮૮૨૯.૭૩ હેક્ટર જમીનમાં કપાસનું વાવેતર થયુ હતું. વર્ષ ૨૦૨૫-૨૬માં કપાસની વાવણી માત્ર ૭૨૪૯ હેક્ટરમાં થઈ હતી. આ જોતાં કપાસનું વાવેતર ઘટ્યું છે.

સુરત અને મુંબઈ
(છેલ્લા પાનાનું ચાલુ)

કરવામાં આવી હતી. ગુજરાતના ઉત્પાદિત કપાસને રેલવે મારફતે મુંબઈ બંદર સુધી પહોંચાડી ત્યાંથી ઈંગ્લેન્ડ મોકવાનો મુખ્ય હેતુ હતો. વર્ષ ૧૮૬૦માં ગુજરાતમાં રેલવે લાઈનના વિકાસની શરૂઆત થયા બાદ ધીમે ધીમે નેટવર્કનો વિસ્તાર કરવામાં આવ્યો હતો. ૧૮૬૨માં વલસાડ સુધી રેલવે લાઈન લંબાવવામાં આવી હતી. ૨૦ જાન્યુઆરી, ૧૮૬૩ના રોજ અમદાવાદના કાલુપુરથી સુરત વચ્ચે ટ્રેન સેવા શરૂ થઈ હતી. ૨૮ નવેમ્બર, ૧૮૬૪ના રોજ ઉતરાણથી મુંબઈના ગ્રાન્ટ રોડ સુધી પ્રથમ ટ્રેન સેવા શરૂ થઈ હતી.

શરૂઆતમાં કપાસની હેરફેર માટે વિકસાવાયેલું આ નેટવર્ક સમય જતાં મુસાફરો માટે પણ મહત્વનું બન્યું હતું. આજે એ જ ઐતિહાસિક રેલવે નેટવર્ક પશ્ચિર રેલવેનો મહત્વનો હિસ્સો છે. વીજળથી દોડતી ટ્રેનો, આધુનિક કોચ અને વંદે ભારત જેવી સેવાઓએ મુસાફરીનું સ્વરૂપ બદલી નાખ્યું છે. કપાસની હેરફેર માટે શરૂ થયેલી આ લાઈન આજે વેપાર, રોજગાર અને લાખો મુસાફરીની દૈનિક અવરજવરનો આધાર બની છે.

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
- જાહેરખબર મેનેજર

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ
Regd. NI. GAMC 28

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah
Regd.NI.GAMC 28





























અગાઉ આર્થિક સદ્ધરતા માટે જમા કરાવવી પડતી

ડિપોઝિટની જોગવાઈ નવી સ્કૂલો માટે ૨૬, જૂની સ્કૂલોએ પરતની માંગ કરી

અમદાવાદ,શનિવાર

સરકારના શિક્ષણ વિભાગના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અધિનિયમોની જોગવાઈઓમાં કેટલીક જોગવાઈઓ દૂર કરીને નવા સુધારા સાથેનો ઠરાવ કરવામા આવ્યો છે.જેમાં હવે ધો.૯થી૧૨માં શરૂ થતી નવી નોન ગ્રાન્ટેડ સ્કૂલ માટે ૨થી૩ લાખની ડિપોઝિટ જમા કરવાની જોગવાઈ દૂર કરાઈ છે. આ જોગવાઈ દૂર કરાતા સ્કૂલ સંચાલક મંડળે જુની સ્કૂલોએ જે ડિપોઝિટ જમા કરાવી હતી તે પરત મળે તે માટે પ્રક્રિયા કરવા માંગણી કરી છે.

સરકારે અગાઉ માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ નિયમોમાં રૂ.૨થી૩ લાખની ડિપોઝિટ મુકવાની જોગવાઈ કરી હતી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ હેઠળ ધો.૯થી૧૨ની નવી સ્કૂલોની નોંધણી માટેની શરતો તથા મકાન સહિતના સુવિધા અને જરૂરિયાતો-માપદંડો નક્કી કરવાનું અને નોંધણી કરવાનું કામ ગુજરાત શિક્ષણ બોર્ડને સોંપાયુ છે. જેથી ગુજરાત શિક્ષણ બોર્ડ હેઠળ માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ઘડવામા આવ્યા હતા. આ વિનિયમોમાં કેટલાક ફેરફાર કરીને સરકારે કેટલીક જોગવાઈ દૂર કરી છે ત્યારે નવા સુધારા સાથેનો ઠરાવ શિક્ષણ વિભાગે કર્યો છે.જેમાં ડિપોઝિટ માટેની જોગવાઈ દૂર કરાઈ છે.

અગાઉ વિનિયમોમાં વિનિયમ ૯માં ૧૩-૮ હેઠળ આર્થિક સદ્ધરતા માટે ડિપોઝિટ જમા કરવાની જોગવાઈ હતી.જેમાં શહેરી વિસ્તારમાં નવી ખાનગી સ્કૂલ માટે ૩ લાખ અને ગ્રામ્ય વિસ્તારમાં નવી ખાનગી સ્કૂલ માટે બે લાખની ડિપોઝિટની જોગવાઈ હતી. સરકારે આ જોગવાઈ દૂર કરી દીધી છે. આમ આ જોગવાઈ -નિયમ દૂર કરાયો છે ત્યારે અમદાવાદ શહેર સંચાલક મંડળે જુની સ્કૂલોના હિતમાં જમા થયેલી ડિપોઝિટ પરત મેળવવા માટેની પ્રક્રિયા નક્કી કરવા માંગણી કરી છે. સંચાલક મંડળે શિક્ષણ વિભાગને લેખિત રજૂઆત કરી છે કે કમિશનર ઓફ સ્કૂલ દ્વારા ડીઈઓને સત્તા આપીને એક નિશ્ચિત પ્રક્રિયા નક્કી કરવામા આવે.જેમાં ડીઈઓ અને સંચાલકની સહીથી જમા ડિપોઝિટ ઉપાડી શકાય અને સ્કૂલોને લાભ થાય. હાલ રાજ્યની અનેક ગ્રાન્ટેડ સ્કૂલોમાં પણ ધો.૧૧-૧૨ નોન ગ્રાન્ટેડ ધોરણે ચાલે છે.

રાજકીય દબાણ ઉભુ કરવાનો નવો પેંતરો

અમદાવાદ મ્યુનિ.ના જનરલ બોર્ડનો કોંગ્રેસના ૧૨ સભ્યો દ્વારા 'બોયકોટ'

અમદાવાદ, શનિવાર

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનમાં ૧૯૨માંથી ૩૨ બેઠકો મેળવનાર કોંગ્રેસ આજ સુધી વિરોધપક્ષના નેતા નક્કી કરી શકી નથી. બરાબરના જામેલા આંતરિક જુથવાદ વચ્ચે કોંગ્રેસના ૧૨ સભ્યો જનરલ બોર્ડમાં આવતા જ નથી. રાજકીય દબાણ ઉભુ કરવા માટે આ નવો પેંતરો અજમાવવામાં આવી રહ્યો છે.

પ્રજાના પ્રશ્નો અસરકારક રીતે બોર્ડમાં રજૂ થઈ શકતા નથી, વિરોધપક્ષના ભાગલાનો શાસકોને સીધો લાભ

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની ગત એપ્રિલ મહિનામાં યોજાયેલી સામાન્ય ચૂંટણી બાદ ૭ જનરલ બોર્ડ યોજાઈ ગયા છે. વિરોધપક્ષના નેતા વગર જ યોજાયેલા આ જનરલ બોર્ડમાં કોંગ્રેસના કાઉન્સિલરો છૂટક છૂટક રજૂઆતો કરે છે, પરંતુ તેને ધ્યાને લેવાતી નથી. પ્રજાના પ્રશ્નો અસરકારક રીતે બોર્ડમાં રજૂ થઈ રહ્યા નથી. વિરોધપક્ષના આ ભાગલાનો શાસકોને સીધો લાભ મળી રહ્યો છે. અત્રે ઉલ્લેખનિય છે કે, કોંગ્રેસના ૨૦ કાઉન્સિલરો દરિયાપુરના નિરવ બક્ષીને વિપક્ષી નેતા બનાવવા માંગે છે. આ સભ્યો બોર્ડમાં આવીને ઉગ્ર રજૂઆતો કરે છે. જેની સામે દાણીલીમડાના શહેઝાદખાન પઠાણને ફરી વખત વિપક્ષી નેતા બનાવવા માંગતા કોંગ્રેસના ૧૨ કાઉન્સિલરો બોર્ડમાં આવતા નથી. જોકે આ કાઉન્સિલરો પૂર્વ વિપક્ષી નેતાની આગેવાની હેઠળ ચંડોળા જેવા મામલે પોતાની રીતે અવાજ ઉઠાવતા રહે છે. એક તો ૩૨ જેટલી ઓછી સંખ્યા અને તેમાં પણ ૨૦ અને ૧૨ના બે ભાગ પડી જતા કોંગ્રેસની રજૂઆતની અસર ઘટી ગઈ છે.

એક્ટિવાસવાર બે શિક્ષિકાને રોંગસાઈડ ટ્રેલરે કચડ્યા

છ વર્ષે કચ્છથી વતન અમરેલી બદલી, શિક્ષિકાએ 'છેલ્લા દિવસે' જીવ ખોયો

ભુજ, શનિવાર

કચ્છમાં ભારે વાહનોથી જીવલેણ અકસ્માતના વધુ એક બનાવમાં હવે બે શિક્ષિકાએ જીવ ગુમાવ્યા છે. રોન્ગ સાઈડ ધસી આવેલા ટ્રેલરે એક્ટિવા ઉપર જતાં બે શિક્ષિકાને ઠોરો ગામના બસ સ્ટેશન નજીક શનિવારે સવારે કચડી નાંખ્યા હતા. કમનસીબી એ છે કે, લુડબાય-૨ પ્રાથમિક શાળામાં વિદ્યાસહાયક શિક્ષિકા સંધ્યાબહેન રાજેન્દ્રસિંહ ગોહિલ (રાણા)ની છ વર્ષે વતન અમરેલી બદલી થઈ હતી અને શનિવારે શાળામાંથી વતન જવા છૂટા કરવાના હતાં તે પહેલાં મૃત્યુ નિપજ્યું હતું. તો, અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં રહેતાં ઋષિતાબહેન રશ્મિકાંતભાઈ દિવાન (શાહ) વર્ષ ૨૦૨૫માં ખાસ ભરતીમાં કચ્છમાં શિક્ષિકા તરીકે જોડાયા હતા. ઋષિતાબહેનનું મૃત્યુ નિપજતાં બે જોડિયા બાળકો નોંધારા બન્યાં છે.

અમદાવાદના ઋષિતાબેન શાહે એક વર્ષ પહેલાં જ શિક્ષિકા તરીકે જોડાયાં, મૃત્યુ થતાં બે જોડિયા બાળકો નોંધારા થયાં

હાજીપીર પોલીસ મથકે નખત્રાણા ખાતે રહેતા અનિરૂધ્ધસિંહ જોરાવરસિંહ રાણાએ ફરિયાદમાં જણાવ્યું કે, શનિવારે સવારે પોણા આઠ વાગ્યાના અરસામાં ઠોરો ગામના બસ સ્ટેશન નજીક દેશલપર ગુંતલી ગામે રહેતાં ઋષિતાબેન રશ્મિકાન્ત શાહ (ઉ.વ. ૩૭) અને ફરિયાદીના પુત્રવધુ સંધ્યાબેન કરણસિંહ રાણા ઉર્ફે સંધ્યાબેન રાજેન્દ્રસિંહ ગોહિલ (ઉ.વ. ૩૯) એક્ટિવા પર પ્રાથમિક શાળાએ ફરજ પર જઈ રહ્યાં હતાં. સામેથી આવતા હરિયાણા પાસિંગના ટ્રેલરના ચાલકે રોંગ સાઈડમાં આવી એક્ટિવા અને બંને શિક્ષિકાઓને કચડી નાંખ્યા હતા. એક્ટિવા ચાલક મૃતક ઋષિતાબેન ઉઠંગડી ગામની પ્રાથમિક શાળામાં તેમજ સંધ્યાબેન લુડબાય-૨ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા હતા.



ઋષિતાબહેન દિવાન

સંધ્યાબહેન ગોહિલ

કચ્છમાં 'યમદૂત' ટ્રેલરના વધુ એક અકસ્માતમાં વધુ બે પરિવારનો માળો પિંખાયો

અકસ્માત સર્જ્યા બાદ ટ્રેલર મુકીને ચાલક નાસી જતાં હાજીપીર પોલીસે ટ્રેલર ચાલકને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરી છે.અકસ્માતમાં મૃત્યુ પામેલા સંધ્યાબેન રાજેન્દ્રસિંહ ગોહિલ (રાણા) મૂળ અમરેલીના વતની હતા. છ વર્ષ પહેલા વિદ્યા સહાયક તરીકે કચ્છની ધરતી પર પગ મૂક્યો ત્યારથી લુડબાય-૨ પ્રાથમિક શાળામાં બાળકોને અક્ષરજ્ઞાન આપ્યું, સંસ્કાર સિંચ્યા. ઘરે ૯ વર્ષની દીકરી અને ૩ વર્ષનો દીકરો તેમની વાટ જોતા હતા. કચ્છમાં નોકરીના પાંચ વર્ષ પૂર્ણ થતા નિયમ મુજબ વતન અમરેલી બદલીનો ઓર્ડર પણ આવી ગયો હતો. છૂટા થવાનો ઓર્ડર હાથમાં હતો, બસ પોતાની જગ્યાએ નવા શિક્ષક આવે તેની જ રાહ હતી. શનિવારે જ લુડબાય-૨ શાળામાં નવા શિક્ષક હાજર થવાના હતા અને સંધ્યાબેન છૂટા થવાના હતા. આજે શાળામાં સંધ્યાબહેનનો છેલ્લોદિવસ હતો, ત્યારબાદ વતન અમરેલીની વાટ પકડવાની હતી. કમનસીબે, સંધ્યાબહેન વતન જવા છૂટા થવાના હતા તે દિવસ જ તેમની જીંદગીનો છેલ્લો દિવસ બની ગયો. બે માસૂમ બાળકો અને વતનમાં ઘર સંધ્યાબહેનની રાહ જોઈ રહ્યાં છે તે વિધીની વક્રતા જ કહી શકાય.

બીજા હતભાગી શિક્ષિકા ઋષિતાબેન દિવાન (શાહ) અમદાવાદના દાણીલીમડાના વતની હતા. વર્ષ ૨૦૨૫ની કચ્છ સ્પેશિયલ ભરતીમાં શિક્ષક તરીકે કચ્છના ઉઠંગડી ગામની પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે જોડાયા હતા. બે જોડિયા બાળકો સાથે એક વર્ષથી કચ્છમાં રહી બાળકોને અક્ષરજ્ઞાન આપતાં ઋષિતાબહેનનું અકસ્માતમાં મૃત્યુ નિપજ્યું છે. બે વર્ષના ફૂલ જેવા બે જોડિયા બાળકોને માતાનો ઈન્તેજાર રહેશે તે કલ્પનામાત્ર હૃદય કંપાવી જાય તેવી છે.

અમદાવાદથી તિરુવનંતપુરમ વચ્ચે આજે વન-વે સ્પેશિયલ ટ્રેન

અમદાવાદ, શનિવાર

અમદાવાદથી દક્ષિણ ભારત તરફ મુસાફરી કરતા પ્રવાસીઓની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા તિરુવનંતપુરમ ઉત્તર માટે વન-વે સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. ટ્રેન નં.૦૯૪૭૫ અમદાવાદથી ૨૯ નવેમ્બરના રોજ રાત્રે ૧ કલાકે ઉપડીને બીજા દિવસે સાંજે ૪.૩૦ કલાકે તિરુવનંતપુરમ ઉત્તર પહોંચશે. મુસાફરી દરમિયાન આ ટ્રેન આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, વાપી, પાલઘર, વસઈરોડ, પનવેલ, રોહા, રત્નાગિરિ, મંડગાવ, થોકુર, મેંગલુરુ, ઉલ્લાલ, કન્નૂર, એર્નાકુલમ, અલપ્પુઝા અને કોલ્લમ સહિતના સ્ટેશનો પર રોકાશે. ટ્રેનમાં સ્લીપર અને જનરલ કોચની વ્યવસ્થા રહશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે ૯૦૦ કરોડના ખર્ચે મ્યુઝિયમ બનશે

અમદાવાદ, શનિવાર

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વિવિધ આકર્ષણોનો ઉમેરો થઈ રહ્યો છે. ત્યારે એકતાનગરમાં સરકાર દ્વારા રૂ.૯૦૦ કરોડના ખર્ચે ગુજરાત વંદના મ્યુઝિયમ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં ઓરિએન્ટેશન, ઓડિટોરિયમ, ગૌરવ, બાઉન્ટીફૂલ, ઉત્સવ ગેલેરી જેવી વિવિધ સાત ગેલેરીઓ બનાવવામાં આવશે. ગુજરાતી શૌર્ય ગાથા, સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગુજરાતીઓનું યોગદાન, મહાગુજરાત ચળવળનો આ ગેલેરીઓમાં સમાવેશ કરાશે. જેમાં એઆર અને વીઆરનો પણ ઉપયોગ કરાશે.

IBના રિપોર્ટથી ગુજરાત ભાજપમાં હલચલ મચી

આદિવાસીઓ પ્રત્યે પ્રેમ ઉભરાયો નથી, બેઠકો ગૂમાવવાનો ડર છે

અમદાવાદ,શનિવાર

૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પહેલાં આદિવાસી મતબેંકને અંકે કરવા માટે મુખ્યમંત્રી સહિતના મંત્રીઓના આદિવાસી વિસ્તારોમાં આંટાફેરા કરવા માડ્યાં છે ત્યારે વિપક્ષ કોંગ્રેસે એવા પ્રહારો કર્યા છેકે, અંબાજીથી ઉમરગામ સુધીનો આદિવાસી મતદારોમાં મોટું ગાબડુ પડશે અને ૨૦૨૭માં સત્તાધારી પક્ષને ઘણી બેઠકો ગુમાવવી પડશે તેવા ઈન્ટેલિજન્સ બ્યુરોનો રિપોર્ટ મળતા જ 'સાહેબ'ને રાતોરાત દિલ્હીથી ગાંધીનગર દોડી આવવું પડ્યું હતું. ભાજપને કઈ આદિવાસીઓ પ્રત્યે પ્રેમ ઉભરાયો નથી બલ્કે આદિવાસી પ્રભુત્વ ધરાવતી બેઠકો ગુમાવવી પડશે તેનો ડર પેઠો છે.

વિરોધ પક્ષનો કટાક્ષ :મંત્રીઓ આદિવાસી વસ્ત્રોમાં નૃત્ય કરવા માંડ્યાં અને પાનમાં જમવા માંડ્યાં

ઝાલોદ ખાતે કોંગ્રેસ આયોજીત સ્નેહમિલનમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ એવો કટાક્ષ કર્યોકે, છેલ્લા ૩૦ વર્ષથી ભાજપને આદિવાસીઓની યાદ આવી નહી, હવે અચાનક જ પ્રેમ ઉભરાયો છે. તેમણે દાવો કર્યોકે, આદિવાસી મતદારો હવે જાગૃત જ નહી, સંગઠિત થયા છે પરિણામે વર્ષ ૨૦૨૭ની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને નુકશાન ભોગવવું પડે તેમ છે. ઈન્ટેલિજન્સ બ્યુરોનો રિપોર્ટ મળતા જ 'સાહેબ'ને રાતોરાત દિલ્હીથી દોડી આવવું પડ્યું હતું. તેમણે ભાજપના ધારાસભ્યોને સ્પષ્ટ કહ્યું કે, આદિવાસીઓને મનાવો, નહીંતર બિસ્તરા-પોટલા ભરવા પડશે. દિલ્હીના આદેશ બાદ મંત્રીઓ આદિવાસી વિધાનસભા વિસ્તારોમાં દોડતા તો થયા છે, પરંતુ ત્યાં જઈને ઝાડના પાનમાં જમતા ફોટા પડાવી રહ્યા છે.

ઝાડના પાનમાં જમવાની વાતો સદીઓ જૂની થઈ ગઈ છે. હવે ૨૧મી સદીમાં આદિવાસી યુવાનોના હાથમાં લેપટોપ અને કોમ્પ્યુટર આપો જેથી તેઓ ગુજરાત-વિશ્વનું નેતૃત્વ કરી શકે. પણ એવુ નહી થાય તેનું કારણ એછેકે, જેમે વનવાસી કહો છો તે આદિવાસી સમાજને ભાજપ હજુ પણ અનાદિકાળમાં જ રાખવા માંગે છે.

મેનેજર સહિત ચાર વિરૂદ્ધ ફરિયાદ નોંધાઇ

રિવરફ્રન્ટ પર સાયકલ ભાડે આપવાના બિઝનેસમાં રૂ.૨૦ લાખની છેતરપિંડી

અમદાવાદ,શનિવાર

શહેરના રિવરફ્રન્ટ પર સાયકલ ભાડે આપતી કંપનીમાં કામ કરતા મેનેજર સહિત ચાર કર્મચારીઓએ ભાડાનું પેમેન્ટ કંપનીની સિસ્ટમમાં મેળવવાના બદલે પોતાના અંગત બેંક એકાઉન્ટ ધરાવતા ક્યુ આર કોડમાં મેળવીને આશરે ૨૦ લાખની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ વસ્ત્રાપુર પોલીસ મથકે નોંધવામાં આવી છે.

માય બાઈકની સાયકલનું ભાડુ લેવા માટે કંપનીની પેમેન્ટ સિસ્ટમને બદલે અંગત ક્યુ આર કોડથી નાણાં મેળવાયા

ઈસ્કોન-આંબલી રોડ પર આવેલા આર્યન ઓપ્યુલન્સમાં રહેતા અરજિત સોની માય બાઈક સાયકલ ભાડે આપતી કંપની ચલાવે છે. તેમણે નોંધાવેલી ફરિયાદની વિગતો એવી છે કે તેમની કંપનીમાં છેલ્લા આઠ વર્ષથી સિમિત ઢોલાણી (રહે.સોનુ પાર્ક, નિગમ સોસાયટી, ઘોડાસર) કલ્સટર મેનેજર તરીકે કામ કરતો હતો અને તે સાબરમતી રિવરફ્રન્ટ,ઉદેપુર ફતેહસાગર અને દમણના નમોપથના પ્રોજેક્ટ સંભાળતો હતો. સાબરમતી રિવરફ્રન્ટ પર આશરે ૫૦૦ સાયકલની કેપેસીટી હતી. સિમિત ઉપરાંત, ૧૦ કર્મચારીઓ ત્યાં કામ કરતા હતા. થોડા દિવસ પહેલા એક ગ્રાહકે ફરિયાદ કરી હતી કે તેમની કંપનીના કર્મચારીઓ ખોટી રીતે નાણાં વસુલે છે. જેના આધારે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે તે નાણાં તેમને ત્યાં નોકરી કરતી સોનિયા દલના બેંક એકાઉન્ટમાં જમા થયા હતા. તેની પુછપરછમાં જાણવા મળ્યું હતું કે મેનેજર સિમિત ઢોલાણીના કહેવાથી તે આ નાણાં અગત એકાઉન્ટમાં ક્યુ આર કોડથી મેળવતી હતી.આ અંગે વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

મથુરાનગરી ઔડા આવાસની ઘટના

થલતેજમાં સગીર પુત્રની પાસે સિગારેટ મંગાવતા ઠપકો આપનાર પિતાની હત્યા

અમદાવાદ,શનિવાર

શહેરના થલતેજમાં આવેલા મથુરાનગરી ઔડા આવાસમાં રહેતા વ્યક્તિએ તેના સગીર પુત્ર પાસે સિગારેટ મંગાવનાર યુવકને ઠપકો આપ્યો હતો. જેની અદાવત રાખીને તે યુવકે સગીરના પિતાની છરી મારીને હત્યા કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે હત્યાનો ગુનો નોંધીને આરોપીને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

ઘાટલોડિયામાં રહેતા આરોપી ધ્રુવ મકવાણાએ તેના પિતરાઈ ભાઈના ઘરે આવી દાદાગીરી કરી

થલતેજના મલાવ તળાવ પાસે આવેલી મથુરાનગરી ઔડા આવાસમાં કનુભાઈ તેમના પત્ની મીના, સગીર પુત્ર માનવ અને પુત્રી સાથે રહેતા હતા અને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સફાઇ કામદાર તરીકે કામ કરતા હતા. તેમના જ બ્લોકમાં રહેતા યુવકને ત્યાં તેનો ભાઈ ધ્રુવ મકવાણા (રહે.ઘાટલોડિયા) અવારનવાર આવતો હતો શુક્રવારે રાતના સમયે ધ્રુવે કનુભાઈના પુત્ર માનવને પાનના ગલ્લે સિગારેટ લેવા માટે મોકલ્યો હતો. જે વાતની જાણ કનુભાઈને થતા તેમણે ધ્રુવને ઠપકો આપ્યો હતો કે તે નાના બાળકને શા માટે પાનના ગલ્લે મોકલે છે? જેથી ધ્રુવે દાદાગીરી કરીને કનુભાઈને લાફો મારીને ધમકી આપી હતી. આ સમયે કનુભાઈએ પણ વળતો લાફો માર્યો હતો. ત્યારે ધ્રુવે અચાનક તેની પાસે રહેલી છરી કાઢીને કનુભાઈને પગના સાથળમાં ઘા માર્યો હતો અને ત્યાંથી નાસી ગયો હતો. બીજી તરફ કનુભાઈને સારવાર માટે સોલા સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેમનું મોત થયું હતું. આ અંગે બોડકદેવ પોલીસે મૃતક કનુભાઈની પત્ની મીનાબેનને ફરિયાદને આધારે તપાસ શરૂ કરી છે.

અમદાવાદ મ્યુનિ.માં સ્ટાફની અછત

૨૧.૫૦ લાખ ટેક્સ બિલના વિતરણ માટે વધારાનું મહેનતાણુ ચૂકવવું પડશે

અમદાવાદ, શનિવાર

અમદાવાદ શહેરનો વિસ્તાર વધીને ૪૮૦ ચોરસ કિમીથી વધારે થઈ ગયો છે. શહેરની વસતી અને મિલકતોમાં પણ વધારો થઈ રહ્યો છે. જેની સામે કાયમી કર્મચારીઓની ભરતીમાં મ્યુનિ. કોર્પોરેશનનું વલણ ખુબ જ શિથિલ જોવા મળી રહ્યું છે. પરિણામે ટેક્સ બિલના વિતરણ માટે પણ સ્ટાફની અછત છે. જેના કારણે અન્ય કર્મચારીઓને આ કામમાં લગાડવા પડ્યાં છે.

વોર્ડ ઈન્સપેક્ટરોની સાથે સિનિયર, જુનિયર અને સહાયક ક્લાર્કને પણ કામગીરીમાં લગાડવા પડ્યા

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની રેવન્યુ કમિટીની આગામી સોમવારે મળનારી બેઠકમાં એક દરખાસ્ત મુકવામાં આવી છે. જેમાં જણાવ્યા અનુસાર ૧ ટેક્સ બિલના વિતરણ માટે ૩ રૂપિયા લેખે કુલ રૂ.૬૪.૫૦ લાખનો ખર્ચ કરવાની મંજૂરી માંગવામાં આવી છે. અલબત, આ રકમ મ્યુનિ.ના કર્મચારીઓને જ ચૂકવવામાં આવશે. વાત કંઈક એમ છે કે, ટેક્સ વિભાગના વોર્ડ ઈન્સપેક્ટરોને તેમના વોર્ડ દીઠ ૫ હજાર ટેક્સ બિલનું વિતરણ કરવાનું હોય છે. આ હિસાબ મુજબ બધી જગ્યા ભરાયેલી હોય તો પણ ૪૮ વોર્ડમાં ૨.૪૦ લાખ બિલોનું વિતરણ માંડ થઈ શકે તેમ છે. તેની સામે શહેરમાં દર વર્ષે ૨૬.૫૧ લાખ ટેક્સ બિલનું વિતરણ કરવાનું હોય છે. માટે સિનિયર, જુનિયર અને સહાયક ક્લાર્કને પણ વધારાના પૈસા ચૂકવીને આ કામગીરીમાં લગાવવા પડ્યાં છે. વાહન ભથ્થા ન મળતા હોય તેવા કર્મચારીઓને આ કામગીરી માટે બિલ દીઠ રૂ.૩ની રકમ ચૂકવવામાં આવશે. કુલ ખર્ચની મંગાયેલી મંજૂરીની ધ્યાને લેતા કુલ ૨૧.૫૦ લાખ બિલનું આવી રીતે વધારાની કામગીરી તરીકે વિતરણ થયું છે.

રવિવારે રિવરફ્રન્ટ સહિતના માર્ગો બંધ રહેશે

અમદાવાદ, શનિવાર

અદાણી મેરેથોનને પગલે તા. ૨૯-૧૧-૨૬ને રવિવારના રોજ નવેમ્બરે યોજાનારી અદાણી અમદાવાદ મેરેથોન-૨૦૨૬ને લઈને શનિવારે મધરાતથી રવિવારે બપોરના ૧૨ વાગ્યા સુધી સાબરમતી રિવરફ્રન્ટના પૂર્વ અને પશ્ચિમના વિવિધ માર્ગો વાહનવ્યવહાર માટે બંધ રહેશે જેમાં વાડજ સર્કલથી પશ્ચિમ રિવરફ્રન્ટ થઈ આંબેડકર બ્રિજથી અંજલી ચાર રસ્તા સુધીનો માર્ગ તેમજ વાડજ સર્કલથી કાર્ગો મોટર્સ થઈ રાણીપ ડી-માર્ટ ચાર રસ્તા સુધીનો માર્ગ બંધ રહેશે. ઉપરાંત, શિલાલેખ ચાર રસ્તાથી ડફનાળા થઈ પૂર્વ રિવરફ્રન્ટ પર ધોબીઘાટ અને કાશી વિશ્વનાથ મંદિરથી રમેશફાર્મ સુધીના માર્ગ પર વાહનોની અવરજવર પ્રતિબંધિત રહેશે. આંબેડકર બ્રિજ પર એકતરફી વાહનવ્યવહાર માંટે બંધ રહેશે. વાહનચાલકો માટે ઉસ્માનપુરા, શાહીબાગ, પ્રબોધરાવળ સર્કલ સહિતના વૈકલ્પિક માર્ગો નક્કી કરવામાં આવ્યા છે.

કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમથી વાહનનો ટ્રેક મેળવ્યો

ચાંગોદરના વેરહાઉસમાં એક કરોડના ગેઝેટ્સની ચોરી, પાંચ શખ્સો ઝડપાયા

અમદાવાદ,શનિવાર

અમદાવાદ જિલ્લાના ચાંગોદરમાં આવેલા એક કંપનીના વેરહાઉસમાંથી થોડા દિવસ પહેલા આશરે એક કરોડની કિંમતના આઇ ફોન, લેપટોપ, સહિતની મત્તાની ચોરી થવાના કેસમાં આંતરરાજ્ય ગેંગના પાંચ આરોપીઓને ટેકનીકલ એનાલીસીસના આધારે પોલીસે ઝડપી લીધા હતા. આરોપીઓએ ઓનલાઇન એપલ કંપનીના વિવિધ વેર હાઉસની માહિતી એકઠી કરીને રેકી કર્યા બાદ ચોરી કરતા હતા. આ અંગે પોલીસે વધુ પુછપરછ હાથ ધરી છે.

ચાંગોદર પાસે આવેલા નવાપુરા ગામની સીમમાં આવેલી એક કંપનીના વેરહાઉસમાંથી એક મહિના પહેલા ચોરીની ઘટના બની હતી. જેમાં એક કરોડની કિંમતના આઇફોન, આઇપેડ, લેપટોપ સહિત કુલ એક કરોડની મત્તાની ચોરી થઇ હતી. અમદાવાદ ગ્રામ્ય એલસીબીએ આ કેસમાં સીસીટીવી ફુટેજના આધારે કારમાં આવેલા પાંચ શખ્સોની તપાસ શરૂ કરી હતી. જેમાં કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમથી ૧૦૦થી વધુ વાહનોના ડેટા તપાસીને મહારાષ્ટ્રના થાણે, રાજસ્થાનના શિહોરી અને ઝાલોર, તેમજ ઉત્તર પ્રદેશના મિરઝાપુર, વારાણસીમાં તપાસ શરૂ કરીને સંદીપ પટેલ (રહે.જોનપુર, ઉત્તરપ્રદેશ) , સુરેન્દ્ર પટેલ (રહે. જોનપુર), આકાશ ચૌહાણ (રહે. મિરઝાપુર, ઉત્તરપ્રદેશ), મોહમંદ સમીમ (રહે. ભીવંડી, મહારાષ્ટ્ર) અને કમલેશગીરી ગોસ્વામીને ઝડપીને ચોરીનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ અંગે વધુ માહિતી આપતા જિલ્લા પોલીસ વડાએ જણાવ્યું કે આરોપીઓ ગુગલ પર ઓનલાઇન એપલ કંપનીના વેરહાઉસની માહિતી મેળવીને તેના લોકેશનની આસપાસ રેતી રેકી કરીને ચોરી કરતા હતા.



આજનુ પંચાંગ

તા.૨૯/૧૧/૨૦૨૬,રવિવાર

કારતક વદ છઠ

દિવસના ચોઘડિયા : ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ
રાત્રિના ચોઘડિયા : શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ
અમદાવાદ સૂર્યોદય : ૭ ક. ૦૪ મિ. સૂર્યાસ્ત : ૧૭ ક. ૫૨ મિ.
નવકારસી સમય : (અ) ૭ ક. ૫૨ મિ. **જન્મરાશિ :-** કર્ક (ડ, હ) રાશિ આવે.
નક્ષત્ર : પુષ્ય ૧૧ ક. ૦૦મિ. સુધી પછી આશ્લેષા નક્ષત્ર આવે. આશ્લેષા નક્ષત્રની શાંતિ વિધિ કરાવવી.**ગોચર ગ્રહ :** સૂર્ય-વૃશ્ચિક, મંગળ-સિંહ, બુધ-તુલા, ગુરૂ-સિંહ, શુક્ર-તુલા, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, ચંદ્ર-કર્ક, હર્ષલ (યુરેનસ)-વૃષભ, નેપચ્યુન-મીન, પ્લુટો-મકર **રાહુકાળ :** ૧૬.૩૦ થી ૧૮.૦૦ (દ.ભા.)
વિક્રમ સંવત : ૨૦૮૩ કાલયુક્ત સંવત્સર શાકે : ૧૯૪૮ પરાભવ જૈનવીર સંવત : ૨૫૫૩ **દક્ષિણાયન હેમંત ઋતુ રાષ્ટ્રીય દિનાંક :** માર્ગશીર્ષ ૮ વ્રજ માસ : માગશર - ૫ **માસ-તિથિ-વાર :** કારતક વદ છઠ
- ૫. પૂ. શ્રી ડોંગરેજી મહારાજની પૂણ્યતિથિ
મુસલમાની હિજરીસન : ૧૪૪૮ જમાદીઉલઆખર માસનો ૧૯ મો રોજ
પારસી શહેનશાહી વર્ષ : ૧૩૯૬ તીર માસનો ૧૭ મો રોજ સરોશ

આજનું ભવિષ્ય

- અગ્નિદત્ત પદમનાભ

મેષ : આપ હરો-ફરો-કામકાજ કરો પરંતુ આપને હૃદય-મનને શાંતિ રાહત જણાય નહીં. ઘર-પરિવારની ચિંતા રહ્યા કરે. ખર્ચ જણાય.

વૃષભ : અડોશ-પડોશના કામકાજ અંગે આપના વ્યસ્તતા જણાય. આપના કામમાં સહકાર્યકરવર્ગ-નોકર-ચાકરવર્ગનો સાથ-સહકાર મળી રહે.

મિથુન : સીઝનલ ધંધામાં ઘરાકી આવી જાય. કૌટુંબિક-પારિવારીક કામ અંગે દોડધામશ્રમ રહે. કામનો ઉકેલ આવતાં રાહત જણાય.

કર્ક : આપના કામમાં વ્યસ્ત રહી દિવસ પસાર કરી શકો. અગત્યના કામનો ઉકેલ આવવાથી આપને રાહત થતી જાય. આનંદ રહે.

સિંહ : આપના કામમાં કોઈને કોઈ રૂકાવટ-મુશ્કેલી આવ્યા કરે. સીઝનલ ધંધામાં તકલીફ રહે. સાસરીપક્ષ-મોસાળપક્ષની ચિંતા અનુભવાય.

કન્યા : આપના કામની કદર-પ્રશંસા થવાથી આનંદ અનુભવો. સીઝનલ ધંધામાં આકસ્મિક ઘરાકી આવી જવાથી લાભ-ફાયદો જણાય.

તુલા : આપના કાર્યની સાથે ઘર-પરિવાર-સગા-સંબંધીવર્ગ-મિત્રવર્ગના કામમાં વ્યસ્ત રહેવું પડે. દોડધામ-શ્રમ રહ્યા કરે.

વૃશ્ચિક : જૂના સ્વજન-સ્નેહી-મિત્રવર્ગ સાથે આકસ્મિક મુલાકાત થવાથી આનંદ અનુભવો. યાત્રા-પ્રવાસનું આયોજન ગોઠવાય.

ધન : દિવસના પ્રારંભથી જ આપને સુસ્તી-બેચેની જેવું લગ્યા કરે. તબીયતની અસ્વસ્થતા જણાય. કામ કરવાની ઈચ્છા થાય નહીં.

મકર : સંસ્થાકીય કામમાં, જાહેરક્ષેત્રના કામમાં આપે વ્યસ્ત રહેવું પડે. આપના કામમાં અન્યનો સહકાર મળી રહે. મુલાકાત થઈ શકે.

કુંભ : આપના ગ્રાહકવર્ગનું આપે ધ્યાન રાખવું પડે. તેમને તોડવાના પ્રયાસ થાય. વાહન ચલાવતી વખતે ઉતાવળ કરવી નહીં.

મીન : આપની બુદ્ધિ-અનુભવ-આવડત-મહેનતથી આપના કામનો ઉકેલ લાવી શકો. વાણીની મીઠાશથી કામમાં લાભ રહે.

જન્મ તારીખ વર્ષ સંકેત

તા.૨૯/૧૧/૨૦૨૬,રવિવાર

આજથી શરૂ થઈ રહેલું આપનું જન્મવર્ષ સારું પસાર થાય. **નોકરી-ધંધો :** વ્યવસાયિક દ્રષ્ટિએ વર્ષ આપના માટે અનુકૂળ રહે. આપના રૂકાવટ-વિલંબમાં અટવાઈ પડેલા કામનો ધીરે-ધીરે ઉકેલ આવતો જાય. આવક જળવાઈ રહે. સીઝનલ ધંધામાં આપને લાભ-ફાયદો મળી રહે. **નાણાકીય સુખાકારી :** નાણાકીય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ ગત વર્ષની સરખામણીએ સારું રહે. ફસાઈ ગયેલા નાણાં, ઉઘરાણીના નાણાં છૂટા થવાથી આપને રાહત જણાય. આવકમાં વધારો જણાય. જાવક ઘટતી જાય. **વિદ્યાર્થીવર્ગ :** વિદ્યાર્થીવર્ગ માટે આ વર્ષ સારું રહે. અભ્યાસમાં સાનુકૂળતા મળી રહે. મહેનતના પ્રમાણમાં પરિણામ પ્રાપ્ત કરી શકો. કૌટુંબિક-પારિવારીક પ્રસંગને લીધે થોડી અડચણ જણાય.

જાહેર નોટિસ

જી-અમદાવાદના, તા-દશક્રોઈના મોજે રણોદરા ની સીમના સર્વે/બ્લોક નં-૫૯૯ (જુના સર્વે/બ્લોક નં- ૩૯) ની કુલ ૦-૩૨-૮૭ હે-આરે-ચો.મી ખેતીની જમીનના માલિકો વિજયસિંહ મફાભાઈ, રાજેન્દ્રસિંહ મફાભાઈ, પ્રદિપસિંહ મફાભાઈ, સુબાબેન કાળુભા વાઘેલા તથા કોકીલાબા ઉર્ફે અમરતબેન મફાભાઈ ઉર્ફે મફતસિંહ વાઘેલા દ્વારા સદર જમીનના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદરહુ જમીન ઉપર ધી સનાથળ સેવા સહકારી મંડળી લી. સિવાય કોઈપણ બેંક, સંસ્થા કે વ્યકિતનો લાગભાગ, હકક-દાવો, ગીરો, બોજો, હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને લેખીત પુરાવાઓ સાથે નીચેના સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વિત્યે સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો બોજો, હકક-દાવો કે અધિકાર નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેવું સમજી સદરહુ જમીન અંગે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ અમો આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની નોંધ લેવી.
અમદાવાદ.
તા- ૨૮/૧૧/૨૦૨૬
સતીષ એચ.પુજારા
(એડવોકેટ એન્ડ નોટરી)
એફ.એફ/૫, હરે-કિષ્ના કોમ્પલેક્ષ, સ્ટેટ બેંકની સામે, બોપલ, અમદાવાદ, મો.નં. ૯૦૩૩૦૩૩૮૯૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ડીસ્ટ્રીક્ટ અમદાવાદ, રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ (૯) (બોપલ), તાલુકા ઘાટલોડીયાના મોજે ગામ થલતેજની સીમના રેવન્યુ સર્વે નંબરો ૨૬૪/૧, ૨૬૫/૧, ૨૬૫/૨ તથા ૨૬૫/૩ ની બીનખેતીની જમીન કે જેનો ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર ૩૭ (થલતેજ) માં સમાવેશ થતાં ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબર ૩૫+૩૯+૪૦+૪૧/૧ ની રહેણાંકના હેતુ માટેની બીનખેતીની જમીન 'હેરીટેજ રેસીડેન્સી કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ' ની માલીકીની આવેલ, સદરહુ જમીન ઉપર સોસાયટીએ પોતાના સભાસદો માટે રહેણાંકના સબ-પ્લોટીંગની સ્કીમ વિકસાવેલ જે ''હેરીટેજ રેસીડેન્સી'' ના નામથી ઓળખાય છે, જેમાં આવેલ સબ- પ્લોટો પૈકી સબ-પ્લોટ નંબર-૨૪ ની સમચોરસમીટર ૫૨૨.૫૭૫ યાને સમચોરસવાર ૬૨૫ના વિસ્તારની રહેણાંકીય ઉપયોગની બીનખેતીની જમીનવાળી મિલ્કત સદરહુ સોસાયટીના સભાસદ તરીકેના તમામ હક્કો-અધિકારો સહિતની મિલ્કત, હાલ શ્રીમતી દર્શનાબેન જીતેશકુમાર પટેલ, રહેવાસી - ગુલાબ પાર્ક, એસ.ટી.રોડ, સિધ્ધપુર, પાટણ, ગુજરાત નાઓ કુલ સ્વતંત્ર સભાસદ હક્કે ધારણ કરતા આવેલ હોવાનું જણાવી, ઉપરોકત સબ-પ્લોટ નંબર ૨૪ વાળી મજકુર મિલ્કત કોઈપણ પ્રકારના સદરહુ સોસાયટીના સભાસદ હક્કે બોજારહીત આવેલ, અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. અમારા અસીલ તરફથી મજકુર મિલ્કત પરત્વેના રાઈટસ-ટાઈટલ્સ કિલયર અને માર્કેટેબલ હોવા બાબતેના અમારા અભિપ્રાયોની માંગણી કરેલ છે. આથી મજકુર સબ-પ્લોટ નંબર ૨૪ વાળી મિલ્કત, કે તેના કોઈ ભાગ અંગે કોઈપણ શખ્સ, બેનિફિસયરી, બેન્ક, સંસ્થા કે મંડળીનો કોઈપણ પ્રકારનો હકક- હિસ્સો, ગીરો, બોજો, લાગભાગ કે દાવો-અલાખો હોય તો તેઓએ તે અંગેની લેખિત જાણ તેના લેખિત પુરાવાઓ સહિત આ નોટિસ પ્રસિદ્ધ થયેલ થી દિન સાત (૭) મા અમોને કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો મજકુર સબ- પ્લોટ નંબર ૨૪ વાળી મિલ્કત પરત્વે કોઈનો કોઈ પણ પ્રકારનો હકક- હિસ્સો, લાગભાગ કે હિતસંબંધ નથી અને હોય તો તે તમામ ઉપરોકત જણાવેલ મિલ્કતના માલિકની તરફેણમાં જતા યાને વેવ કરેલ છે, તેમ સમજી મજકુર મિલ્કત અંગેના ટાઈટલ્સ ચકાસણીની કાર્યવાહી તેમજ મજકુર મિલ્કતના વેચાણ અંગેની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર કે ક્લેઈમ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.
આજ રોજ તારીખ ૨૯, માહે - નવેમ્બર, સને ૨૦૨૬ ના દિને
માનસી આર. પટેલ એડવોકેટ
શાલીન એન. પરીખ,
એડવોકેટ એન્ડ મિડીયેટર
પી.એચ. પરીખ એન્ડ કું.
પાંચમો માળ, સુમેરૂ સેન્ટર, પરિમલ રેલ્વે ક્રોસીંગ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ
ફોન નંબર- (ઓ) ૨૬૬૫૦૩૧૬



જાહેર નોટિસ

અમો એડવોકેટ શ્રી મુસ્તુફા બી. બંગાલી તે આથી અમારા અસીલની સુચના અને ફરમાઈશથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, મોજે રજોડા, તા.બાવળા, જી.અમદાવાદનાં ખાતા નં.૨૦૮ ની (૧) સર્વે/બ્લોક નં.૫૮૭ (જુના સર્વે/બ્લોક નં.૯૨૭/૧) ની ૦-૭૨-૯૩હે.આરે ચો.મી. તથા (૨) સર્વે/બ્લોક નં.૫૮૮ (જુના સર્વે/બ્લોક નં.૯૨૭/૨) ની ૦-૬૧-૯૦ હે.આરે ચો.મી. જુની શરતની ખેતીની જમીનો (૧) ભરતભાઈ બાબુલાલ વેકરીયા (૨) બીપીનભાઈ ભગવાનજીભાઈ વેકરીયા (૩) ઉમાબેન બીપીનભાઈ વેકરીયા (૪) જહાન્વી બીપીનભાઈ વેકરીયા (૫) કરણ બીપીનભાઈ વેકરીયા (૬) પારૂલબેન ભરતભાઈ વેકરીયા (૭) ધ્વની ભરતભાઈ વેકરીયા (૮) વિશ્રુત ભરતભાઈ વેકરીયા તમામ ઠે. રજોડા, તા.બાવળા, જી.અમદાવાદ સહમાલીકી સહકબજા ભોગવટામાં આવેલી છે. સદરહુ જમીનોમાં સદરહુ જમીન માલીક સિવાય અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીસ્સો કે કોઈનો કોઈ ગણોત હકક, ભાડવાત હકક કે ગાડાવટ હકક નથી કે સદરહુ જમીનો ઉપર કોઈ વ્યકિત, નાણાંકીય સંસ્થા કે કે બેન્કનો બોજો કે ચાર્જ નથી કે કોઈ દાવા-દુવી ચાલતા નથી કે હાલ પેન્ડીગ નથી. અને મજકુર જમીનના રાઈટસ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાના પ્રમાણપત્રની અનુ.નં.૨ નાંએ અમારી પાસે માંગણી કરેલ છે. તેથી મજકુર જમીનોમાં કોઈપણ વ્યકિતનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીસ્સો હોય કે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવા સામે અન્ય કોઈ વ્યકિતનો કોઈપણ જાતનો વાંધો હોય તો તેની લેખીત જાણ પ્રમાણીત પુરાવા સાથે અમોને આજથી દીન-૭માં રજી. એ.ડી. થી કરવી. તેમ કરવામાં કસુર થયેથી મજકુર જમીનોમાં અન્ય કોઈનો કોઈપણ જાતનો હકક, હીસ્સો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે. તેમ સમજી અમો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું. ત્યારબાદ કોઈનો વાંધો તકરાર ચાલશે નહીં. તેની જાહેર નોંધ લેવી.
અમદાવાદ તા.૨૮-૧૧-૨૦૨૬
મુસ્તુફા બી, બંગાલી
(B.Com., LL.M.)
શ્રીમતી એ. એમ. બંગાલી
(B.A., L.L.B.)
ફીઝા એમ. બંગાલી,
(B.A., LL.M.)
માહીર એમ. બંગાલી,
(B.A., LL.M.)
એડવોકેટસ
ઓફીસ: ૩૩૦,૩૩૧, થર્ડફ્લોર, 'યશ એરીયન' વિવેકાનંદ ચોક, ગુરૂકુલ રોડ, મેમનગર,અમદાવાદ-૫૨
મો.૯૯૯ ૮૫ ૩૩૩ ૦૯

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર સબ-ડીસ્ટ્રીક્ટ કલોલ તાલુકા કલોલના મોજે રાંચરડાની સીમના સરવે/બ્લોક નંબર ૪૩૯.૦૦૨ (જુનો બ્લોક નંબર ૧૯૭ પૈકી) (હાલમાં સીટી સરવે નંબર NA ૪૩૯.૦૦૨/૨ પૈકી) ની બીનખેતીની જમીન શ્રી ભાગવત પ્લોટ ઓનર્સ એસોસીએશનની માલીકીની આવેલ. સદરહુ એસોસીએશન દ્વારા મજકુર જમીન તથા અન્ય જમીનો ઉપર 'ટ્યુલીપ શેલેઝ' (Tulip chalets) નામની રહેણાંકીય પ્લોટીંગની સ્કીમ મુકવામાં આવેલ છે. મજકુર સ્કીમમાં આવેલ પ્લોટીંગ પૈકી પ્લોટ નંબર ૧૫૯ની ૧૧૮૯ચોરસવાર યાને ૯૯૪.૧૫ ચોરસમીટર (નેટ એરીયા) તથા ૧૩૪૩ ચોરસવાર યાને ૧૧૨૨.૮૮ ચોરસમીટર (ગ્રોસ એરીયા) તેની ઉપર આવેલ આસરે ૧૦૦ ચોરસવાર યાને ૮૩.૬૧ ચોરસમીટરના બાંધકામ સહીતની જમીન જ્યોત્સનાબેન રાજેન્દ્રકુમાર પટેલ મજકુર એસોસીએશનના શેરહોલ્ડર તથા સભાસદ તરીકે ધરાવે છે. તેઓએ સદરહુ પ્લોટવાળી સદરહુ સ્કીમના આંતરીક રસ્તા, કોમન પ્લોટ વિગેરેના સહીયારા વાપર-ઉપયોગના તથા મજકુર પ્લોટને લાગુ પડતા હક્કો સહીતની જમીન તેઓની કુલ સ્વતંત્ર સહમાલીકી પ્રત્યક્ષ સહકબજા ભોગવટાની તેમજ સર્વે પ્રકારના બોજાઓથી મુક્ત હોવાનું જણાવી વેચાણના હેતુથી ટાઈટલ ચકાસણીની કામગીરી અમોને સોંપેલી છે. સર્વે શખ્સો, વ્યક્તિ, પેઢી, બેંક, નાણાંકીય સંસ્થા, એસોસીએશન કે અન્ય કોઈપણ કે જેઓ વેચાણ, વારસો, ભેટ, લાયસન્સ, કબજો, ગીરો, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, ભરણપોષણ, ઈઝમેન્ટ, અદલાબદલો, ડેવલપર, બીલ્ડર, ઓર્ગેનાઈઝર, કોંન્ટ્રાક્ટર, પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ, કે ફાઈનાન્સર તરીકે, કે બાનાખતના કરાર, ભાડાચીઠ્ઠી ભાડા કરાર, પાવર ઓફ એટર્ની, કબજા કરાર, સમજુતી કરાર, હુકમનામું કે કોર્ટ કાર્યવાહી હેઠળ, અન્ય કોઈ લખાણ હેઠળ કે કુટુંબના સભ્ય/સહવારસ, સગીર કે વારસદાર તરીકે કે મજકુર જમીનના જુના દસ્તાવેજો-ટાઈટલ ડીડ્સ બાબતે રેવન્યુ રેકર્ડમાં થયેલ વખતોવખતના ફેરફારો બાબતે કે બીજી કોઈપણ રીતે સદરહુ જમીન પર સીધો કે આડકતરો હક્ક, દાવો, કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવા સાથે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ સાતની અંદર નીચેના સરનામે કરવી. નહિતર આવા હક્ક, દાવા કે અલાખા પર કોઈપણ જાતનું લક્ષ આપ્યા સિવાય સદરહુ જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ આપવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં.
મેસર્સ એચ. દેસાઈ એન્ડ કંપની
એડવોકેટસ એન્ડ સોલીસીટર્સ,
૨૦૨, સેકન્ડ ફ્લોર, ટાઈટેનીયમ વન, રાજપથ ક્લબની પાસે, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૯
ફાઈલ નંબર-૧૯૭/૨૦૨૬/HHD/KHD



જાહેર નોટિસ

જત ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૩ (મેમનગર)ના સાબરમતી તાલુકાના મોજે ગામ શેખપુર-ખાનપુરની સીમના ટી.પી.સ્કીમ નં. ૩ વેરીડના ફા.પ્લોટ નં. ૨૪૨ વિગેરેની જમીન ઉપર ધી સ્વસ્તિક કો.ઓ.હા.સો.લી. (સ્વસ્તિક સોસાયટી)ના નામથી ઓળખાતી સોસાયટી આવેલ છે તેના પ્લોટ નં. ૭૩ની જમીન ઉપર એમ સ્કવેર ના નામથી ઓળખાતી યોજના આવેલ છે તેમાં આવેલ ફલેટ નં. બી/૧ (પ્રથમ માળ) વાળી ૯૨ ચો.વાર યાને ૭૬.૯૨ ચો.મી.ના બાંધકામવાળી મીલકત અમારા અસીલ મહેશ લલિત શારદા એ પોતાની માલીકી, કબજા, ભોગવટાની હોવાનું જણાવી તેમજ તમામ પ્રકારના બોજાઓથી મુકત હોવાનું જણાવી અમારી પાસે સદરહું મીલકતના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે જેથી સદરહું મીલકત ઉપર કોઈપણ વ્યકિત, પેઢી, સંસ્થા કે બેંકનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત-હિસ્સો, સબંધ, બોજો યા ચાર્જ પોશાતો હોય તો દિન-૭માં પુરાવા સહીત લેખીતમાં નીચેના સરનામે લેખીત જાણ કરવી, અન્યથા મુદતે વિતે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે.
અમદાવાદ.
તા. ૨૮. ૧૧.૨૦૨૬
ધનરાજ જે. ખોસલા, એડવોકેટ
ઠેકાણું: પંજાબ ભવન, પોલીસ કમિશ્નર કચેરીની પાછળ, શાહીબાગ, અમદાવાદ. મો.નં. 8238757759

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીક્ટ બાવળા તાલુકા બાવળાનાં ગામ મોજે ચિયાડાની સીમનાં (૧) સીટી સર્વે નં.એનએ૧૪૮/પ્લોટ. ૨૦ + કોમન. પાર્કિંગ.૨૦ (એકત્રીત સીટી સર્વે નં.એનએ૧૪૮) તથા (૨) સીટી સર્વે નં.એનએ૧૪૮/પ્લોટ. ૨૧ + કોમન. પાર્કિંગ.૨૧ (એકત્રીત સીટી સર્વે નં.એનએ૧૪૮) ની ઔદ્યોગિક હેતુની બીનખેતીની જમીનમાં આવેલ ''ઓઝોન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક'' નામની સ્કીમ તથા તેમાં આવેલ સબ-પ્લોટો પૈકી સબ-પ્લોટ નં. પ્લોટ. ૨૦ + કોમન. પાર્કિંગ.૨૦ ની ૭૧૪૯.૦૮ સ. ચો. મી. ની જમીન તથા (૨) પ્લોટ. ૨૧ + કોમન. પાર્કિંગ.૨૧ ની ૬૧૨૯.૨૮ સ. ચો. મી. ની જમીનો મે. ઓઝોન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક એ નામની ભાગીદારી પેઢીની કુલ સ્વતંત્ર માલિકી તથા કબજા ભોગવટાની તથા અન્ય તમામ પ્રકારનાં બોજા રહીત હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ ક્લિયરનાં પ્રમાણપત્રની માંગણી કરેલ છે તો ઉપરોક્ત પ્લોટો ઉપર અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૭ (સાત) માં અમોને તે બદલનાં દસ્તાવેજ પુરાવા સહિત લેખીતમાં જાણ નીચેનાં સરનામે રજી. એ. ડી. પોસ્ટ થી કરવી. જો તેમ કરવામાં નહિ આવે તો ઉપરોક્ત પ્લોટો અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો કે દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમજ સમજી અમો ટાઈટલ્સ ક્લીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી.
તા. ૨૮/૧૧/૨૦૨૬
ડી. વી. દેસાઈ એન્ડ કંપની, એડવોકેટસ
વતી હિતેષ ડી. દેસાઈ (એડવોકેટ)
રાજેશ ડી. દેસાઈ (એડવોકેટ)
પંક્તિ હિતેષ દેસાઈ (એડવોકેટ)
પ્રિયંકા રાજેશ દેસાઈ (એડવોકેટ)
દીપ રાજેશ દેસાઈ (એડવોકેટ)
૨૬/એ, નારાયણનગર સોસાયટી, ચંદ્રનગર છ રસ્તા પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭
ટે.નં. ૨૬૬૨૧૭૯૩/૨૬૬૪૨૦૨૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર સબ-ડીસ્ટ્રીક્ટ કલોલ તાલુકા કલોલના મોજે રાંચરડાની સીમના સરવે/બ્લોક નંબર ૪૩૯.૦૦૨ (જુનો બ્લોક નંબર ૧૯૭ પૈકી) (હાલમાં સીટી સરવે નંબર NA૪૩૯.૦૦૨/૨ પૈકી) ની બીનખેતીની જમીન શ્રી ભાગવત પ્લોટ ઓનર્સ એસોસીએશનની માલીકીની આવેલ. સદરહુ એસોસીએશન દ્વારા મજકુર જમીન તથા અન્ય જમીનો ઉપર "ટ્યુલીપ શેલેઝ" (Tulip chalets) નામની રહેણાંકીય પ્લોટીંગની સ્કીમ મુકવામાં આવેલ છે. મજકુર સ્કીમમાં આવેલ પ્લોટીંગ પૈકી પ્લોટ નંબર ૧૫૫ની ૧૧૮૯ચોરસવાર યાને ૯૯૪.૧૫ ચોરસમીટર (નેટ એરીયા) ની જમીન વિલાસબેન ડી. પટેલ તથા ભાવનાબેન એન. પટેલ મજકુર એસોસીએશનના જોઈન્ટ શેરહોલ્ડર તથા સભાસદ તરીકે ધરાવે છે. તેઓએ સદરહુ પ્લોટવાળી સદરહુ સ્કીમના આંતરીક રસ્તા, કોમન પ્લોટ વિગેરેના સહીયારા વાપર-ઉપયોગના તથા મજકુર પ્લોટને લાગુ પડતા હક્કો સહીતની જમીન તેઓની કુલ સ્વતંત્ર માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટાની તેમજ સર્વે પ્રકારના બોજાઓથી મુક્ત હોવાનું જણાવી વેચાણના હેતુથી ટાઈટલ ચકાસણીની કામગીરી અમોને સોંપેલી છે. સર્વે શખ્સો, વ્યક્તિ, પેઢી, બેંક, નાણાંકીય સંસ્થા, એસોસીએશન કે અન્ય કોઈપણ કે જેઓ વેચાણ, વારસો, ભેટ, લાયસન્સ, કબજો, ગીરો, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, ભરણપોષણ, ઈઝમેન્ટ, અદલાબદલો, ડેવલપર, બીલ્ડર, ઓર્ગેનાઈઝર, કોંન્ટ્રાક્ટર, પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ, કે ફાઈનાન્સર તરીકે, કે બાનાખતના કરાર, ભાડાચીઠ્ઠી ભાડા કરાર, પાવર ઓફ એટર્ની, કબજા કરાર, સમજુતી કરાર, હુકમનામું કે કોર્ટ કાર્યવાહી હેઠળ, અન્ય કોઈ લખાણ હેઠળ કે કુટુંબના સભ્ય/સહવારસ, સગીર કે વારસદાર તરીકે કે મજકુર જમીનના જુના દસ્તાવેજો-ટાઈટલ ડીડ્સ બાબતે રેવન્યુ રેકર્ડમાં થયેલ વખતોવખતના ફેરફારો બાબતે કે બીજી કોઈપણ રીતે સદરહુ જમીન પર સીધો કે આડકતરો હક્ક, દાવો, કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવા સાથે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ સાતની અંદર નીચેના સરનામે કરવી. નહિતર આવા હક્ક, દાવા કે અલાખા પર કોઈપણ જાતનું લક્ષ આપ્યા સિવાય સદરહુ જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ આપવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં.
મેસર્સ એચ. દેસાઈ એન્ડ કંપની
એડવોકેટસ એન્ડ સોલીસીટર્સ,
૨૦૨, સેકન્ડ ફ્લોર, ટાઈટેનીયમ વન, રાજપથ ક્લબની પાસે, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૯
ફાઈલ નંબર-૧૯૭/૨૦૨૬/HHD/KHD

મંત્રમુગ્ધ

- ''કામવિકાર એ માત્ર ઈચ્છા નથી, પણ શરીરમાં થનારી એક રાસાયણિક પ્રક્રિયા છે. આ પ્રક્રિયાનું પ્રેરક બળ, વિજાતીય સહવાસ, એકાંત, બીજા પાત્ર દ્વારા મળતા શારિરીક તથા માનસિક સંકેતો, વાતાવરણ તથા પોતાની ભૂમિકા કારણ બનતી હોય છે.''
- પ્રબુધ્ધ વક્તા અને સાહિત્યકાર સ્વામી સચ્ચિદાનંદજી (દંતાલીવાળા)
- ''સાચી ખુશીનું રહસ્ય માત્ર આજમાં જીવવામાં છે. જે વ્યક્તિ વર્તમાનની સંતુષ્ટિમાં જીવતા શીખી જાય છે, તેને ભવિષ્યની ફિકર ક્યારેય બેચેન નથી કરી શક્તી.'' **- જર્મન મૂળના મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈન**
- ''જે માનવી પોતાની વાણીના વેગ પર સંયમ કે અંકુશ નથી રાખી શક્તો, તેનાં આંતર મનમાં ક્યારેય સત્યનો વાસ હોતો નથી; કેમ કે વાણીની શુધ્ધતા અને સંયમ એ જ અંતર આત્માની સાચી સત્યતાની પ્રતીતિ કરાવે છે.''
- સત્ય, સંયમ અને ચારિત્ર્ય શુધ્ધિના વિશ્વવંદ્ય ઉપાસક મહાત્મા ગાંધી
- ''ખોટી રીતે ફાયદો મેળવવાની લાલસા એટલે પાયાથી જ પાયમાલી અને નુકસાનને આમંત્રણ આપીને વિનાશ તરફનું ડગલું માંડવું.''
- પ્રાચીન ગ્રીસના મહાન દાર્શનિક ડેમોક્રિટસ
- મોટાભાગે હાસ્યના મલકાટ નીચે મલિનતાના, દુઃખના, વેદનાના, પીડાના, અને વણઉકેલાયેલા પ્રશ્નોની કાળી પરતોના થર જામેલા હોય છે.
- ''કટુ વાસ્તવિકતા''

સંકલન : russhabhshahgs@gmail.com



જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૨ (વાડજ)ના ઘાટલોડિયા તાલુકાના મોજે ગામ ઘાટલોડિયાની સીમના સરવે નંબર-૨૪૭ ટી.પી.સ્કીમ નંબર-૨ ફાઈનલ પ્લોટ નંબર-૮૨ ની સ.ચો.મી. ૩૦૨૩ ની જમીન ઘાટલોડિયા મીના પાર્ક કો.ઓ.હા.સો.લી. (માણેકબા એપાર્ટમેન્ટ) ની કુલ સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાની આવેલી છે અને તેના સભ્યોના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ અંગે તા. ૫-૧૧-૨૦૨૬ ના રોજ ગુજરાત સમાચાર દૈનિકપત્રમાં જાહેરાત આપવામાં આવેલ અને સદર જાહેરાતમાં શરતચુકથી ઔડા દ્વારા મંજુર થયેલ પ્લાન મુજબ ૪૮ ફલેટ આવેલ છે અને સ્થળ ઉપર ૪૬ ફલેટ તથા ૪ દુકાનો આવેલ છે તેની જગ્યાએ એએમસી દ્વારા મંજુર થયેલ પ્લાન મુજબ ૪

બિનસત્તાવાર આઈપીઓ ગ્રે માર્કેટ પ્રીમિયમની 'ગોલમાલ' : પ્રકાશન પ્રતિબંધ લગાવ્યા બાદ હવે

પ્રી-આઈપીઓ શેરોના ટ્રેડિંગ માટે અલગ એક્સચેન્જ બનાવાશે

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ તા.૨૮

મૂડી બજાર નિયામક તંત્ર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) ભારતીય શેર બજારમાં પ્રી-આઈપીઓ શેરોના વ્યવહારોને વધુ પારદર્શક અને નિયમનબદ્ધ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરવાની તૈયારી કરી રહ્યું છે. સેબી હવે પ્રી-આઈપીઓ શેરના ટ્રેડિંગ માટે અલગ એક્સચેન્જ અથવા વિશેષ ટ્રેડિંગ પ્લેટફોર્મ સ્થાપવાની શક્યતા પર વિચાર કરી રહ્યું છે. આ અંગેનો પ્રસ્તાવ તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે અને ટૂંક સમયમાં સેબી દ્વારા કન્સલ્ટેશન પેપર જારી કરવામાં આવે એવી શકયતા છે.

ટૂંક સમયમાં કન્સલ્ટેશન પેપર જારી કરાશે : સેબી અનલિસ્ટેડ શેર બજારને નિયંત્રિત કરવાને બદલે આઈપીઓ પહેલાના શેર વ્યવહારો માટે ચોક્કસ નિયમનકારી વ્યવસ્થા ઊભી કરશે



સેબીના ચેરમેન તુહિન કાંતા પાંડેએ જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણથી ચાર વર્ષ દરમિયાન ભારતમાં આઈપીઓ માર્કેટમાં નોંધપાત્ર વિસ્તરણ થયું છે. આ બદલાતી બજાર વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને સેબી વિવિધ સુધારાત્મક પગલાં પર વિચાર કરી રહ્યું છે. જેમાં પ્રી-આઈપીઓ શેરના વ્યવહારો માટે અલગ ટ્રેડિંગ પ્લેટફોર્મ ઊભું કરવાનો વિચાર પણ સામેલ છે.

હાલમાં ઘણી કંપનીઓ શેર બજારમાં આઈપીઓ લાવે તે પહેલા તેમના શેરનું વેચાણ ખાનગી વ્યવહારો-સોદા મારફતે કરે છે. આવા શેરને સામાન્ય રીતે પ્રી-આઈપીઓ અથવા અનલિસ્ટેડ શેર તરીકે ઓળખવામાં આવે છે. આ શેરમાં રોકાણ કરવા માટે રોકાણકારોને સામાન્ય રીતે બ્રોકર્સ, મધ્યસ્થીઓ અથવા અનલિસ્ટેડ શેરના વ્યવહારો કરાવતી સંસ્થાઓનો સહારો લેવો પડે છે. આ વ્યવહારોમાં પારદર્શિતા, શેરના યોગ્ય ભાવની જાણકારી, કંપનીની નાણાકીય સ્થિતિ અને રોકાણકારોના હિતોની સુરક્ષા જેવા મુદ્દાઓ મહત્વના બની રહે છે.

સેબી હવે આઈપીઓ લાવવાની તૈયારી કરી રહેલી કંપનીઓના શેરના વ્યવહારો માટે એક અલગ વ્યવસ્થા ઊભી કરવાની શક્યતા તપાસી રહ્યું છે. જો આ પ્રસ્તાવ અમલમાં આવે તો આઈપીઓ પહેલા કંપનીના શેર ખરીદવા અને વેચવા ઈચ્છતા રોકાણકારોને વધુ વ્યવસ્થિત અને નિયંત્રિત માળખું મળી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સેબીના પ્રસ્તાવમાં સૌથી મહત્વની બાબત એ છે કે, આ પ્લેટફોર્મ સમગ્ર અનલિસ્ટેડ માર્કેટ માટે નહીં હોય. સેબી ચેરમેને સ્પષ્ટ કર્યું હતું કે, સેબીનો ઉદ્દેશ લાખો અનલિસ્ટેડ કંપનીઓના શેરના વ્યવહારોને આ વ્યવસ્થામાં સામેલ કરવાનો નથી. આ પ્રસ્તાવનો વ્યાપ માત્ર એવી કંપનીઓ સુધી મર્યાદિત રહેશે, જે શેર બજારમાં આઈપીઓ લાવવાની તૈયારી કરી રહી હોય. એટલે કે, જે કંપનીઓનો નજીકના ભવિષ્યમાં આઈપીઓ લાવવાનો કોઈ ઈરાદો નથી, અથવા જે કંપનીઓ આઈપીઓ પ્રક્રિયા સાથે જોડાયેલી નથી, તેમના શેરને આ પ્રસ્તાવિત પ્લેટફોર્મ હેઠળ લાવવાની સેબીની હાલમાં કોઈ યોજના નથી. આ સ્પષ્ટતા સૂચવે છે કે, સેબી સમગ્ર અનલિસ્ટેડ શેર બજારને નિયંત્રિત કરવાને બદલે આઈપીઓ પહેલાના શેર વ્યવહારો માટે ચોક્કસ નિયમનકારી વ્યવસ્થા ઊભી કરવા માગે છે.

પ્રી-આઈપીઓ શેરમાં રોકાણ કરતી વખતે રોકાણકારોને ઘણી વખત કંપનીની સાચી નાણાકીય સ્થિતિ, શેરનું યોગ્ય મૂલ્યાંકન, શેરની ઉપલબ્ધતા અને વેચાણની શરતો અંગે પૂરતી માહિતી મળતી નથી. આ ઉપરાંત, અનલિસ્ટેડ શેરમાં લિક્વિડિટી-પ્રવાહિતા ઓછી હોવાને કારણે જરૂરિયાતના સમયે શેર વેચવામાં મુશ્કેલી પડી શકે છે. સેબી ચેરમેને જણાવ્યું હતું કે, પ્રસ્તાવિત વ્યવસ્થાની રચના કરતી વખતે રોકાણકારોના હિતોનું રક્ષણ સૌથી મહત્વપૂર્ણ રહેશે. આ માટે નિયમનકારી માળખું તૈયાર કરવું પડશે. તેમાં રોકાણકારો માટે જરૂરી સુરક્ષા વ્યવસ્થા અને કંપનીઓ તરફથી વધારાની માહિતી જાહેર કરવાની ફરજ જેવા મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.

કંપનીઓએ રોકાણકારોને કઈ માહિતી આપવી, શેરના વ્યવહારો કેવી રીતે થશે, ભાવમાં પારદર્શિતા કેવી રીતે જાળવવી અને રોકાણકારોની ફરિયાદોનું નિરાકરણ કેવી રીતે લાવવું જેવા મુદ્દાઓ પર પણ નિયમો ઘડવાની જરૂર પડી શકે છે. જો કે, આ તમામ બાબતો અંગે અંતિમ નિર્ણય કન્સલ્ટેશન પ્રક્રિયા બાદ જ સ્પષ્ટ થશે.

અત્રે નોંધનીય છે કે, પ્રી-આઈપીઓ શેરના ટ્રેડિંગ માટે અલગ પ્લેટફોર્મ બનાવવાની સેબીની તૈયારી એવા સમયે આવી છે, જ્યારે તાજેતરમાં જ સેબીએ આઈપીઓના ગ્રે માર્કેટ પ્રીમિયમ (જીએમપી) અંગે રોકાણકારોને સાવચેત રહેવાની સલાહ આપી હતી.

હવામાન તથા પૂરવઠાની અનિશ્ચિતતાને પરિણામે ફુગાવો વધવાની ચિંતા

મુંબઈ, તા. ૨૮



હવામાન તથા પૂરવઠા સંબંધિત અનિશ્ચિતતાને ધ્યાનમાં રાખી આગામી મહિનાઓમાં ભારતમાં ફુગાવો વધવાની ચિંતા વ્યકત કરવામાં આવી છે. જો કે ફુડ તેલના નીચા ભાવ અને ડોલર સામે રૂપિયામાં મજબૂતાઈ ભાવના દબાણને અંકુશમાં રાખી શકશે એમ સરકાર દ્વારા તેના મન્થલી ઈકોનોમિક રિપોર્ટમાં જણાવાયુ છે.

વર્તમાન વર્ષમાં દિવાળીનો તહેવાર નવેમ્બર સુધી ખેંચાઈ જતા અને લગ્નસરા નિમિત્તેની માગ શરૂ થવા સાથે ખાદ્ય પદાર્થ તથા બિન-ખાદ્ય પદાર્થ ચીજવસ્તુઓની કિંમતોમાં વધારો થઈ શકે છે.

પશ્ચિમ એશિયામાં નવેસરના હુમલાઓ ફુડ તેલના આયાત બિલમાં વધારો કરાવશે એટલું જ નહીં નૂર દર પણ ઊંચા જશે. ઊભરી રહેલી ભૌગોલિકરાજકીય સ્થિતિ તથા વૈશ્વિક વેપાર નીતિમાં અનિશ્ચિતતાઓ ભારતના બહારી ક્ષેત્રના આઉટલુક પર દબાણ લાવી શકે છે, એમ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

ઘરઆંગણેના ફન્ડામેન્ટલ્સમાં સ્થિતિસ્થાપકતા તથા પૂરતા બૃહદ્આર્થિક બફર્સ ભારતીય અર્થતંત્રને પડકારોનો સામનો કરવા સજજ બનાવે છે, એમ પણ રિપોર્ટમાં વધુમાં જણાવાયું છે.ઓકટોબરમાં ભારતનો રિટેલ ફુગાવો વધી ૬.૦૯ ટકા સાથે રિઝર્વ બેન્ટની છ ટકાની ટોચમર્યાદાને પાર કરી ગયો છે. દરમિયાન ઊંચા ફુગાવાને ધ્યાનમાં રાખી રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ની મોનિટરી પોલિસી કમિટિ (એમપીસી) તેની આવતા મહિનાની બેઠકમાં વ્યાજ દરમાં વધારો કરશે તેવી શકયતા વ્યકત કરવામાં આવી રહી છે.

વર્તમાન વર્ષમાં ચોમાસાની નબળાઈને કારણે કૃષિ ઉત્પાદન નીચુ ઊતરવાની ધારણાંએ ખાદ્ય પદાર્થની કિંમતોમાં વધારો થયો છે જેને પરિણામે એકંદર ફુગાવો ઊંચો જોવા મળી રહ્યો છે.

ખાદ્ય પદાર્થની કિંમતોમાં થઈ રહેલા વધારાને ધ્યાનમાં રાખી સરકારે ભાવો વધુ વધતા અટકાવવા સ્ટોક લિમિટ જેવા પગલાં લેવામાં આવી રહ્યા છે. ખાદ્ય પદાર્થોમાં ખાસ કરીને ખાંડ, ચોખા, કઠોળ વગેરેના ભાવ ઊંચા પ્રવર્તી રહ્યા છે.

લગ્નસરાની માગ શરૂ થવા સાથે ખાદ્ય પદાર્થ તથા બિન-ખાદ્ય પદાર્થ ચીજવસ્તુઓની કિંમતો વધવા આશંકા

સોના- ચાંદીમાં પીછેહટ: ફુડમાં ઓપેકની મિટિંગ પૂર્વે તેજી અટકી ફરી ઘટાડો

(વાણિજય પ્રતિનિધિ) મુંબઈ, શનિવાર

મુંબઈ ઝવેરીબજારમાં આજે શનિવારના કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જોકે બંધ બજારે સોના- ચાંદીના ભાવ વધતા અટકી ધીમા ઘટાડા પર રહ્યા હોવાનું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા. વિશ્વબજારમાં ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ઉંચકાતાં વૈશ્વિક સોનામાં ઉછાળે ફંડોનું સેલીંગ ફરી વધ્યાના વાવડા હતા. વૈશ્વિક સોનાના ભાવ ઔંસના ૩૬૭૦થી ૩૬૭૧ વાળા ઘટી છેલ્લે ભાવ ૩૬૫૩થી ૩૬૫૪ ડોલર રહ્યા હતા.

ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ વધી ૧૦૪ની સપાટી કુદાવી ગયા

વિશ્વબજાર પાછળ ઘરઆંગણે પણ ઝવેરીબજારોમાં ભાવ વૃધ્ધિને બ્રેક લાગી હતી. ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ નીચામાં ૧૦૩.૬૪ રહ્યા પછી ઉંચામાં ૧૦૪.૦૬ થઈ છેલ્લે ૧૦૪.૦૪ રહ્યાના સમાચાર હતા. દરમિયાન, મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૧૦ ગ્રામના રૂ.૪૦૦ ઘટી ૯૯૫ના ભાવ રૂ.૧૨૫૪૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૨૬૦૦૦ બોલાતા થયા હતા જ્યારે મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર કિલોદીઠ રૂ.૩૦૦ ઘટી રૂ.૧૫૪૦૦૦ રહ્યા હતા. મુંબઈ સોના- ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ત્રણ ટકા ઉંચા રહ્યા હતા. દરમિયાન, અમદાવાદ ઝવેરીબજારમાં આજે ચાંદીના ભાવ કિલોના રૂ.૧૫૬૦૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૧૦૦૦ ઘટી ૯૯૫ના રૂ.૧૨૯૨૦૦ તથા ૯૯૯ના રૂ.૧૨૯૫૦૦ બોલાતા થયા હતા.

દરમિયાન, વિશ્વબજારમાં ફુડતેલના ભાવ વધ્યા મથાળેથી ઘટાડા પર રહ્યા હતા. બ્રેન્ટ ફુડના ભાવ બેરલના ૯૬.૬૩ વાળા ઘટી ૯૩.૭૧ થઈ ૯૫.૪૪ ડોલર છેલ્લે રહ્યા હતા. જ્યારે યુએસ ફૂડના ભાવ ૮૫.૨૭ વાળા ૮૨.૫૭ થઈ ૮૩.૦૮ ડોલર રહ્યાના સમાચાર હતા. દરમિયાન, ફૂડ ઉત્પાદક દેશોના સંગઠન ઓપેકની મિટિંગ રવિવારે (આજે) મળવાની છે એ પૂર્વે ઈરાકે ફૂડનું ઉત્પાદન વધારવા છૂટ આપવા ઓપેક સમક્ષ માગણી કર્યાના સમાચાર મળ્યા હતા. ઈરાક લ દૈનિક ૪૪.૩૧ લાખ બેરલ્સ ફૂડનું ઉત્પાદન ધરાવે છે. દરમિયાન, વિશ્વબજારમાં પ્લેટીનમના ભાવ ઔંશના ૧૩૪૯થી ૧૩૫૦ વાળા ઘટી ૧૩૨૯થી ૧૩૩૦ ડોલર છેલ્લે રહ્યા હતા જ્યારે પેલેડીયમના ભાવ ૯૧૦થી ૯૧૧ વાળા છેલ્લે ભાવ ૮૯૪થી ૮૯૫ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ છેલ્લે ૩.૩૦ ટકા પ્લસમાં રહ્યા હતા. દરમિયાન, મુંબઈ કરન્સી બજારમાં આજે બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૯૨.૯૮ આસપાસ રહ્યા હતા.

શંકાસ્પદ ડેબિટ ટ્રાન્ઝકશન અટકાવી રાખવા RBI દ્વારા બેન્કોને મંજૂરી

મુંબઈ, તા. ૨૮

શંકાસ્પદ ડેબિટ ટ્રાન્ઝકશનને અટકાવી રાખવા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ બેન્કોને મંજૂરી આપી છે. શંકાસ્પદ ડેબિટ વ્યવહારો સંદર્ભમાં પગલાં લેવા સમાન અને સમયબદ્ધ પ્રક્રિયા પણ નિશ્ચિત કરવામાં આવી છે.

નવો નિર્દેશ આગામી વર્ષની ૧લી જુલાઈથી લાગુ થશે

આરબીઆઈનો આ નવો નિર્દશ ૧લી જુલાઈ, ૨૦૨૭થી અમલી બનશે. સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી) મારફત રિઝર્વ બેન્કે બેન્કોને એકદમ શંકાસ્પદ વ્યવહારો અને ખાતાઓ ઓળખી કાઢવા નિર્દેશ આપ્યો છે. જો કે આ પ્રક્રિયામાં પ્રમાણિક ખાતેદારોને સહન કરવાનો વારો ન આવે તેની ખાતરી રાખવા પણ બેન્કોને સૂચના આપવામાં આવી હોવાનું રિઝર્વ બેન્કના સુત્રોએ જણાવ્યુ હતું.

એકદમ શંકાસ્પદ એકાઉન્ટમાં ભૂતિયા નાણાંકીય ખાતા અથવા કાયદા હેઠળ જેને ગુના તરીકે ગણાવાયા હોય તે પેટે જાણતા-અજાણતા પ્રાપ્ત થયેલા અથવા ટ્રાન્સફર કરાયેલા ખાતાનો સમાવેશ થાય છે. ડેબિટ અટકાવી દેવા જેવા પગલાં લેવાનું પણ બેન્કને જેમાં જણાય તેને પણ અતિ શંકાસ્પદ ખાતા તરીકે ગણવાના રહેશે. અતિ શંકાસ્પદ ખાતા ઓળખી કાઢવા યોગ્ય ટેકનોલોજિકલ સોલ્યુશન્સને ઉપયોગમાં લેવા પણ બેન્કોને નિર્દેશ અપાયો છે.

જે ખાતામાં ડેબિટ અટકાવી દેવાનો નિર્ણય લેવામાં આવે તેની સદર ખાતેધારકને બેન્કે તાત્કાલિક જાણ પણ કરવાની રહેશે એમ સુત્રોએ વધુમાં જણાવ્યુ હતું.

NSEને કોર્પોરેટ બોન્ડ ઈન્ડેક્સ ફ્યુચર્સ શરૂ કરવા માટે RBIની મંજૂરી

અમદાવાદ, તા. ૨૮

નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) એ જાહેરાત કરી હતી કે તેને કોર્પોરેટ બોન્ડ સૂચકાંકો પર ફ્યુચર્સ કોન્ટ્રાક્ટ શરૂ કરવા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તરફથી મંજૂરી મળી છે. આ મંજૂરી ભારતના ફિક્સ્ડ ઈન્કમ ડેરિવેટિવ્ઝ માર્કેટ માટે એક મહત્વપૂર્ણ પગલું છે.

સેબીએ આ કોન્ટ્રાક્ટ્સ માટેનો ઓબ્જેક્શન સર્ટિફિકેટ આપ્યું

રિઝર્વ બેંકની મંજૂરી પહેલાં, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ આ કોન્ટ્રાક્ટ્સ લોન્ચ કરવા માટેનો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) પણ આપ્યું હતું.

એક્સચેન્જે જણાવ્યું હતું કે આ કોન્ટ્રાક્ટ્સ બજારના સહભાગીઓને કોર્પોરેટ બોન્ડ મૂલ્યાંકનમાં વધઘટ (વ્યાજ દર અને ક્રેડિટ સ્પ્રેડમાં ફેરફાર સહિત) સાથે સંકળાયેલા જોખમનું સંચાલન કરવા માટે પારદર્શક, પ્રમાણિત અને એક્સચેન્જ-ટ્રેડેડ સાધન પ્રદાન કરશે.

આ કોન્ટ્રાક્ટ્સ પોર્ટફોલિયો-સ્તરના હેજિંગને સરળ બનાવશે અને પાત્ર સહભાગીઓને કોર્પોરેટ બોન્ડ માર્કેટ પર દિશાત્મક દ્રષ્ટિકોણ લેવામાં મદદ કરશે. તેઓ કાર્યક્ષમ પોર્ટફોલિયો મેનેજમેન્ટને મદદ કરવા માટે પણ બનાવાયેલ છે. આ પ્રોડક્ટ ફિક્સ્ડ-ઈન્કમ એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સ અને અન્ય નિષ્ક્રિય ડેટ ઈન્વેસ્ટમેન્ટ પ્રોડક્ટ્સના વધતા જતા ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવશે.

ટેરિફ લાગુ થાય તે પહેલા જ ઝડપી નિકાસનો ગારમેન્ટ ઉત્પાદકોનો વ્યૂહ

મુંબઈ, તા. ૨૮

અમેરિકા દ્વારા ભારત પર આગામી વર્ષમાં નવી વધારાની ટેરિફ લાગુ કરવામાં આવે તે પહેલા જ નિકાસ વધારી દેવા દેશના ટેકસટાઈલ ઉદ્યોગ ઝડપ કરી રહ્યો છે. અમેરિકામાં સ્પ્રિન્ગ તથા સમર સીઝનના ગારમેન્ટસ માટે અત્યારથી જ માલ તૈયાર કરી તેને રવાના કરવાનો નિકાસકારો વ્યૂહ ધરાવી રહ્યા છે. સામાન્ય રીતે આ મોસમ માટેના ગારમેન્ટસની નિકાસ એપ્રિલ સુધી ચાલતી હોય છે.

ભારત સાથે જો વેપાર કરાર નહીં થાય તો ૨૫ ટકા ટેરિફ લાગુ કરવાની અમેરિકાએ દરખાસ્ત રજૂ કરી છે. અમેરિકાની આ દરખાસ્ત ૨૦૨૭ના પ્રારંભમાં લાગુ થવાની ધારણાં રાખવામાં આવી રહી છે.

કરાર થશે તો ભારતના માલસામાન પર ૧૭ ટકા ટેરિફ લાગુ કરવાની દરખાસ્ત

ભારતીય ગારમેન્ટસની અમેરિકામાં સારી માંગ

છે જે ભારતને તેના સ્પર્ધક દેશો સામે સાનુકૂળતા પૂરી પાડશે.

અમેરિકામાં સ્પ્રિન્ગ તથા સમર સિઝન માટે કોટન ગારમેન્ટસની માગ રહે છે જે ભારત માટે મહત્વની બની રહે છે. હાલમાં બાંગલાદેશ ખાતે કામદાર ચળવળ તથા રાજકીય અનિશ્ચિતતાને પરિણામે બાંગલાદેશનો વેપાર ભારત જેવા દેશો તરફ વળી રહ્યો છે જેનો પણ ભારતના ગારમેન્ટસ નિકાસકારો લાભ લઈ લેવા માગે છે.

ભારતના નિકાસકારો જાન્યુઆરી સુધીમાં નિકાસ પૂરી કરી દેવા યોજના ધરાવે છે. ભારતમાં ગારમેન્ટ ઉદ્યોગ વધુ પડતી ક્ષમતા ધરાવે છે, તેવા અમેરિકાના દાવાને ભારતના ટેકસટાઈલ ઉદ્યોગે નકારી કાઢયો છે અને ભારત પાસે નિષ્ક્રિય કહી શકાય તેવી કોઈ વધારાની ક્ષમતા નથી એમ એક નિકાસકારે જણાવ્યુ હતું.

ગયા વર્ષે અમેરિકાના આયાતકારો ટેરિફનો કેટલોક હિસ્સો સહન કરવા તૈયાર થયા હતા.

બિટકોઈન ૬૦,૦૦૦ ડોલરની અંદર

મુંબઈ, તા. ૨૮

સપ્તાહ અંતે આવેલી વેચવાલીને પગલે મુખ્ય ક્રિપ્ટોકરન્સીઝ બિટકોઈન ૬૦,૦૦૦ ડોલરની અંદર સરકી ગયો હતો. વેચવાલીના દબાણને કારણે બિટકોઈનમાં તાજેતરનો સુધારો ધોવાઈ ગયો હતો.

સપ્તાહ અંતે બિટકોઈન ૫૯૭૪૦ ડોલર ટ્રેડ થઈ રહ્યો હતો જ્યારે એથરમ ૧૬૫૪ ડોલર કવોટ થતો હતો. અન્ય ક્રિપ્ટોસ જેમ કે બીએનબી, એકસઆરપી, સોલાના, ડોજકોઈનમાં પણ ઘસારો જોવા મળ્યો હતો. અમેરિકન ફેડરલ રિઝર્વની આવતા મહિને મળનારી બેઠક પર ક્રિપ્ટોકરન્સીઝ બજારની નજર રહેલી છે.

દિવેલ અને હાજર એરંડા ઉંચકાયા

મુંબઈ, શનિવાર

મુંબઈ તેલિ-બિયાં બજારમાં આજે વિવિધ દેશી તથા આયાતી ખાદ્યતેલોના ભાવ બેતરફી વધઘટ વચ્ચે ફરતા રહ્યા હતા. મુંબઈ દિવેલના હાજર ભાવ આજે આંચકા પચાવી ૧૦ કિલોના રૂ.નવ વધતાં હાજર એરંડાના ભાવ પણ કિવ. દીઠ રૂ.૪૫ ઉંચકાયા હતા. સૌરાષ્ટ્ર ખાતે આજે સિંગતેલના ભાવ રૂ.૧૮૦૦ રહ્યા હતા. આ ભાવોએ બાયર્સ વધ્યા હતા. ત્યાં કોટન વોશ્ડના ભાવ રૂ.૧૩૪૦ તથા કોટન રિફાઈન્ડના ભાવ રૂ.૧૪૯૦ રહ્યા હતા જ્યારે ત્યાં પામતેલના ભાવ રૂ.૧૨૪૩ તથા સોયાતેલના ભાવ રૂ.૧૩૫૩ રહ્યા હતા.

અમદાવાદના બજારો

તેલતેલીબિયા

સિંગતેલ નવો ડબો (૧૫ કિલો)	૨૯૫૦-૩૨૩૦
સિંગતેલ નવો ડબ્બો (૧૫ લીટર)	૩૦૩૦
કપાસીયાતેલ નવો ડબો (૧૫ કિલો)	૨૪૫૦-૨૬૨૦
રાઈસ બ્રાન્ડ (૧૫ કિલો)	૨૫૦૦
સોયાબીન નવો ડબો	૨૫૦૦
દિવેલ	૨૭૦૦
પામોલીન જુનો ડબો	૨૧૦૦
પામોલીન નવો ડબો	૨૩૦૦
કોપરેલ	૪૩૦૦
વનસ્પતિ	૨૦૦૦-૨૩૦૦
મોળું સરસીયું	૩૩૦૦
તીખું સરસીયું	૩૫૦૦
સનફ્લાવર	૨૬૫૦
મકાઈ તેલ	૨૩૨૫૦

સોના-ચાંદી બજાર

અમદાવાદ

ચાંદી ચોરસા	૧૫૪૦૦૦-૧૫૬૦૦૦
ચાંદી રૂપુ	૧૫૩૮૦૦-૧૫૫૮૦૦
ચાંદી સિક્કા જુના	૨૫૦૦-૨૮૦૦
સોનું (૯૯.૯)	૧૨૮૫૦૦-૧૨૯૨૦૦
સોનું (૯૯.૫)	૧૨૮૨૦૦-૧૨૯૨૦૦
હોલમાર્ક	૧૨૬૯૧૦

રાજકોટ

ચાંદી	૧૫૬૦૦૦
૨૪ કેરેટ ૧૦ ગ્રામ	૧૩૧૦૦૦
સીક્કા (૧ ગ્રામ)	૧૩૧૦૦
૨૨ કેરેટ ૧૦ ગ્રામ	૧૧૫૬૦૦

ગત નાણાં વર્ષમાં દેશમાં દૂધ ઉત્પાદન અઢી ટકા વધી ૨૫.૩૮ કરોડ ટન રહ્યું

મુંબઈ, તા. ૨૮

નાણાં વર્ષ ૨૦૨૫-૨૬માં દેશમાં દૂધ ઉત્પાદન ૨.૪૦ ટકા વધી ૨૫.૩૮ કરોડ ટન રહ્યું હતું. તે અગાઉના વર્ષમાં આ આંક ૨૪.૭૮ કરોડ ટન રહ્યો હતો.

દૂધની માથાદીઠ ઉપલબ્ધતા ૪૮૫ ગ્રામ્સની સરખામણીએ ગત નાણાં વર્ષમાં વધી ૪૯૨ ગ્રામ્સ રહી હતી એમ જારી કરાયેલા ડેટામાં જણાવાયુ હતું.

નાણાં વર્ષ ૨૦૨૪-૨૫માં દૂધ ઉત્પાદનમાં વૃદ્ધિનો આંક જે ૩.૫૮ ટકા રહ્યો હતો તે ગત નાણાં વર્ષમાં મંદ પડી ૨.૪૦ ટકા રહ્યો હતો.

છેલ્લા પાંચ વર્ષમાં દૂધ ઉત્પાદનમાં વધારો થયો છે પરંતુ ઉત્પાદન વધવાની માત્રા ઘટી રહી હોવાનું જોવા મળે છે.

છેલ્લા ભાવ

મુંબઈ ચાંદી ૧૫૪૦૦૦
મુંબઈ સોનું (૯૯.૫) ૧૨૫૪૦૦
મુંબઈ સોનું (૯૯.૯) ૧૨૬૦૦૦
અમ. ચાંદી ૧૫૬૦૦૦
અમ. સોનું (૯૯.૯) ૧૨૯૫૦૦
અમ. સોનું (૯૯.૫) ૧૨૯૨૦૦
અમ. સિંગતેલ નવો ડબો ૩૨૩૦
અમ. કપાસિયા નવો ૨૬૨૦

મુંબઈ તા.૨૮

નવા સપ્તાહમાં નિફ્ટી ૨૫૮૮૮ ઉપર બંધ થતાં ૨૬૧૧૧, સેન્સેક્સ ૮૪૧૧૧ ઉપર ૮૫૧૧૧ જોવાશે

વિદેશી સંસ્થાકીય રોકાણકારો-એફપીઆઈઝ, એફઆઈઆઈઝ ભારતીય શેર બજારોમાં ફરી રોકાણ ધોધ વરસાવવા લાગ્યા છે. નવેમ્બર મહિનામાં અવિરત મોટી ખરીદી કરીને અણધારી આ ટૂંકાગાળાની રેકોર્ડ તેજીમાં સેન્સેક્સને ૮૪૫૦૦ની સપાટી પાર કરાવી ૧૦ મહિનાની ઊંચાઈએ અને નિફ્ટીને ૨૫૯૭૫ની સપાટીએ લાવી દીધા છે. ફોરેન પોર્ટપોલિયો ઈન્વેસ્ટરોએ રૂ.૧.૫૦ લાખ કરોડ જેટલી રકમના શેરોની નેટ ખરીદી કરી બજારમાં રોનક લાવી છે. અલબત આ તેજી હજુ ઈન્ડેક્સ સેન્સેક્સ, નિફ્ટી બેઝડ મર્યાદિત રહેતી જોવાઈ છે. લાર્જ કેપ શેરોમાં સૌથી વધુ આકર્ષણ સામે સ્મોલ, મિડ કેપ શેરો હજુ આ તેજીના બેન્ડવેગનમાં વ્યાપક સ્તરે સામેલ થયા નથી. શક્ય છે કે, આગામી દિવસોમાં પોઝિટીવ પરિબળો અને આ સ્મોલ, મિડ કેપ શેરોમાં આકર્ષક વેલ્યુએશને તેજીનો વ્યાપ વધતો જોવાય. સેન્સેક્સ, નિફ્ટીને નવી વિક્રમી સપાટીએ લાવીને બજાર ઈન્ડેક્સ બેઝડ કોન્સોલિડેશનના તબક્કામાં પ્રવેશે અને સાઈડ માર્કેટમાં તેજીનો વ્યાપ વધતો જોવાય. અલબત અમેરિકાની ટેરિફ ચીમકી અને રૂપિયા સામે અમેરિકી ડોલરના મૂલ્યમાં ફરી મજબૂતીના જોખમ અને ફરી આરબીઆઈ દ્વારા રિસેમ્બરમાં વ્યાજ દરમાં વધારાની સંભાવના એ સપ્તાહના અંતે ઈન્ડેક્સ બેઝડ તેજી અટકી છે, પરંતુ નવા નેગેટીવ પરિબળો ન સર્જાય અને ફોરેન ફંડોનો રોકાણ પ્રવાહ સતત વહેતો રહેવાના સંજોગોમાં આગામી નવા સપ્તાહમાં નિફ્ટી સ્પોટ ૨૫૮૮૮ ઉપર બંધ થતાં ૨૬૧૧૧ અને સેન્સેક્સ ૮૪૧૧૧ ઉપર બંધ થવાના સંજોગોમાં ૮૫૧૧૧ જોવાઈ શકે છે.

અર્જુનની આંખે :

SUDARSHAN COLORANTS INDIA LTD.

બીએસઈ(૫૦૬૩૯૦), એનએસઈ (SUDARCOLOR) લિસ્ટેડ, રૂ.૧૦ પેઈડ-અપ, સુદર્શન કલરન્ટસ ઈન્ડિયા લિમિટેડ(SUDARSHAN COLORANTS INDIA LIMITED), વિશ્વની ત્રીજા નંબરની સૌથી મોટી પિગમેન્ટ ઉત્પાદક કંપની છે. પિગમેન્ટ ઉદ્યોગમાં ૭૫ વર્ષથી વધુનો અનુભવ, ૮૫થી વધુ દેશોમાં વૈશ્વિક હાજરી અને વિશાળ પ્રોડક્ટ પોર્ટફોલિયો ધરાવે છે. કંપની ૧૬૦૦થી વધુ પિગમેન્ટ પ્રોડક્ટસ, ૬૩ બ્રાન્ડ્સ, વિશ્વના ૧૧ દેશોમાં ૧૯ મેન્યુફેકચરિંગ પ્લાન્ટો અને ૪૦૦૦થી વધુ વૈશ્વિક ગ્રાહકો ધરાવે છે. કંપની લાંબા સમયથી સાયન્સ અને રંગોના સંગમ પર કાર્યરત છે. કંપનીના પિગમેન્ટસ અને પ્રોડક્ટસનો ઉપયોગ પેઈન્ટસ, કોટિંગ્સ, પ્લાસ્ટિક્સ, કાટ-રસ્ટ પ્રતિરોધક ઉત્પાદનો, ફાર્માસ્યુટિકલ્સ અને બીજને રંગ આપવા સહિતના વિવિધ ઉદ્યોગોમાં થાય છે. કંપની દરેક ક્ષેત્રમાં ગુણવત્તા, કાર્યક્ષમતા અને ઉપયોગિતા પૂરી પાડે છે.

જોઈએ છે બહેન 2 વર્ષના બાબાની સાર સંભાળ, કામ માટે અનુભવી, ઉંમર 30થી 50, સમય 10થી 7 નવરંગપુરામાં, 8849144907

ડ્રાઈવર

જોઈએ છે અનુભવી ડ્રાઈવર ઓટોમેટિક કાર આવડવી જોઈએ હાંસોલ 9978086745

જોઈએ છે ડ્રાઈવર 15000/- ફિક્સ સેલેરી, લોકલ અને આઉટ સ્ટેશન, ઘાટલોડિયાથી 5 km સુધી રહેનાર સંપર્ક કરો. Vivek:- 8238556002, Dhaval: -8200359166

જોઈએ છે (1) સ્કૂલ બસમાં લેડીઝ અટેન્ડેન્ટ (2) સ્કૂલ બસ માટે ડ્રાઈવર, બોપલ, અમદાવાદ. 9724904300



લગ્ન વિષયક

બ્રાહ્મણ

લગ્ન વિષયક સમૃધ્ધ બ્રાહ્મણ પરિવારના દેખાવડા સરકારી નોકરી ધરાવતાં યુવક જન્મ- 1992 માટે ઉચ્ચ જ્ઞાતિની કન્યા આવકાર્ય. સંપર્ક- 9426286370

લગ્ન વિષયક અમદાવાદમાં સ્થાયી 38 વર્ષીય બ્રાહ્મણ યુવક માટે યોગ્ય યુવતી આવકાર્ય. રહેઠાણ- અમદાવાદ વ્યવસાય- કેમિકલ ડિસ્ટ્રિબ્યુશનન વૈવાહિક સ્થિતિ- છૂટાછેડા અપેક્ષા- સમજદાર, સંસ્કારી, પ્રેમાળ અને પરિવારને મહત્વ આપનાર જીવનસાથી. બ્રાહ્મણ અથવા જૈન યુવતીને પ્રાધાન્ય. 8140846862.

લગ્ન વિષયક બ્રાહ્મણ ગ્રેજ્યુએટ ડિવોર્સી યુવતી (1 બેબી) 1976 માટે. વેલસેટ યુવક આવકાર્ય. 7383320835



જૈન

Matrimonial: Gujarati Jain family invites a match for Comp. Engineer Son, MS (USA), Tech Consulting Director in USA- Based MNC, Born 1980, 5' 8", 75 kg. Visiting India from Dec 14 till Jan 17. Seeks Well-Educated, never- married, vegetarian girl from Jain/ Vaniya/ Brahmin/ Upper caste Hindu family, willing to settle in US & Start a family. Call/ Whats App: 9429381077 or Email: dr.jcthakkar@gmail.com

Matrimonial Alliance invited for our warm, cultured Jain daughter, 37 yr, Height 5' 5", US- born pharmacist, Dallas, Texas. Vegan, deeply rooted in Jain values. Seeking a kind, well- educated Jain vegetarian professional open to settling in USA. Meeting families in India Dec 2026– Jan 2027. Biodata & references: simhospitality@outlook.com

પટેલ

લગ્ન વિષયક ચરોતર 22 ગામ લેઉઆ પટેલ સમાજ ડિસેમ્બરના પહેલા વીકમાં આવનાર Canada Citizen યુવક જન્મ ઓક્ટો. 1994, ઉંચાઈ 5'- 7" Mechanical Engineer પ્રતિષ્ઠિત કંપનીમાં સિનિયર એન્જિનિયર તરીકે જોબ ધરાવતા યુવક માટે U. S. A. / Canada Citizen, PR, Work Permit, ઉચ્ચ અભ્યાસ ધરાવતી યુવતીઓના વાલીઓ તરફથી સંપૂર્ણ બાયોડેટા ફોટા સહિત સંપર્ક આવકાર્ય છે. (ગોળ બાધ નથી) મો. નં. 9824836582.

લગ્ન વિષયક હિન્દુ પટેલ યુવક 29 વર્ષ, મિકેનિકલ એન્જીનીયર ગુડ લુકીંગ, સર્વીસ મા. આ. 55,000 વેલસેટ માટે સંસ્કારી પરિવાર ભણેલ યુવતી પાત્ર આવકાર્ય. જ્ઞાતિબાધ નથી. 9274567527



લગ્ન વિષયક જનરલ

Matrimonial M.Tech, Un-Marrd Punjabi boy born- 23. 06. 1986/ height 5' 8"/ Wrkg MNC (Vadodara) 24 LPA, WhatsApp: 9255262990

લગ્ન વિષયક USA Citizen દરજી યુવક ઉ. વર્ષ 29, ઉંચાઈ 5' 11'' અભ્યાસ Education in Computer Science વેલસેટ જોબ (બિઝનેશ) ધરાવતા યુવક માટે સુંદર, સુશીલ અને સંસ્કારી યુવતીઓના વાલીઓ તરફથી સંપૂર્ણ બાયોડેટા, ફોટો સહિત સંપર્ક આવકાર્ય છે. (જ્ઞાતિબાધ નથી) વોટ્સઅપ +1 609 444 7635

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

પ્રસ્તાવથી દક્ષિણ ભારતના રાજ્યોની રાજકીય તાકાત અને સંસદમાં એમની ભાગેદારી પર કેવી અસર પડશે એની ચર્ચા પણ થશે.

બધા રાજ્યોએ મળીને પોતાના હિત અને સંસદમાંના પ્રતિનિધિત્વની રક્ષા કરવી જોઈએ. દક્ષિણ ભારતના આ ત્રણે રાજ્યોમાં કોંગ્રેસની સરકાર છે અને કોંગ્રેસ હાઈકમાન્ડ કોઈપણ ભોગે સિમાંકન બીલ પસાર થવા દેવાના પક્ષમાં નથી.

ટેકેદારોને ઠંડા પાડવા સ્ટાલીનના હવાતીયા

સંસદનું વિશેષ સત્ર મળે એ પહેલા ડીએમકેએ સિમાંકન બીલને ટેકો જાહેર કરી દીધો છે. તામિલનાડુના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને ડીએમકેના પ્રમુખ એમ કે સ્ટાલીન અત્યાર સુધી કેન્દ્ર સરકારના કટ્ટર વિરોધી રહ્યા હતા. હવે એનડીએને સમર્થન આપવા માટે એમણે કેટલીક બાલીશ વાતો કરવા માંડી છે. એમનું કહેવું છે કે, નિષ્પક્ષ સિમાંકનની માંગણી કેન્દ્ર સરકારે મંજૂર રાખી છે.

સોશ્યલ મીડિયા એક્સ પર એક પોસ્ટ મૂકીને સ્ટાલીને આ જાહેરાત કરી છે. એમનું કહેવુ છે કે એપ્રિલમાં ડીએમકેએ સિમાંકનનો વિરોધ કરીને બે માંગણી રાખી હતી, હવે આ બંને માંગણીનો ઉલ્લેખ નવા બીલમાં કરવામાં આવ્યો છે તો પછી બીલને ટેકો આપવામાં વાંધો નથી. સ્ટાલીને તો જાણે મોટો તીર માર્યો હોય એમ આ નિર્ણયને પોતાની જીત ગણાવી છે.

ઈન્ડિયા ગઠબંધનની બહારના વિરોધપક્ષો બેઠકમાં ગેરહાજર

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગેના રહેઠાણે ઈન્ડિયા ગઠબંધનની બેઠક મળી હતી.

આ બેઠકમાં સિમાંકન સાથે બંધારણ સુધારણા બીલને લઈને ચર્ચા થઈ હતી. સરકારની ચાલબાજી સામે વિરોધપક્ષોએ રણનીતિ પણ તૈયાર કરી હતી. મીટીંગમાં ઈન્ડિયા ગઠબંધનના તમામ વિરોધપક્ષના નેતાઓ હાજર રહ્યા હતા. ગઠબંધનની બહારના કેટલાક પક્ષો જેમ કે ડીએમકે, આમ આદમી પાર્ટી, બીજુ જનતા દળ અને એનસીપી (શરદ પવાર)ના કોઈ નેતા હાજર રહ્યા નહોતા. બેઠકમાં તમામ નેતાઓ સહમત થયા હતા કે આ બીલ લોકશાહી માટે મોટુ જોખમ છે.

લોકશાહીને પુરેપુરી નષ્ટ કરીને સંપૂર્ણ સત્તા પોતાના હાથમાં લેવા માટે હવે ભાજપએ ૮૦૦ બેઠક પારનું સુત્ર બનાવ્યું છે. જો આમ થશે તો ભારત પણ ચીન જેવું બની જશે. દેશમાં મનુસ્મૃતિ લાગુ કરવામાં આવશે.

સિમાંકન બીલ બાબતે ડીએમકેએ શરતો મૂકી, થરૂર નારાજ

કોંગ્રેસ સાંસદ શશી થરૂરએ સંસદમાં સિમાંકન બીલને ટેકો આપવા માટે ડીએમકેએ જે શરતો મૂકી છે એ બાબતે નારાજગી દર્શાવી છે. એમણે કહ્યું છે કે તે ખૂબ નિરાશ છે મારૂ માનવું છે કે તે ડીએમકેએ ભૂતકાળમાં રાજ્યોના અધિકાર બાબતે અવાજ ઉઠાવ્યો છે. એમણે કહ્યું હતું કે, 'હજી સુધી ડીએમકે સત્તામાં હતી અને એણે તામિલનાડુમાં જવાહર નવોદય વિદ્યાલયો શરૂ કરવા દીધા નહોતા.

કારણ એ હતું કે ડીએમકેને પસંદ નહોતું કે તામિલનાડુમાં હિન્દી ભણાવવામાં આવે. આવો પક્ષ ખોટા તર્કને આધારે પીછેહટ કરે એ દુ:ખદ છે. બધા કાવતરા પાછળ ભાજપનો એજન્ડા છે. જે લોકો માટે ડીએમકે અવાજ ઉઠાવવાનો દાવો કરે છે એ લોકો સાથે જ દગો થયો છે. ડીએમકેમાં મારા ઘણા મિત્રો છે. વર્ષો સુધી મારે એમની સાથે સારા સંબંધો રહ્યા છે. ડીએમકેના આ વલણને કોઈપણ સાચો દ્રવીડ ટેકો નહીં આપે.'

બેઠકની વહેંચણી બાબતે કાર્યકારી પ્રમુખ નારાજ

ઉત્તર પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ અને સાંસદ ઈમરાન મસુદ એમના નિવેદનોને કારણે ચર્ચામાં રહે છે. સોશ્યલ મીડિયા પર ઈમરાન મસુદનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. સમાજવાદી પાર્ટી સાથેના ગઠબંધનમાં બેઠકોની વહેંચણી બાબતે તેઓ નારાજગી જાહેર કરી રહ્યા છે. ઈમરાન મસુદનું કહેવું છે કે ગઠબંધનમાં કોંગ્રેસને ફક્ત સીટોની સંખ્યા નહીં, પરંતુ જીતની શક્યતાવાળી બેઠકો મળવી જોઈએ. ક્વોલીટી અને ક્વોન્ટીટી બંને જરૂરી છે. કોંગ્રેસને એવી બેઠકો આપવામાં આવી રહી છે કે જ્યાં આગલી ચૂંટણીમાં હારનું અંતર ૮૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦ મતોનું રહ્યું છે. આવી બેઠકો પર ચૂંટણી લડીને કોંગ્રેસને શું મળશે? જો કોંગ્રેસને નબળી બેઠકો આપવામાં આવે તો ગઠબંધનની જરૂર શું છે?'

રાજા ભૈયાના પક્ષે ત્રણ બેઠકો પર ઉમેદવારો જાહેર કર્યા

જનસત્તા દળ લોકતાંત્રીકએ ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે ત્રણ બેઠકો પર ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. પક્ષ દ્વારા બહાર પાડવામાં આવેલી યાદી પ્રમાણે કુંડા વિધાનસભા સીટ પરથી રાજા ભૈયા, બાબા ગંજ વિધાનસભા બેઠક પરથી વિનોદ સરોજ અને વિશ્વનાથ ગંજ વિધાનસભા બેઠક પરથી કુલદીપ પટેલને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. રાજા ભૈયા કુંડા વિધાનસભા બેઠક પરથી ૮મી વખત ચૂંટણી લડશે. તેઓ આ બેઠક પરથી ૭ વાર ચૂંટાઈને વિધાનસભામાં ગયા છે. વિશ્વનાથ ગંજ વિધાનસભા પરથી જનસત્તા દળના ઉમેદવાર વિનોદ સરોજ ૪ વખત ધારાસભ્ય બન્યા છે. વિશ્વનાથ ગંજ વિધાનસભા બેઠક પરના ઉમેદવાર કુલદીપ પટેલ પ્રતાપ ગઢ જિલ્લા પંચાયતના પ્રમુખ છે.

દીપથૂન દિપમ વિવાદ : દરગાહ પર પણ ભીડ થવા માંડી

તામિલનાડુમાં મદુરાઈ સ્થિત થિરુપરકુંદરમ ડુગરો પર કેન્દ્રીય રીઝર્વ પોલીસ (સીઆરપીએફ) જવાનોને સ્થાનિક લોકોએ આવકાર્યા છે. ગ્રામજનોએ જવાનો પર ફૂલોની પાંખડીઓનો વરસાદ કર્યો હતો અને ઢોલ વગાડ્યા હતા. આ સુરક્ષા જવાનો ડુગર પર સુરક્ષા માટે પહોંચ્યા છે. પહાડી પર દરગાહ પણ આવી છે. હઝરત સુલતાન સિકંદર બાદુશાહ ઔલિયા દરગાહ તરફ પર્યટકો અને સ્થાનિક લોકો જઈ રહ્યા છે. સુપ્રિમ કોર્ટના હુકમ પછી કાર્તીગઈ દિપમ પ્રગટાવવા માટેની વ્યવસ્થા શરૂ થઈ ગઈ છે. સુપ્રિમ કોર્ટે અગાઉ દિપથૂન પથ્થર પર આવેલા સ્તંભનો દિવો પ્રગટાવવાનો હુકમ કર્યો હતો. વાતાવરણ તંગ થતા સુરક્ષા જવાનોની સંખ્યા વધારવામાં આવી છે.

વિશ્વની સૌથી

(પહેલા પાનાનું ચાલુ)

રિપોર્ટ મુજબ, હેકર્સે જીટીએ-૬ના એક્સબોક્સ ડેવલપમેન્ટ બિલ્ડ લીક કર્યા હતા. ત્યારબાદ, ગેમને પીસી પર ચલાવવા માટે જરૂરી ઈએક્સઈ ફાઈલ પણ લીક કરવામાં આવી હતી. આ ફાઈલ લીક થયા બાદ એઆઈની મદદથી ગેમને પીસી પર ચલાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. હેકર્સ દ્વારા એન્થ્રોપિકના ઓપસ ૫.૫ મોડલ અને ક્લોડ કોડ જેવા એઆઈ ટૂલ્સનો ઉપયોગ ગેમના કોડ સમજવા, તેમાં ફેરફાર કરવા અને પીસી પર ચાલે તેવું વર્ઝન તૈયાર કરવા માટે થઈ રહ્યો છે.

એક તરફ, હેકર્સ એઆઈ મદદથી મૂળ ગેમ જેવી જ નવી ગેમ તૈયાર કરી રહ્યા છે. અને બીજી તરફ, રિવર્સ એન્જિનિયરિંગ દ્વારા પહેલાથી તૈયાર ગેમના કોડને સમજવાનો અને તેમાં ફેરફાર કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. જાણકારોના મતે, એઆઈની મદદથી ગેમની નકલ તૈયાર કરવી હવે પહેલા કરતા સરળ બની છે. કેટલાક લોકોએ પીસી પર ગેમ શરૂ કરવામાં સફળતા મળી હોવાનો દાવો કર્યો છે. આ મામલો જીટીએ-૬ પૂરતો મર્યાદિત નથી. એઆઈની મદદથી અનેક ગેમ્સની નકલ તૈયાર કરવામાં આવી રહી છે.

અગાઉ બ્રિટિશ શાસનમાં ૧૮૬૨ અને ૧૯૧૨માં પણ દીપ પ્રાગટ્યનો પ્રયાસ થયો હતો પણ સફળ નહોતા થયા

દીપથૂન

(પહેલા પાનાનું ચાલુ)

નવેમ્બરના રોજ સુપ્રીમ કોર્ટે કાર્થિગઈ દીપમ એટલે કે દિપ પ્રાગટ્યની છૂટ આપી હતી.



જોકે સ્તંભની જગ્યાએ અન્ય જગ્યાએ દીપ પ્રાગટ્ય કરવામાં આવતા સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારની ઝાટકણી કાઢી હતી. મદુરાઈનો થિરુપરનકુદ્રમ પહાડ હિન્દુઓ માટે આસ્થાનું પ્રતીક માનવામાં આવે છે.આજે દીપ પ્રાગટ્ય થતાં અનેક શ્રદ્ધાળુઓ ભાવુક થઈ રડી પડ્યા હતા.

અહીંયા અરુલમીગુ સુબ્રમણિય સ્વામી મંદિર આવેલું છે જે ભગવાન મુરુગન સાથે સંકળાયેલું છે. આ જ પહાડ પર હઝરત સુલ્તાન સિકંદર બાદશાહ આલીયા દરગાહ પણ આવેલી છે જ્યારે એક મસ્જિદ પણ આવેલી છે. જેને લઈને વિવાદ સામે આવી ચુક્યા છે.

ઉત્તરાખંડના લેન્સડાઉનમાં વાહન ખીણમાં પડતાં ૭નાં મોત

(પીટીઆઈ) પૌરી, તા. ૨૮

ઉત્તરાખંડના પૌરી જિલ્લાના લેન્સડાઉન વિસ્તારમાં શનિવારે એક વાહન ખીણમાં ગબડી જતાં ૬ મહિલાઓ સહિત સાત લોકોના મોત થયા છે. જ્યારે પાંચ લોકો ઈજાગ્રસ્ત બન્યા છે. લેન્સડાઉનના એસડીએમ શાલિની મૌર્યએ જણાવ્યું હતું કે આ અકસ્માત કલવારી ગામ નજીક થયો હતો. તે સમયે મેક્સ વાહનમાં કુલ ૧૨ લોકો સવાર હતાં.લેન્સડાઉનથી ભાજપના ધારાસભ્ય દિલીપ રાવતે જણાવ્યું હતું કે આ મહિલાઓ રિખાનિખાલ ખાતે સામૂહિક બેઠકમાં હાજરી આપીને પોતાના ગામ પરત ફરી રહી હતી. રાવતે વધુમાં કહ્યું કે મૃતકોમાં વાહન ચાલકનો પણ સમાવેશ થાય છે, જેનું ઘટના સ્થળે જ મોત થયું હતું.

સીમાંકન બિલથી

(પહેલા પાનાનું ચાલુ)

અને આદિવાસીઓની વસતીમાં વધારો થયો છે. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરાનારી વસતી ગણતરીમાં આ વિગતો સામે આવશે. એસસી-એસટીની વસતી વધી છે, પરંતુ તેમની સીટો ના વધે અને એસસી-એસટી જાતિના લોકોના હિતોને નુકસાન પહોંચાડવા માટે કેન્દ્ર સરકાર આ બિલ લાવવામાં આટલી ઉતાવળ કરી રહી છે.

તેમણે ઉમેર્યું કે, પીએમ મોદીએ ગઈ ચૂંટણીમાં ૪૦૦ પારનું સૂત્ર આપ્યું હતું, પરંતુ તેઓ આ બિલ પાસ કરાવીને ૮૦૦ પારનો આંકડો હાંસલ કરવા અને હંમેશ માટે સત્તામાં રહેવા તેમજ બંધારણમાં ધાર્યા ફેરફાર કરવા માગે છે. આ બિલ પાસ થઈ જશે તો દેશમાં લોકશાહી ખતમ થઈ જશે. કોંગ્રેસના નેતૃત્વમાં ઈન્ડિયા બ્લોક એક સૂરમાં સંસદમાં આ બિલનો વિરોધ કરશે.

કોંગ્રેસ પ્રમુખે દાવો કર્યો કે ભારતમાં ચીન જેવી સ્થિતિ સર્જાશે જ્યાં એક પક્ષનું જ રાજ છે. આ બિલ પાસ થઈ જશે તો તેઓ કાયમ સત્તામાં રહેવા માટે તેનો શસ્ત્રની જેમ મરજી પડે તે રીતે તેનો ઉપયોગ કરશે. તેઓ તેમની મરજી મુજબ બેઠકોના વિસ્તારમાં ફેરફાર કરશે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું કે, અમે તેમની વોટ ચોરી પકડી તો હવે તેઓ નવો આઈડિયા લઈને આવ્યા. અમે એક જગ્યા બંધ કરી તો આ નવો રસ્તો લઈ આવ્યા.

અમે તેમને વોટચોરીના મામલામાં ફસાવી લીધાય અમે જ્ઞાનેશ કુમાર અંગે ટૂંક સમયમાં જ મોટો ખુલાસો કરીશું. અમે મોદી સરકારને દેશમાં તાનાશાહી લાવવા નહીં દઈએ. તેઓ ઈચ્છે ત્યારે ચૂંટણીમાં ચેડાં કરી શકે છે, પરંતુ હવે આ બધું ચલાવી નહીં લેવાય.

રાહુલ ગાંધીએ કહ્યું કે, ભાજપ લોકસભા માટે ૮૫૦ બેઠકોની દરખાસ્ત કરીને દેશને 'સરમુખત્યારશાહી' તરફ લઈ જવા માગે છે. તેઓ ભારતીય લોકતંત્રની હત્યા કરવા માગે છે. સીમાંકન બિલ પસાર થવાથી પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને જ્ઞાનેશ કુમારને પોતાની મરજી મુજબ દેશનો ચૂંટણી નકશો દોરવાની સત્તા મળી જશે.

મોદી, શાહ, જ્ઞાનેશ કુમારને મરજી મુજબ દેશનો ચૂંટણી નકશો દોરવાની સત્તા મળી જશે : રાહુલ

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ મહેસાણા સબ-ડીસ્ટ્રીક્ટ અને તાલુકા કડીના મોજે ગામ કરણનગરની સીમના સરવે નંબર-૨૯૬૪ જુના સરવે/બ્લોક નંબર-૧૭૬ પૈકી ૪ સીટી સરવે નંબર-એનએ૧૭૬ પૈકીની સ.ચો.મી. ૧૧૧૩૯ (સીટી સરવે મુજબ સ.ચો.મી.૧૧૧૩૯.૨૬) ની ઔદ્યોગિક હેતુ માટેની બિનખેતીની જમીન તથા તેની ઉપર આવેલ સ.ચો.મી. ૨૬૮ ના ઔદ્યોગિક હેતુ માટેના બાંધકામવાલી મીલકત જનકભાઈ દીપકભાઈ પરીખની કુલ સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાની આવેલી છે. મજકુર મીલકત વલ્લભ ટ્રેડર્સએ તા. ૮-૧૧-૧૯૮૫ ના રોજ વે.દ.નં.૧૧૮૭ થી નેકમો માર્કેટીંગ પ્રા.લી.ને વેચાણ આપેલ અને ત્યારબાદ નેકમો માર્કેટીંગ પ્રા.લી.એ તા. ૧૭-૯-૧૯૮૬ ના રોજ વે.દ.નં.૧૯૬૫ થી નવદીપ પોલીમર્સ લી.ને વેચાણ આપેલ અને ઉપરોક્ત બંને અસલ વેચાણ દસ્તાવેજ ખોવાઈ ગયેલ છે. તો સદરહુ મીલકત ઉપર અસલ વેચાણ દસ્તાવેજની રૂઈએ કે અન્ય કોઈ રીતે કોઈપણ વ્યક્તિ, બેંક કે નાણાકીય સંસ્થાનો કે બીજા કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ કે હક્ક હિસ્સો કે બોજો હોય તો દિન-૭ માં પુરાવા સહિત નીચેના સરનામે લેખિત જાણ કરવી નહિ તો ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે.

તા. ૨૮-૧૧-૨૦૨૬

રૂપેશ એ. ભગત
(એડવોકેટ એન્ડ નોટરી)
જીજ્ઞેશ એ. ભગત
(એડવોકેટ એન્ડ નોટરી)
ફોર ભગત એસોસીએટસ

સરનામું : ૩૦૨-એ/બી, શીલ કોમ્પ્લેક્ષ, આગમન કોમ્પ્લેક્ષની પાછળ, મીઠાખળી, અમદાવાદ.
ટે.નં.(૦૭૯)૨૬૪૦૬૮૨૫

જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ અમદાવાદનાં તાલુકે - ઘાટલોડીયાનાં મોજે ગામ - થલતેજની સીમના ટીપી સ્કીમ નંબર ૨ ના ફાઈનલ પ્લોટ નંબર ૧૧૨ જમીન ઉપર આવેલ "Status-1" (શ્રી મણીલક્ષ્મી કો. ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લીમીટેડ વિભાગ-૧૪) સ્કીમના બ્લોક નંબર ''એ'' ના આઠમાં ફ્લોર ઉપર આવેલ ફ્લેટ નંબર એ/૮૦૧ વાળી મિલકત કે જે ૨૪૬.૨૯ ચોરસમીટરના બિલ્ટઅપ એરીયાના બાંધકામવાળી મિલકત તેમજ સોસાયટીના કોમન વરાડે પડતા તમામ પ્રકારના વાપરતા અને ભોગવતા તમામ હક્કો સહિતની મિલકત જે નામે - હરેશ એ. પટેલની સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાની આવેલ છે. જે મિલકત બોજા રહિત, નાકરજી તમામ દાવાઓથી મુક્ત અને ટાઈટલ ક્લીયર હોવાનું જણાવી સદરહુ મિલકતનાં ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટની અમારી પાસે માંગણી કરેલ છે. તો સદરહું મિલકત બાબતે જો કોઈને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૧૫ માં લેખિત પુરાવા સાથે રજી.આર.પી.એ.ડી. પોસ્ટ મારફતે અમોને નીચેના સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં નહિ આવે તો સદરહું મિલકત ઉપર કોઈને કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, હક્ક, હિસ્સો, દાવો કે અન્ય કોઈપણ પ્રકારનો બોજો નથી અને જો હોય તો જતા (વેવ) કરેલ છે તેમ સમજી અમો ઉપરોકત મિલકતનું ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટ ઈસ્યુ કરીશું ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ તેની અચુક નોંધ લેવી.

સ્થળ - અમદાવાદ
તારીખ - ૨૮/૧૧/૨૦૨૬

PRAGNESH K. BAROT
KUNAL K. BAROT
ADVOCATE'S

Office :- FF/105 & 106, Satva Complex, Opp. Bhavin School, Thaltej, Ahmedabad - 380059.
M : 98987 96137

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ- ૩(મેમનગર), તાલુકા વેજલપુરના ગામ મોજે વસ્ત્રાપુરની સીમના ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૧ના ફાઇનલ પ્લોટ નંબર-૭(જુના સર્વે નંબર-૨૪ પૈકી ૭)ની ૪૨૧ ચોરસમીટર તથા ફાઇનલ પ્લોટ નંબર- ૮(જુના સર્વે નંબર-૨૪ પૈકી ૮)ની ૪૨૪ ચોરસમીટર મળી કુલ ૮૪૫ ચોરસમીટરની બિનખેતીની જમીન કે જેનો સમાવેશ સીટી સર્વે ઓફિસ વેજલપુરના વસ્ત્રાપુર વોર્ડના સીટી સર્વે નંબર-૯૪૩, ટી.પી.- ૧, ફા. પ્લોટ નં.-૨ થી ૧૩ની ૯૫૮૩ ચોરસમીટરની જમીનમાં થયેલ છે તે રીતની જમીન ઉપર આવેલ સંકલ્પ ફ્લેટ ઓનર્સ એસોસીએશન કે જે ''આલોક એપાર્ટમેન્ટ''ના નામથી ઓળખાય છે. તેમાં આવેલ બ્લોક 'એ' તથા 'સી'ના નીચે દર્શાવેલ જુદા જુદા ફ્લેટ હોલ્ડરોની તેમના નામ પછી વર્ણવેલ બાંધકામવાળી મિલકતો એસોસીએશનના સભ્ય તરીકે પોત-પોતાની સંપુર્ણ, સ્વતંત્ર/સંયુક્ત માલિકી અને કબજા ભોગવટાની બોજારહિત હોવાનું જણાવી નીચે દર્શાવેલ ફ્લેટ હોલ્ડરોએ તેમના પોત-પોતાના ટાઈટલ્સ ક્લીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને રોઝયેટ સ્કાય રીઅલ્ટી એલએલપી [ROSEATE SKYE REALTY LLP] એ નામની ભાગીદારી પેઢીના વતી તેના વહીવટકર્તા ભાગીદાર શ્રી ભાવિનભાઈ ગોવિંદભાઈ મહેતાને રી-ડેવલપમેન્ટ માટે આપવાનું નક્કી કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે જો અસલ દસ્તાવેજ પુરાવા ખોવાઈ ગયેલ હોય તો તેની ઉપર કોઈ બોજો કે લીયન કરેલ નથી. (૧) રોનકભાઈ લલીતકુમાર પટેલની ફ્લેટ નંબર-૭૦૧ વાળી મિલકત (૨) ઉલ્લાસભાઈ પુષ્પકરાય ધોળકીયાની ફ્લેટ નંબર-૭૦૨ વાળી મિલકત (૩) જયશ્રીબેન જગદીશચંદ્ર ગાંધીની ફ્લેટ નંબર-૭૦૩ વાળી મિલકત (૪) કુમુદબેન અતુલભાઈ શુકલ, અતુલભાઈ બાલકૃષ્ણભાઈ શુકલ તથા ભાર્ગવભાઈ બાલકૃષ્ણભાઈ શુકલની ફ્લેટ નંબર-૭૦૪ વાળી મિલકત (૪) અજીતભાઈ રતીલાલ શાહ, ભારતીબેન અજીતભાઈ શાહ તથા હેમાલીબેન તે અજીતભાઈ શાહના દીકરી તે યજ્ઞેશભાઈ રાવલના પત્નીની ફ્લેટ નંબર-૭૦૫ વાળી મિલકત (૬) હેમંતભાઈ હરીપ્રસાદભાઈ રાવલની ફ્લેટ નંબર-૭૦૬ વાળી મિલકત (૭) અનિલભાઈ નવીનચંદ્રભાઈ ચોકસીની ફ્લેટ નંબર-૮૦૧ વાળી મિલકત સુનિતા રાજ શાહની ફ્લેટ નંબર-૮૦૨ વાળી મિલકત (૮) (૯) ચિંતનભાઈ જયકિશનભાઈ પંચાલની ફ્લેટ નંબર-૮૦૩ વાળી મિલકત (૧૦) શૈલેષભાઈ બંસીલાલ ચોકસીની ફ્લેટ નંબર-૮૦૪ વાળી મિલકત (૧૧) ભાસ્કરભાઈ ગુણવંતરાય ભટ્ટ તથા તેજલબેન ભાસ્કરભાઈ ભટ્ટની ફ્લેટ નંબર-૮૦૫ અને ૮૦૬ વાળી મિલકત તો ઉપરોકત જણાવ્યા અનુસારની સદરહુ મિલકતો ઉપર કોઈપણ શખ્સ, બેંક કે મંડળીનો બોજો, ચાર્જ, લીયન હોય કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા વિનાના વાંધા ધ્યાને લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ મિલકતો ઉપર કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ મિલકતોના ટાઈટલ અંગેના પ્રમાણપત્ર આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ. તેની નોંધ લેશો.

તારીખ 28/11/2026.

નરેન્દ્ર એસ. ઠાકોર, એડવોકેટ
મેસર્સ ઠાકોર એન્ડ કંપની, એડવોકેટ્સ,
ઓફિસ-બી/૪૦૩, ગોપાલ પેલેસ, શિરોમણી રેસીડેન્સી પાસે, વિનસ સ્ટ્રેટમ સામે, નહેરુનગર, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.
મો.૯૯૨૫૨૩૩૪૯૬

જાહેર નોટિસ

જત ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ તથા તાલુકે ધોળકાના મોજે પાલડીની સીમના ખાતા નં.૩૮૬ ના બ્લોક/સર્વે નં.૩૬, (જુનો સર્વે નં.૧૭૨ પૈકી) ની હે.આરે.ચો.મી.૩-૦૬-૯૨ તથા પોત ખરાબો હે.આરે.ચો.મી.૦-૦૪-૦૫ મળી કુલ હે.આરે.ચો.મી.૩-૧૦-૯૭ ના માપની ખેતીની જમીન તથા બ્લોક/સર્વે નં.૪૨,(જુનો સર્વે નં.૧૭૩ પૈકી) ની હે.આરે.ચો.મી.૦-૮૮-૫૨ ના માપની ખેતીની જમીન (૧) કાંતીભાઈ રેવાભાઈ પ્રજાપતિ (૨) કલ્પેશભાઈ ભગવાનભાઈ પ્રજાપતિ (૩) મોતીભાઈ રેવાભાઈ પ્રજાપતિ (૪) વીપુલભાઈ જયંતીભાઈ પ્રજાપતિ (૫) નેહા મોતીભાઈ પ્રજાપતિ (૬) સચીન મોતીભાઈ પ્રજાપતિ (૭) જીગર મોતીભાઈ પ્રજાપતિ (૮) રેખાબેન તે કાંતીભાઈ રેવાભાઈ પ્રજાપતિના પત્ની (૯) યતિન કાંતીભાઈ પ્રજાપતિ (૧૦) મૃણાલ કાંતીભાઈ પ્રજાપતિ તમામ રહેવાસી - અમદાવાદનાની માલીકી કબજા ભોગવટામાં આવેલ હોવાનું જણાવી અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ અભિપ્રાયની માંગણી કરેલ છે. આથી ઉપરોક્ત જણાવેલ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત,હિસ્સો, બોજો, લીયન, ચાર્જ પોષાતો હોય તો અમોને નીચે જણાવેલ સરનામે પુરાવા સહીત સ્પીડ પોસ્ટથી દિન-૭ માં જાણ કરવી જો તેમ કરવામાં કસુર થયેથી સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન, ચાર્જ પોષાતો નથી અને પોષાતો હોય તો તેઓએ સ્વેચ્છાએ જતો (વેવ) કરેલ છે તેમ સમજી મુદત વીતે ટાઈટલ અભીપ્રાય આપવામાં આવશે.જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમદાવાદ.
તા.૨૮.૧૧.૨૦૨૬

ઘનશ્યામ પી.પટેલ
(એડ્વોકેટ એન્ડ નોટરી)
રાજેશ જી.પટેલ - એડ્વોકેટ
પાર્થ આર.પ્રજાપતિ - એડ્વોકેટ
ઋત્વીક જે. પટેલ - એડ્વોકેટ

ઠે : ૫૦૨, અભિજ્યોત સ્કવેર, દિવ્યભાસ્કરની બાજુમાં, એસ.જી. હાઈવે, મકરબા, અમદાવાદ.
મો.:૯૮૨૪૩૧૫૪૦૬

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ ડિસ્ટ્રીક્ટ ગાંધીનગરના તાલુકા ગાંધીનગરના ગામ મોજે ટીંટોડાની સીમમાં આવેલ બ્લોક/સર્વે નં.૪૪૭ (જુનો બ્લોક/સર્વે નં.૬૫૧/૨) ની હેક્ટર ૦ = આર ૩૦ = ૭૬ ચો.મીટર એટલે કે ૩૦૭૬ ચો.મીટર જુની શરતની ખેતીની જમીન (૧) કપિલાબેન તે રામજીભાઈ પટેલના દિકરી તે જયંતીભાઈ પટેલના પત્ની (૫૦% ના હિસ્સેદાર) રહેવાસી પટેલ ફળીયુ. મુ. શામાણા, જી. મહિસાગરના તથા (૨) નીતાબેન તે સુખાભાઈ પટેલના દિકરી તે નિમેષભાઈ પટેલના પત્ની (૫૦% ના હિસ્સેદાર), રહેવાસી ૩૫, સિધ્ધાર્થ બંગલોઝ, શાંતીવન ફ્લેટની પાછળ, ક-રોડ, વાવોલ તા.જી.ગાંધીનગરના, ની સંયુક્ત માલિકી તેમજ કબજા ભોગવટાની હોવાનું જણાવીને અમારી પાસેથી ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. - સબબ, આથી સર્વે લાગતા-વળગતાઓને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, સદરહુ જમીનના ટાઈટલ્સ બાબતે કોઈપણ વ્યક્તિનો ખોરાકી, પોષાકી કે અન્ય કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, અલાખો, ઈઝમેન્ટ, બાનાખતના હક્કો, ગણોત હક્ક, ડેવલપમેન્ટ હક્ક, લીસપેન્ડન્સી, લાગ-ભાગ, લિયન, ચાર્જ કે બોજો પોષાતો હોય અને તેના કારણે કોઈપણ પ્રકારનો વાંધો હોય તો તે અંગેની લેખિત જાણ અમોને પુરાવાઓ સહિત આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન સાત (૭) માં નીચેના સરનામે કરવી, જો તેમ કરવામાં નહીં આવે તો સદરહુ જમીનમાં કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો પોષાતો નથી અને જો પોષાતો હોય તો તે જતો (Waive) કરેલ છે. તેમ સમજી અમો સદરહુ જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ કાઢી આપીશું. ત્યારબાદ કોઈપણ વ્યક્તિની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની આથી સર્વે લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

સ્થળ : ગાંધીનગર.
તારીખ : ૨૮/૧૧/૨૦૨૬ -

એફ.કે.લાખાણી, એસોસીએટસ્
એડવોકેટ્સ

૬૦૧, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, સેક્ટર નં.૧૧, ગાંધીનગર.

જાહેર નોટિસ

જત ડીસ્ટ્રીક્ટ, સબ-ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર નાં ગાંધીનગર તાલુકાનાં મોજે ગામ ખોરજની સીમનાં સર્વે/બ્લોક નં. ૫૩૯/૧, ૫૩૯/૨, ૫૪૧/૧ થી ૫૪૧/બી (અલોગ વિથ ૫૪૧/૧ પૈકી ૧), ૫૨૫ (અલોગ વિથ ૫૨

સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

ક્રાઈસ્ટચર્ચમાં ન્યુઝીલેન્ડના ફાસ્ટ બોલરો સામે ભારતનો સંઘર્ષ

બીજી ટેસ્ટ : ન્યુઝીલેન્ડ ૩૫૬ના જવાબમાં ટીમ ઈન્ડિયા છ વિકેટે ૧૧૬ રન સાથે બેકફૂટ પર

ક્રાઈસ્ટચર્ચ, તા.૨૮

ફાસ્ટ બોલરોને અનુકૂળ પીચ પર ન્યુઝીલેન્ડના ૩૫૬ના સ્કોર સામે ભારતીય બેટ્સમેનોનો ધબડકો થયો હતો અને પ્રવાસી ટીમ બીજા દિવસની રમતના અંતે છ વિકેટે ૧૧૬ રન પર ફસડાઈ હતી. ક્રાઈસ્ટચર્ચમાં ચાલી રહેલી શ્રેણીની બીજી ટેસ્ટમાં બીજા દિવસના અંતે ભારતીય ટીમ યજમાનોના પ્રથમ ઈનિંગના સ્કોર કરતાં હજુ ૨૪૦ રન પાછળ હતી અને તેમની માત્ર ચાર જ વિકેટ સલામત હતી.

જુરેલ ૪૫ બોલમાં સાત રને ક્રિઝ પર હતો. જ્યારે સુંદર આઉટ થતાં બીજા દિવસની રમત પુરી થયેલી જાહેર કરવામાં આવી હતી. ભારત તરફથી બેટિંગમાં હજુ આકાશ દીપ, કંબોજ, બુમરાહ અને ગુરનૂર બાકી છે. તેઓ ન્યુઝીલેન્ડની સરસાઈને બને તેટલી ઓછી કરવાનો પ્રયાસ કરશે.



ક્રાઈસ્ટચર્ચમાં બીજા દિવસની રમતમાં કુલ મળીને ૨૨૬ રન થયા હતા અને ૧૧ વિકેટ પડી હતી. ન્યુઝીલેન્ડે ૨૪૬/૫ થી આગળ રમતાં વધુ વધુ ૧૧૦ રનમાં બાકીની પાંચ વિકેટ ગુમાવી હતી. જ્યારે ભારતે છ વિકેટે ૧૧૬ રન કર્યા હતા.

આખરી ચાર વિકેટે ૧૦૯ રન જોડ્યા

ન્યુઝીલેન્ડની ઈનિંગને બ્લન્ડેલ (૫૩*) અને ફિલિપ્સ (૩૬*)ની જોડીએ ૨૪૬/૫થી આગળ ધપાવી હતી. ફિલિપ્સ આજના દિવસની બીજી જ ઓવરમાં કંબોજની બોલિંગમાં ગઈકાલના સ્કોર પર પંતના હાથે કેચઆઉટ થતાં ન્યુઝીલેન્ડે ૨૪૭માં છઠ્ઠી વિકેટ ગુમાવી હતી. જોકે બ્લન્ડેલે સંઘર્ષ કરતાં ૨૧૧ બોલમાં ૧૦ ચોગ્ગા સાથે ૮૯ રન નોંધાવ્યા હતા. તેણે નેથન સ્મિથ (૨૬) સાથે સાતમી વિકેટમાં ૪૪, જેમીસન (૧૯) સાથે આઠમી વિકેટમાં ૩૩ તેમજ હેનરી (૧૯) સાથે નવમી વિકેટમાં ૨૨ રન જોડ્યા હતા. ન્યુઝીલેન્ડે આખરી ચાર વિકેટમાં ૧૦૯ રન જોડતા સ્કોર ૩૫૬ પર પહોંચાડ્યો હતો.

આકાશદીપની ૯૯ રનમાં પાંચ વિકેટ

આજના દિવસમાં પડેલી પાંચમાંથી ત્રણ વિકેટે આકાશ દીપને તેમજ ૧-૧ વિકેટ કમ્બોજ અને ગુરનૂર બ્રારને મળી હતી. આકાશ દીપે ૯૯ રનમાં પાંચ વિકેટ પુરી કરી હતી. તેણે આજે નેથન સ્મિથ, જેમીસન અને હેનરીની વિકેટ ઝડપી હતી. ફિલિપ્સને કંબોજે અને બ્લેન્ડેલને ગુરનૂરે આઉટ કર્યો હતો. બુમરાહે ૨૬ ઓવરમાં માત્ર ૧.૮૮ની ઈકોનોમીથી ૪૯ રન જ આપ્યા હતા. જોકે તેને વિકેટ મળી નહતી.



WTC સૌથી વધુ છગ્ગા

બેટર (દેશ)	ટેસ્ટ	છગ્ગા
પંત (ભારત)	૪૪*	૮૯
સ્ટોક્સ (ઈંગ્લેન્ડ)	૬૪	૮૮
રોહિત (ભારત)	૪૦	૫૬
ગિલ (ભારત)	૪૪*	૪૮
જયસ્વાલ (ભારત)	૩૨*	૪૫

ભારતીય બેટસમેનોની કંગાળ શરૂઆત

ભારતીય બેટિંગની શરૂઆત કંગાળ રહી હતી અને હેનરીએ ઈનિંગની પ્રથમ ઓવરમાં જ જયસ્વાલને ૦ પર બોલ્ડ કર્યો હતો. આ પછી પડિક્કલ ૨૧ અને ગિલ ૧૭ રને જેમીસનનો શિકાર બનતા ભારતે ત્રણ વિકેટપ૯ રનના સ્કોર પર ગુમાવી હતી.

પંતનો ઘાતક શોટ : ૧૦ રનના ગાળામાં ૩ વિકેટ

કે.એલ. રાહુલ અને પંતની જોડીએ ચોથી વિકેટમાં ૩૭ રનની ભાગીદારી કરતાં ભારતના કમબેકની આશા જગાવી હતી. પંતે ૧ છગ્ગા અને ૧ ચોગ્ગા સાથે ૨૩ રન ફટકાર્યા હતા. જોકે તે તેની આદત મુજબ આક્રમક શોટ ફટકારવાના પ્રયાસમાં કેચઆઉટ થયો હતો. પંત આઉટ થતાં જ ભારતે માત્ર ૧૦ રનમાં ત્રણ વિકેટ ગુમાવી હતી અને ટીમ ફરી દબાણ હેઠળ આવી ગઈ હતી. ડ્ફીએ પંત બાદ રાહુલ (૨૫)ની વિકેટ મેળવી હતી અને સ્મિથે સુંદરને (૬૦ બોલમાં ૧૦) આઉટ કરતાં ભારત ૯૬/૩ માંથી ૧૧૬/૬ પર ફસડાયું હતુ.

ન્યુઝીલેન્ડ પ્રથમ ઈનિંગ

	રનબોલ	૪	૬
લાથમ કો.પંત બો.આકાશ દીપ	૫૬	૧૨૮	૬ ૦
કોન્વે એલબી બો.ગુરનૂર	૩૧	૭૯	૪ ૦
નિકોલ્સ કો.આકાશ દીપ બો.કંબોજ	૧૬	૪૬	૧ ૦
રચિન કો.પંત બો.આકાશ દીપ	૦	૬	૦ ૦
મિચેલ કો.જુરેલ બો.સુંદર	૩૧	૭૪	૪ ૦
બ્લન્ડેલ કો.આકાશ દીપ બો.ગુરનૂર	૮૯	૨૧૧	૧૦ ૦
ફિલિપ્સ કો.પંત બો.કંબોજ	૩૬	૬૭	૫ ૦
નેથન સ્મિથ કો.એન્ડ બો.આકાશ દીપ	૨૬	૪૫	૪ ૦
જેમીસન કો.જયસ્વાલ બો.આકાશદીપ	૧૬	૨૬	૪ ૦
હેનરી કો.પંત બો.આકાશદીપ	૧૬	૨૫	૪ ૦
ડ્ફી અણનમ	૨	૨	૦ ૦
વધારાના (બાય ૮, લેગબાય ૭, નોબોલ ૧૩)	૨૮		
કુલ (૧૧૬.૩ ઓવરમાં ઓલઆઉટ)	૩૫૬		

વિકેટનો ક્રમ : ૧-૭૭ (કોન્વે ૨૫.૬), ૨-૧૧૦ (લાથમ ૪૧.૩), ૩-૧૧૦ (નિકોલ્સ ૪૨.૧), ૪-૧૧૦ (રચિન ૪૩.૬), ૫-૧૮૪ (મિચેલ ૬૪.૪), ૬-૨૪૭ (ફિલિપ્સ ૮૬.૨), ૭-૨૯૧ (નેથન સ્મિથ ૧૦૦.૧), ૮-૩૨૪ (જેમીસન, ૧૦૬.૫), ૯-૩૪૬ (બ્લેન્ડલ, ૧૧૫.૪), ૧૦-૩૫૬ (હેનરી, ૧૧૬.૩)

બોલિંગ : બુમરાહ ૨૬-૬-૪૯-૦, કંબોજ ૨૨-૫-૭૯-૨, આકાશ દીપ ૩૧.૩-૮-૯૯-૫, ગુરનૂર બ્રાર ૨૮-૪-૭૮-૨, સુંદર ૯-૧-૩૬-૧.

ભારત પ્રથમ ઈનિંગ

	રનબોલ	૪	૬
જયસ્વાલ બો.હેનરી	૦	૬	૦ ૦
કે.એલ.રાહુલ કો.કોન્વે બો.ડ્ફી	૨૫	૮૦	૩ ૦
પડિક્કલ કો.બ્લન્ડેલ બો.જેમીસન	૨૧	૨૦	૧ ૧
ગિલ કો.લાથન બો. જેમીસન	૧૭	૨૬	૩ ૦
પંત કો.જેમીસન બો.ડ્ફી	૨૩	૩૬	૧ ૧
સુંદર કો.લાથમ બો.સ્મિથ	૧૦	૬૦	૦ ૦
જુરેલ રમતમાં	૭	૪૫	૧ ૦
વધારાના (બાય ૧, લેગબાય ૩, નોબોલ ૩, વાઈડ ૬)	૧૩		
કુલ (૪૬ ઓવરમાં છ વિકેટે)	૧૧૬		

વિકેટનો ક્રમ : ૧-૦ (જયસ્વાલ ૦.૬), ૨-૩૩ (પડિક્કલ ૭.૨), ૩-૫૯ (ગિલ ૧૪.૪), ૪-૯૬ (પંત ૨૬.૬), ૫-૧૦૪ (કે. એલ. રાહુલ ૩૦.૫), ૬-૧૧૬ (સુંદર ૪૫.૬).

બોલિંગ : હેનરી ૧૩-૪-૨૯-૧, જેમીસન ૧૩-૪-૩૩-૨, નેથન સ્મિથ ૧૨-૩-૨૯-૧, જેકોબ ડ્ફી ૮-૩-૨૧-૨.

ફાઈનલમાં ચીન સામે ૩-૧થી વિજય મેળવ્યો

ભારતીય મહિલા હોકી ટીમે ચોથી વખત એશિયન હોકી ચેમ્પિયન્સ ટ્રોફી જીતી



ભોપાલ, તા.૨૮

ભારતની મહિલા હોકી ટીમે ૩-૧થી ઓલિમ્પિકની સિલ્વર મેડલ વિજેતા ચીન સામે વિજય મેળવીને ઘરઆંગણે રમાયેલી એશિયન હોકી ચેમ્પિયન્સ ટ્રોફી જીતી લીધી હતી. એશિયન ગેમ્સની ફાઈનલની રિ મેચમાં ભારતે પ્રભુત્વ જાળવી રાખતાં યાદગાર વિજય મેળવ્યો હતો. આ સાથે ભારતીય ટીમે સતત ત્રીજી અને ઓવરઓલ ચોથી વખત એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી જીતવાની સિદ્ધિ મેળવી હતી. દીપિકા સેહરાવતને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી હતી, જેણે ટુર્નામેન્ટમાં કુલ મળીને ૧૨ ગોલ ફટકાર્યા હતા.

એશિયન હોકી ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતની મહિલા હોકી ટીમે તમામ સાતેય મેચ જીતવાની સાથે ટાઈટલ પોતાના નામે કરવાની અનોખી સિદ્ધિ પણ હાંસલ કરી હતી. મધ્ય પ્રદેશના ભાપોલમાં આવેલા નાથુ બરખેડા ઈન્ટરનેશનલ સ્પોર્ટ્સ કોમ્પલેક્સમાં યોજાયેલી આ ટુર્નામેન્ટની ફાઈનલમાં ચીન આક્રમક અંદાજમાં શરૂઆત કરતાં ભારતને દબાણ હેઠળ લાવી દીધું હતુ. ચીનની ચેન યુજુને મેચની ૨૫મી મિનિટે સ્કોર કરતાં ભારત ૦-૧થી પાછળ પડી ગયું હતુ. હાફ ટાઈમ બાદ ભારતીય ટીમે નવા જોશ સાથે મેચમાં પુનરાગમન કર્યું હતુ. દીપિકા સેહરાવતે મેચની ૩૮મી મિનિટે સ્કોર કરતાં ભારતને બરોબરી અપાવી હતી. આ પછી ઈશિકા સામ્ભ્રવાલે ૪૨મી મિનિટે સ્કોર કર્યો હતો અને ભારતને ૨-૧થી સરસાઈ અપાવી હતી. દીપિકાએ ૪૩મી મિનિટે તેનો બીજો ગોલ ફટકારતાં ભારતે મેચમાં ૩-૧થી સરસાઈ મેળવી હતી. જે વિજયી નીવડી હતી.

ભારતની મહિલા ટીમે ૨૦૨૩ અને ૨૦૨૪ પછી આ સતત ત્રીજી વખત એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકી ટુર્નામેન્ટ જીતી લીધી હતી. અગાઉ ૨૦૧૬માં ભારતીય ટીમે આ ટ્રોફી પહેલીવાર જીતી, ત્યારે પણ ફાઈનલમાં ચીનને જ ૨-૧થી મહાત આપી હતી. વર્ષ ૨૦૧૦થી રમાતી આ ટુર્નામેન્ટમાં ઈતિહાસમાં ભારતની મહિલા ટીમ ચાર ટાઈટલ જીતવા સાથે સૌથી સફળ ટીમ બની ગઈ છે. જ્યારે સાઉથ કોરિયા ત્રણ ટાઈટલ સાથે બીજા ક્રમે ફેંકાયું છે. ચીનની ટીમને તેની આ ચોથી ફાઈનલમાં પણ હારનો સામનો કરવો પડ્યો હતો. રસપ્રદ બાબત એ છે કે, ચીન તેની ચારમાંથી ત્રણ ફાઈનલમાં ભારત સામે જ હાર્યું હતું.

ભારતના ચાર ટાઈટલ

વર્ષ (યજમાન)	ફાઈનલનું પરિણામ
૨૦૧૬ (સિંગાપોર)	ચીનને ૨-૧થી હરાવ્યું
૨૦૨૩ (ભારત)	જાપાનને ૪-૦થી હરાવ્યું
૨૦૨૪ (ભારત)	ચીન સામે ૧-૦થી વિજય
૨૦૨૬ (ભારત)	ચીનને ૩-૧થી હરાવ્યું

આકાશદીપની ૯૯ રનમાં પાંચ વિકેટ : બ્લન્ડેલના ૮૯ રન : બીજા દિવસની રમતમાં કુલ ૨૨૬ રન થયા અને ૧૧ વિકેટ પડી

દીપિકા સેહરાવત પ્લેયર ઓફ ધ મેચ-ટુર્નામેન્ટ જાહેર : ટુર્નામેન્ટમાં કુલ ૧૨ ગોલ ફટકાર્યા : ફાઈનલમાં એક તબક્કે ભારત ૦-૧થી પાછળ હતું

મુંબઈ ઈન્ડિયન્સના ડ્રેસિંગ રૂમમાં જૂની સંસ્કૃતિ ફરી સ્થપાશે

રોહિત શર્મા કેપ્ટન બન્યો એટલે મુંબઈ ચેમ્પિયન બનશે તેમ માની ન લેવાય

રોહિતની વધતી વય અને બુમરાહની ફીટનેસના પડકારો પણ રહેશે જ

નવી દિલ્હી, તા. ૨૮

ઈન્ડિયન પ્રીમિયર લીગની ૨૦૨૭ પહેલાં મુંબઈ ઈન્ડિયન્સે મોટો નિર્ણય લેતાં રોહિત શર્માને ફરી ટીમની કેપ્ટન્સી સોંપી છે. પાંચ વખત મુંબઈને IPL ચેમ્પિયન બનાવનારા રોહિતની વાપસીથી ચાહકોમાં ઉત્સાહ છે. જોકે, ભારતના પૂર્વ સ્પિનર રવિચંદ્રન અશ્વિનનું માનવું છે કે માત્ર રોહિતને ફરી કેપ્ટન બનાવવાથી મુંબઈ ઈન્ડિયન્સની સફળતાની ખાતરી આપી શકાય નહીં. ટીમની સમસ્યાઓ કેપ્ટન્સી કરતાં ઘણી ઊંડી છે.

અશ્વિને પોતાની યુટ્યુબ ચેનલ પર આ અંગે વિશ્લેષણ કરતાં જણાવ્યું હતું કે મુંબઈ ઈન્ડિયન્સની છેલ્લી IPL ટ્રોફી ૨૦૨૦માં આવી હતી. ત્યાર પછી ટીમનું શ્રેષ્ઠ પ્રદર્શન ચોથું સ્થાન રહ્યું છે. ખાસ વાત એ છે કે આ સમયગાળામાં રોહિત શર્મા અને હાર્દિક પંડ્યા બંનેએ ટીમનું નેતૃત્વ કર્યું હોવા છતાં પરિણામોમાં ખાસ ફરક જોવા મળ્યો નથી.



અશ્વિને કહ્યું હતું કે, કેટલાક લોકો એવું માને છે કે હાર્દિક પંડ્યા યોગ્ય રીતે કેપ્ટન્સી કરી શક્યો નહીં અને રોહિત વધુ સારી રીતે ટીમનું નેતૃત્વ કરી શક્યો હોત. પરંતુ આંકડા દર્શાવે છે કે કેપ્ટન બદલવાથી મુંબઈના પરિણામોમાં ખાસ ફેરફાર થયો નથી. તેથી સમસ્યા માત્ર નેતૃત્વની નથી, પરંતુ ટીમની રચનામાં પણ છે.

અશ્વિનના મતે રોહિત શર્મા મુંબઈ ઈન્ડિયન્સની ઓળખનો અભિન્ન હિસ્સો છે. જે રીતે મહેન્દ્રસિંહ ધોનીને ચેન્નાઈ સુપર કિંગ્સથી અલગ કરીને જોઈ શકાય નહીં, તેવી જ રીતે રોહિતને મુંબઈ ઈન્ડિયન્સથી અલગ કરીને જોઈ શકાય નહીં. અશ્વિન માને છે કે રોહિતની વાપસીથી ટીમના ડ્રેસિંગ રૂમમાં ફરી સ્થિરતા અને જૂની સંસ્કૃતિ સ્થાપિત કરવામાં ઉપયોગી નીવડશે.

તેણે ખાસ ભાર મૂક્યો હતો કે રોહિત બોલરોનો ઉપયોગ કરવામાં અને ફિલ્ડિંગ ગોઠવવામાં કુશળ છે. તેથી તેની કપ્તાની ટીમને ફાયદો કરાવી શકે છે. પરંતુ માત્ર આ બાબતથી જ ટીમ ટાઈટલ જીતી જશે એવું માની લેવું યોગ્ય નથી.

રોહિત શર્માની વધતી ઉંમર તેમજ બુમરાહની ફીટનેસ અને વર્ક લોડની દેખાવ પર અસર પડશે જ તેમ અશ્વિને ઉમેર્યું હતું.

જેન્સી કોલકાતા W15 ટુર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશી

૧૪ વર્ષની જેન્સી કાનાબારે સાનિયા મિર્ઝાનો ૨૪ વર્ષ જુનો રેકોર્ડ તોડ્યો

અમદાવાદ, તા.૨૮

ગુજરાતની ૧૪ વર્ષીય ટેનિસ ખેલાડી જેન્સી કાનાબારે વધુ એક સિદ્ધિનું શિખર સર કરતાં કોલકાતામાં ચાલી રહેલી ડબલ્યુ૧૫ પ્રોફેશનલ ટેનિસ ટુર્નામેન્ટમાં મહિલા સિંગલ્સની ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો હતો. આ સાથે જેન્સીએ સૌથી યુવા વયે પ્રો ટેનિસ ટુર્નામેન્ટની સિંગલ્સ કેટેગરીની ફાઈનલમાં પ્રવેશનારી ભારતીય મહિલા ખેલાડી તરીકેનો સાનિયા મિર્ઝાનો ૨૪ વર્ષ જુનો રેકોર્ડ તોડી નાંખ્યો હતો.

જેન્સીએ ૧૪ વર્ષ અને ૧૧ મહિનાની ઉંમરે ફાઈનલમાં પ્રવેશી ઈતિહાસ રચી દીધો હતો. અગાઉ સાનિયા મિર્ઝાએ ૨૦૦૨માં ૧૫ વર્ષ અને ૧૦ મહિનાની ઉંમરે હૈદરાબાદમા રમાયેલી આઈટીએફ ટુર્નામેન્ટની મહિલા સિંગલ્સની ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ગુજરાતના જુનાગઢની જેન્સી કાનાબારે કોલકાતા ડબલ્યુ૧૫ પ્રો ટેનિસ ટુર્નામેન્ટની સેમિ ફાઈનલમાં નેધરલેન્ડની ફ્લોરેન્ટીન ઉક્કેર્સને ૬-૧, ૬-૦થી હરાવી હતી. તેણે એક કલાકથી વધુ સમયના મુકાબલામાં જીત હાંસલ કરતાં કારકિર્દીમાં પહેલી વખત પ્રોફેશનલ સિંગલ્સ ટુર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.



તેણે આ ટુર્નામેન્ટમાં હજુ એક પણ સેટ ગુમાવ્યો નથી. અગાઉ તેણે રિયા સચદેવા સામે ૬-૧, ૬-૨થી અને બીજા રાઉન્ડમાં ડેનમાર્કની ઈલેના જાશ્મિદી સામે ૬-૩ ,૬-૦થી તેમજ ક્વાર્ટર ફાઈનલમાં રશિયાની મારિયા કાલ્યાકિના સામે ૭-૬ (૭-૪), ૬-૨થી જીત હાંસલ કરી હતી. જેન્સીએ રશિયન હરિફ સામે પ્રથમ સેટમાં ૩-૫થી પાછળ પડ્યા બાદ કમબેક કર્યું હતુ અને સેટ ટાઈબ્રેકરમાં ખેંચાયો હતો, જેમાં પણ ૧-૪થી પાછળ પડ્યા બાદ તેણે સતત છ પોઈન્ટ જીત્યા હતા.

જેન્સી પ્રો ટેનિસ ટુર્નામેન્ટની સિંગલ્સની ફાઈનલમાં પ્રવેશનારી સૌથી યુવા વયની ભારતીય મહિલા

પંતને આ જ કારણે કેપ્ટન બનાવાતો નથી : અશ્વિન

પંતે બેજવાબદારીભર્યો શોટ ફટકારવા જતાં વિકેટ ગુમાવતા ભારત મુશ્કેલીમાં

ક્રાઈસ્ટચર્ચ, તા.૨૮

ટેસ્ટ ક્રિકેટમાં આક્રમક અંદાજમાં બેટિંગ કરીને હરિફ બોલરો પર દબાણ સર્જવા માટે જાણીતા ભારતીય વિકેટકિપર બેટસમેન પંતના આવા જ અંદાજની ન્યુઝીલેન્ડ સામેની બીજી ટેસ્ટમાં ટીકા થઈ રહી છે. ક્રાઈસ્ટચર્ચમાં ચાલી રહેલી શ્રેણીની બીજી ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાની ઈનિંગ રિબિલ્ટ થઈ રહી હતી, ત્યારે ડ્ફીની બોલિંગમાં ક્રિઝની બહાર આવીને આક્રમક શોટ ફટકારવાનો પ્રયાસ કર્યો હતો, પણ તેમાં તે સફળ રહ્યો નહતો અને કેચ ઉછળ્યો હતો અને મીડવિકેટ પર જેમીસને તેને ઝડપી લીધો હતો.

પંત જાણે તેની વિકેટ ફેંકી દીધી હોય તેવું ચાહકોને અનુભવાયું હતુ. પંત આઉટ થયો તે પછી ૧૦ રનના ગાળામાં રાહુલ અને સુંદર આઉટ થતાં ભારત ૧૧૬/૬ પર ફસડાયું હતુ. પંતના આ જ અંદાજની ટીકા કરતાં ભૂતપૂર્વ ક્રિકેટર આર. અશ્વિને કહ્યું કે, પંતની પ્રતિભામાં કોઈને શંકા નથી. જોકે તેણે તેની રમતમાં સુધારો કરવાની જરુર છે અને કયા બોલ પર કેવી રીતે રમવું તેના નિર્ણયો વધુ સમજદારીથી લેવા જોઈએ. જો આમ થાય તો તેને ભારતીય ટીમનો કેપ્ટન પણ બનાવી દેવાય તો નવાઈ નહીં લાગે. તે શોટ ફટકારવા અંગેના તેના નિર્ણયોને કારણે તેની પ્રતિભાને ન્યાય આપી શકતો નથી. બોલરોને મદદગાર પીચ પર ભારતના ટોચના બેટ્સમેનો પિચ પર ટકવા સંઘર્ષ કરતાં જોવા મળ્યા હતા. પડિક્કલ આવા જ પ્રયાસમાં વિકેટની પાછળ કેચ આપી બેઠો હતો. કેપ્ટન ગિલ પણ પૂર ઝડપે આવેલા બોલની સામે રમી શક્યો નહતો અને સેકન્ડ સ્લીપમાં લાથમના હાથે કેચઆઉટ થયો હતો. બંને વિકેટ જેમીસનને મળી હતી.



ફાસ્ટ બોલરોને અનુકૂળ પીચ પર ભારતના ટોચના બેટ્સમેનો ટકી રહેવામાં નિષ્ફળ

ડેવિસ કપ : ચેક રિપબ્લિકને હરાવી ઈટાલી ફાઈનલમાં

બોલોગ્ના, તા. ૨૮

ડેવિસ કપ ટેનિસમાં વર્તમાન ચેમ્પિયન ઈટાલીએ ચેક રિપબ્લિકને ૨-૧થી હરાવી સતત ચોથી વખત ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. ઈટાલીના મુસેટ્ટીએ ચેક રિપબ્લિકના મેન્સિકને ૬-૩, ૬-૪થી હરાવ્યો હતો. બીજી સિંગલ્સ મેચમાં ચેક રિપબ્લિકના લેહેચકાએ ઈટાલીના કોબોલીને ૬-૨, ૧-૬, ૬-૩થી હરાવી મુકાબલો ૧-૧થી સરભર કર્યો હતો. નિર્ણાયક ડબલ્સમાં મુસેટ્ટી અને વાવાસોરીએ ૩-૬, ૬-૧, ૭-૬(૭-૪)થી લેહેચકા-માચાક સામે વિજય મેળવી ઈટાલીને ફાઈનલમાં પહોંચાડ્યું હતુ.

વર્લ્ડ ચેસ : ગુકેશ અને સિન્દારોવ વચ્ચેની ચોથી બાજી પણ ડ્રો

સુપ્રીમ કોર્ટનો ચુકાદો : ઓડિશાનું સભ્યપદ યથાવત્

હોકી ઈન્ડિયાની ચૂંટણી પાંચમી ડિસેમ્બરે યોજાશે : પ્રમુખ દિલીપ તિરકેને રાહત

નવી દિલ્હી, તા.૨૮

દેશમાં હોકીની રમતનું સંચાલન કરતી સર્વોચ્ચ સંસ્થા - હોકી ઈન્ડિયાની ચૂંટણી પર ઓરિસ્સા હાઈકોર્ટે મુકેલો સ્ટે દૂર કરવાનો નિર્ણય સુપ્રીમ કોર્ટે લીધો છે. હવે હોકી ઈન્ડિયાની ચૂંટણી તારીખ પાંચમી ડિસેમ્બરે અગાઉના કાર્યક્રમ અનુસાર યોજાશે. તેની સાથે સુપ્રીમ કોર્ટે હોકી ઓડિશાને કાયમી સભ્ય તરીકે જારી રાખવાનો નિર્ણય લીધો છે. જેના કારણે વર્તમાન પ્રમુખ દિલીપ તિરકી ફરી વખત પ્રમુખપદની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી શકશે. નોંધપાત્ર છે કે, અગાઉ ઓરિસ્સા હાઈકોર્ટે હોકી ઈન્ડિયાની ચૂંટણી પર સ્ટે આપવાની સાથે હોકી ઓડિશાને બે નોટિસો પાઠવી હતી. જેમાંની એક નોટિસ નિયમોના ભંગ અંગેની અને બીજી નોટિસ તેમના સભ્યપદને ફરી એસોસિએટ સભ્ય તરીકે કેમ ન ગણવું તે સંદર્ભેની હતી. સુપ્રિમે બંને નોટિસો પાછી ખેંચી છે. હવે દિલીપ તિરકીએ કહ્યું છે કે, મેં હજુ નક્કી કર્યું નથી કે, હું ફરી વખત પ્રમુખ બનવાની ચૂંટણીમાં ઉભો રહીશ કે નહીં. સુપ્રીમ કોર્ટના જસ્ટીસ કે. વી. વિશ્વનાથન અને અરુણ પલ્લીની બેન્ચે ચૂકાદો આપ્યો હતો.



સઈદ મોદી ઈન્ટરનેશનલ બેડમિંટન ટુર્નામેન્ટ

તન્વી શર્મા સિંગલ્સની અને ટ્રીસા-ગાયત્રીની જોડી મહિલા ડબલ્સની ફાઈનલમાં પ્રવેશી

લખનઉ, તા.૨૮

ભારતની યુવા બેટમિંડન ખેલાડી તન્વી શર્મા મહિલા સિંગલ્સની અને ટ્રીસા જોલી તેમજ ગાયત્રી ગોપીચંદની જોડીએ મહિલા ડબલ્સની ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો હતો. આ સાથે સઈદ મોદી ઈન્ટરનેશનલ બેડમિંટન ટુર્નામેન્ટમાં ભારતે બે કેટેગરીમાં ટાઈટલ જીતવાની આશા જીવંત રાખી હતી. જોકે મેન્સ સિંગલ્સ અને મેન્સ ડબલ્સની સાથે મિક્સ ડબલ્સમાં કોઈ ભારતીય ખેલાડી ટાઈટલની રેસમાં સામેલ નથી. લખનઉમાં બાબુ બનારસી દાસ ઈન્ડોર સ્ટેડિયમમાં ચાલી રહેલી બેડમિંટન વર્લ્ડ ટુરની સુપર ૩૦૦ ટુર્નામેન્ટની મહિલા સિંગલ્સની ઓલ ઈન્ડિયન સેમિ ફાઈનલમાં સેકન્ડ સીડ તન્વીને ભારતની જ ઉન્નતી હૂડાને ૧૧-૨૧, ૨૧-૧૦, ૨૧-૧૩થી મહાત આપી હતી. હવે ફાઈનલમાં તેનો મુકાબલો થાઈલેન્ડની સુપાનીદા કાટેથોંગ સામે થશે. જેણે ટોપ સીડ જાપાની ખેલાડી રિકો ગુન્જીને ૨૧-૧૬, ૨૦-૨૨, ૨૧-૧૦થી પરાજીત કરી હતી. ડિફેન્ડિંગ ચેમ્પિયન અને ટોપ સીડ ભારતની ટ્રીસા-ગાયત્રીએ યુક્રેનની બુહરોવા-કાન્ટેમાયરને ૧૩-૨૧, ૨૧-૧૦, ૨૧-૧૨થી હરાવી ટાઈટલ જંગમાં પ્રવેશ કર્યો હતો. હવે તેઓ ચોથો સીડ ધરાવતી ઈન્ડોનેશિયાની મેઈડા અને નાસ્તીને સામે ટકરાશે.



ઓસ્ટ્રેલિયાએ સ્પિનર લાયનને પડતો મુક્યો

ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડે ચાર ટેસ્ટની શ્રેણી માટે ટીમની જાહેરાત કરી

પ્રથમ ટેસ્ટ પર્થમાં ૯ ડિસેમ્બરથી શરુ થશે

મેલબોર્ન, તા. ૨૮

ઓસ્ટ્રેલિયાએ ન્યૂઝીલેન્ડ સામે રમાનારી ચાર ટેસ્ટ મેચની ઘરઆંગણાની શ્રેણી માટે ૧૩ સભ્યોની ટીમ જાહેર કરી છે. પસંદગીકારોએ આ વખતે અનુભવી ઓફ સ્પિનર નાથન લાયનને ટીમમાંથી પડતો મૂક્યો છે. વર્ષ ૨૦૧૧માં ટેસ્ટ ક્રિકેટમાં પદાર્પણ કર્યા બાદ પહેલી વખત લાયનને ફોર્મના આધારે ટેસ્ટ ટીમમાં સ્થાન મળ્યું નથી. ઓસ્ટ્રેલિયાના મુખ્ય પસંદગીકાર જ્યોર્જ બેઈલીએ જાહેર કરેલી ટીમમાં વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયાના ઓફ સ્પિનર રોચિકિયોલી અને ક્વીન્સલેન્ડના બેટર ક્લેટને પ્રથમ વખત ટેસ્ટ ટીમમાં સ્થાન મેળવ્યું છે.



ઓસ્ટ્રેલિયા : કમિન્સ (કેપ્ટન), બોલેન્ડ, કેરી, ક્લેટન, ગ્રીન, હેઝલવુડ, હેડ, ઈંગ્લિસ, નેસર, રેનશો, રોચિકિયોલી, સ્મિથ અને સ્ટાર્ક. **ન્યુઝીલેન્ડ :** લાથમ (કેપ્ટન), બ્લન્ડેલ, કોનવે, ડ્ફી, ફિશર, ફોક્સક્રોફ્ટ, હેનરી, જેમિસન, મિચેલ, નિકોલ્સ, વિલ ઓ'રર્ક, ફિલિપ્સ, રે, રવિન્દ્ર, સ્મિથ અને વિલ યંગ.

જૂના ભાગીદારો વચ્ચે કાયદાકીય વિવાદ વકર્યો

એપલ અને ઓપનએઆઈ વચ્ચે ટ્રેડ વોર ટ્રેડ સિક્રેટની ચોરીના સામ-સામા આરોપ

ન્યૂયોર્ક, તા.૨૮

અમેરિકાની ટેક્નોલોજી જાયન્ટ કંપનીઓ એપલ અને ઓપનએઆઈ પોતાની ડિવાઈસીસ લોન્ચ કરવાની તૈયારી કરી રહી છે ત્યારે બંને વચ્ચે કાયદાકીય વિવાદ વકરી રહ્યો છે. બંને કંપનીઓએ એકબીજા પર ટ્રેડ સિક્રેટ્સની ચોરીના આરોપ મૂક્યા છે. ઓપનએઆઈનો દાવો છે કે એપલ તેના સપ્લાયરો અને કર્મચારીઓ પર દબાણ કરી રહી છે. બીજીબાજુ એપલે ઓપનએઆઈ પર તેની ગુપ્ત માહિતીનો દુરુપયોગ કરવાનો આરોપ મૂક્યો છે. એક સમયની ભાગીદાર કંપનીઓ છૂટી પડ્યા પછી બંને વચ્ચે આ વિવાદ વધ્યો છે.

એપલ સપ્લાયરો અને કર્મચારીઓ પર પર દબાણ લાવી અમારી સાથે કામ કરતા રોકે છે : ઓપનએઆઈ

ઓપનએઆઈએ એપલ પર ગંભીર આરોપ મૂકતા કહ્યું છે કે આઈફોન બનાવતી કંપની તેના સપ્લાયરો પર દબાણ કરીને તેમને ઓપનએઆઈ સાથે કામ કરતા રોકી રહી છે. સાથે જ તેણે એપલ પર પ્રતિભાશાળી કર્મચારીઓને અન્ય કંપનીમાં જતા રોકવા માટે અનફેર એમ્પ્લોયમેન્ટ એગ્રીમેન્ટનો ઉપયોગ કરવા અને ટ્રેડ સીક્રેટ્સની ચોરી કરવાનો આરોપ મૂક્યો છે. ઓપનએઆઈએ શુક્રવારે કેલિફોર્નિયાના સાન જોસ સ્થિત ફેડરલ કોર્ટમાં દાખલ જવામાં આ આરોપ મૂક્યા. આ ફાઈલિંગમાં એપ્પલ પર ઓપનએઆઈએ ટ્રેડ સિક્રેટ્સની ચોરી કરવાનો પણ આરોપ મૂક્યો હતો.

ઓપનએઆઈએ અમારા કર્મચારીઓને નોકરીની લાલચ આપી ગુપ્ત માહિતી ચોરી : એપલનો આરોપ

આ પહેલા એપલે ઓપનએઆઈ વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો. હવે આ કેસ બંને કંપનીઓ વચ્ચે ટેક્નોલોજી અને વેપારની માહિતી સાથે સંકળાયેલા અધિકારો અંગે કાયદાકીય લડાઈમાં ફેરવાઈ ગયો છે. આ વિવાદ વચ્ચે ઓપનએઆઈ તેની પોતાની ડિવાઈસ બજારમાં લાવી રહ્યું હોવાની પણ ચર્ચા છે. આ સાથે ઓપનએઆઈ આઈફોન ઉત્પાદક એપલ સાથે સીધી સ્પર્ધામાં ઉતરે તેવી સંભાવના છે. એપલના પૂર્વ ડિઝાઈન પ્રમુખ જોની આઈવ ઓપનએઆઈ માટે અનેક નવા ઉત્પાદનો ડેવલપ કરવામાં મદદ કરી રહ્યા છે. આ પ્રોડક્ટ સિરિઝમાં ઓપનએઆઈના સૌથી પહેલા ડોનટના કદના સ્માર્ટ સ્પીકર લોન્ચ થાય તેવી સંભાવના છે. એપલે જુલાઈમાં ઓપનએઆઈ અને કંપનીના ચીફ હાર્ડવેર ઓફિસર જૈંગ જૈન વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો. એપલે આરોપ મૂક્યો હતો કે ચેટજીપીટી બનાવનારી કંપનીએ તેના કર્મચારીઓ અને નોકરી માટે અરજી કરનારા ઉમેદવારો મારફત કંપનીની ગુપ્ત માહિતી ચોરવાનો પ્રયત્ન કર્યો હતો. એપલે દાવો કર્યો કે ઓપનએઆઈએ તેના ત્યાં કામ કરતા કેટલાક કર્મચારીઓને નોકરી આપીને તેના ટ્રેડ સિક્રેટ્સની ચોરી કરી હતી. આ પહેલા એપલ અને ઓપનએઆઈ બંનેએ પાર્ટનર તરીકે સાથે કામ કર્યું હતું. આ ભાગીદારી હેઠળ ચેટજીપીટીને સીધા આઈફોન, આઈપેડ અને મેકના સોફ્ટવેરમાં સામેલ કરાયા હતા.

ટાટા ટ્રસ્ટની અરજીમાં રાહત નકારાયા બાદ

ટાટા સન્સે બોમ્બે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં કેવિએટ ફાઈલ કરી

મુંબઈ, તા. ૨૮

ટાટા સન્સે શનિવારે બોમ્બે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં કેવિએટ્સ દાખલ કર્યા છે , જેમાં ખાતરી કરવામાં આવી છે કે જો બે ટાટા ટ્રસ્ટ અપીલ દાખલ કરે તો તેની બાજુ પણ સાંભળવામાં આવશે.

અગાઉ બોમ્બે હાઈકોર્ટે ૩૦મી નવેમ્બરની બોર્ડ મિટિંગ સામે સ્ટે'ની બન્ને ટ્રસ્ટની અરજી નકારી હતી

સર દોરાબજી ટાટા ટ્રસ્ટ અને આરડી ટાટા ટ્રસ્ટને શુક્રવારે બોમ્બે હાઈકોર્ટ તરફથી કોઈ રાહત મળી શકી નથી. કોર્ટે કહ્યું હતું કે તે ટાટા સન્સની ૩૦ નવેમ્બરની બોર્ડ મીટિંગને મુલતવી રાખવા અથવા મનાઈ હુકમ આપવાનો કોઈ આદેશ પસાર કરશે નહીં.

ટ્રસ્ટોએ બેઠક મુલતવી રાખવા અને/અથવા ચંદ્રશેખરનને તેમના નિર્ણાયક મતનો ઉપયોગ કરવાથી રોકવાના આદેશની માંગ કરી હતી .

૨૭ નવેમ્બર ૨૦૨૬ ના રોજના આદેશના સંદર્ભમાં ટાટા સન્સ પ્રાઇવેટ લિમિટેડ દ્વારા બોમ્બે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં અરજીઓ દાખલ કરી હોવાનું એક જાણકાર વ્યક્તિએ જણાવ્યું છે.

બંને ટાટા ટ્રસ્ટ કોર્ટમાં અપીલ કરી શકે છે અને કેવિએટ દ્વારા ટાટા સન્સને આ મામલે પોતાનો પક્ષ રજૂ કરવામાં મદદ કરશે.

શુક્રવારે બોમ્બે હાઈકોર્ટના જસ્ટિસ અભય આહુજાની બેન્ચે બંને ટાટા ટ્રસ્ટને તાત્કાલિક રાહત આપી ન હતી અને કહ્યું હતું કે બેઠક નિર્ધારિત સમય મુજબ થઈ શકે છે, પરંતુ તે કોર્ટના અંતિમ આદેશોને આધીન રહેશે.

ટાટા ટ્રસ્ટોએ મીટિંગ મુલતવી રાખવા અથવા રોકવાની માંગ કરી હતી, અથવા એવો આદેશ આપ્યો હતો કે ચેરમેનને તેમના નિર્ણાયક મતનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

બેન્ચે ટાટા સન્સ અને આ કેસમાં અન્ય પ્રતિવાદીઓ, જેમાં બોર્ડ સભ્યોનો પણ સમાવેશ થાય છે, તેમને ગુરુવારે (૨૬ નવેમ્બર) દાખલ કરાયેલા બે દાવાઓ પર તેમના જવાબ સોગંદનામા રજૂ કરવાનો આદેશ આપ્યો અને આ મામલાની વધુ સુનાવણી ૧૮ જાન્યુઆરી, ૨૦૨૭ ના રોજ મુલતવી રાખી હતી.

સર દોરાબજી ટાટા ટ્રસ્ટ (એસડીટીટી) અને આરડી ટાટા ટ્રસ્ટ (આરડીટીટી) એ ટાટા સન્સ અને તેના છ ડિરેક્ટરો સામે હાઈકોર્ટમાં દાવો દાખલ કર્યો હતો, જેમાં ચંદ્રશેખરનની ત્રીજી પાંચ વર્ષની મુદત માટે એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે પુનઃનિયુક્તિને પડકારવામાં આવ્યો હતો.

એસડીટીટીએ ટાટા સન્સ પાસેથી રૂ.૫૦ કરોડની માંગણી કરી છે, જ્યારે આરડીટીટીએ ૧૮ ટકા વાર્ષિક વ્યાજ સાથે રૂ.૧૫ કરોડનું નુકસાન માંગ્યું છે.

સોનિયા ગાંધી ભારતના નાગરિક બન્યાના ૩ વર્ષ અગાઉથી મતદાર યાદીમાં હતા !

નવીદિલ્હી,તા.૨૮

કોંગ્રેસી નેતા સોનિયા ગાંધીની નાગરિકતા અને મતદાર યાદીમાં એમનું નામ સામેલ હોવા સાથે સંકળાયેલા મામલે દિલ્હી પોલીસે શનિવારે અત્રેના રાઉઝ એવેન્યુ સ્થિત અધિક મુખ્ય ન્યાયિક મેજિસ્ટ્રેટની કોર્ટમાં એટીઆર (એક્શન ટેકન રિપોર્ટ) રજૂ કર્યો છે.

દિલ્હી પોલીસે કોર્ટમાં એટીઆર રજૂ કર્યો : વધુ સુનાવણી ૧૪ ડિસેમ્બરે

પોલીસે રિપોર્ટમાં જણાવ્યું કે, સોનિયા ગાંધી ૧૯૮૦માં ભારતીય નાગરિક નહોતાં, જ્યારે એમનું નામ એ વર્ષની મતદાર - યાદીમાં સામેલ હતું. એમને એપ્રિલ, ૧૯૮૩માં મળેલી ભારતીય નાગરિકતા બાબતે જિલ્લા મેજિસ્ટ્રેટ (ડીએમ) કચેરી અને કેન્દ્રીય ગૃહ મંત્રાલયનું સમર્થન મળ્યું છે.

આ ફરિયાદ ધારાશાસ્ત્રી વિકાસ ત્રિપાઠીએ ૨૪ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ નોંધાવી હતી, જેમાં આરોપ મૂકાયો છે કે સોનિયા ગાંધીનું નામ ભારતીય નાગરિકત્વ મળતા પહેલા જ મતદાર યાદીમાં દાખલ કરી દેવાયું હતું..!

આ મામલાની સુનાવણી અધિક મુખ્ય ન્યાયિક મેજિસ્ટ્રેટ વિનોદ જોશીની અદાલતમાં થઈ રહી છે. પોલીસે કોર્ટને જણાવ્યું કે દિલ્હીના સીઈઓ (મુખ્ય ચૂંટણી અધિકારી)ને નોટિસ આપવામાં આવી છે. જો કે એમનો જવાબ હજી મળ્યો નથી. આથી તપાસ પૂરી કરવા માટે વધુ સમયની જરૂર છે.

રિપોર્ટ મુજબ, ૨૫ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ ઈઆરઓ (ચૂંટણી નોંધણી અધિકારી) ના કાર્યાલયમાંમાંથી મળેલ પત્રમાં એ મુદ્દે સમર્થન આપવામાં આવ્યું છે કે સોનિયા ગાંધીનું નામ ૧૯૮૦ અને ૧૯૮૩ની મતદાર યાદીઓમાં સામેલ હતું. જો કે ફોર્મ-૬ અને સંબંધિત અન્ય દસ્તાવેજ હમણાં ઉપલબ્ધ થયા નથી. જેની શોધ થઈ રહી છે. પોલીસે જણાવ્યું કે મતદાર યાદીને લગતો રેકોર્ડ ડીએમ (કલેકટર) કચેરીમાં રાખવામાં આવે છે. અદાલતે આ મુદ્દે તપાસ અધિકારીને આગળની તપાસ અને સંભવિત ગુના સંબંધી સ્થિતિ સ્પષ્ટ કરવા જણાવ્યું છે. સાથે જ, અત્રેના તુગલખ રોડ પોલીસ મથકના એસએચઓ (સ્ટેશન હાઉસ ઓફિસર)ને આ મામલામાં કયો ગુનો બને છે. આ મામલે હવે પછીની સુનાવણી ૧૪ ડિસેમ્બરે યોજાશે.

સબમરીનનું વજન ૧૩,૮૦૦ ટન

રશિયાએ મહાકાય ન્યુક્લિયર પાવર સબમરીન લોન્ચ કરી

મોસ્કો,તા.૨૮

રશિયાએ તેની સૌપ્રથમ પર્મ ન્યુક્લિયર પાવર સબમરીન લોન્ચ કરી છે. મોસ્કોનું કહેવું છે કે તેના આ સૌપ્રથમ મલ્ટી પરપઝ ન્યુક્લિયર પાવર સબમરીન ૧૩,૮૦૦ ટનની છે. તે ઝિરકોન હાઇપરસોનિક ક્રુઝ મિસાઇલથી સજ્જ છે.

રશિયાનું ૨૦૩૦ સુધીમાં આવી બીજી પાંચ આધુનિક સબમરીન બનાવવાનું આયોજન

રશિયન પ્રમુખ પુતિને પણ સેવેરોડિન્સ્ક ખાતે તેની અનાવરણ વિધિમાં ભાગ લીધો હતો. આમ આ સબમરીનને સત્તાવાર રીતે રશિયન નૌકાદળને ટ્રાન્સફર કરવામાં આવી હતી. આ બતાવે છે કે મોસ્કો તેનો અંડરવોટર કાફલો પણ વિસ્તારી રહ્યું છે. તેનું ૨૦૩૦ સુધીમાં આવી પાંચ ન્યુક્લિયર સબમરીન લોન્ચ કરવાનું આયોજન છે. તેમા ત્રણ યાસેન એમ ક્લાસ વ્હીલ્કલ્સનો સમાવેશ થાય છે.

પુતિને આ સમારંભમાં જણાવ્યું હતું કે રશિયા વિશ્વના ગણ્યાગાંઠ્યા દેશોમા એવુ એક છે જે આ પ્રકારની શક્તિશાળી પરમાણુ સબમરીન બનાવી શકે છે, જેના શસ્ત્રોની પહોંચ આખા વિશ્વની સમકક્ષ છે.

પર્મ ફોર્થ જનરેશન મલ્ટીપરપઝ ન્યુક્લિયર પાવર્ડ એટેક સબમરીન છે. તે રશિયાના પ્રોજેક્ટ ૮૮પએમ- યાસેન એમ-કલાસનો હિસ્સો છે.આ સબમરીન હાઇપરસોનિક ઝિરકોન ક્રુઝ મિસાઇલ પણ ધરાવે છે. ઝિરકોન મિસાઇલ નેવી અને જમીન પરના લક્ષ્યાંકને હાઇપર સોનિક સ્પીડે વીંધી શકે તે રીતે ડિઝાઇન કરવામાં આવ્યું છે.

બેધડક -મંજુલ



તમે આની ઉજળી બાજુ પણ જૂઓ ! સીમાંકન બાદ અમેઠીમાં સાસંદ તરીકે રાહુલજી અને સ્મૃતિજી, બન્ને માટે જગ્યા હશે !

બકિંગહામ પેલેસની બહાર ક્રિસમસ જમ્પર પરેડ



લંડનમાં ક્રિસમસની ઉજવણીના ભાગરૂપે ૨૮ નવેમ્બરે બકિંગહામ પેલેસની બહાર ક્રિસમસ જમ્પર પરેડ યોજાઈ હતી. આ પ્રસંગે ડોગ્સના માલિકો પોતાના ડોગ્સને રંગબેરંગી અને આકર્ષક ક્રિસમસ જમ્પર પહેરાવીને પરેડમાં જોડાયા હતા. ક્રિસમસની થીમ પર સજ્જ થયેલા ડોગ્સ સાથે માલિકોએ પણ ફોટોગ્રાફ્સ પડાવ્યા હતા. લંડનની આ અનોખી પરેડે લોકોનું ધ્યાન ખેંચ્યું હતું.

દિલ્હીમાં દારૂડિયાએ ત્રીજા માળેથી ફેંકેલું સિલિન્ડર વાગતા યુવાનનું મોત

(પીટીઆઈ) નવીદિલ્હી,તા.૨૮

નૈઋત્ય દિલ્હીના બિન્દાપુરમાં એક બિલ્ડિંગમાં રહેનારાઓ વચ્ચે ગઈકાલે સાંજે થયેલા ઝઘડા પછી ગુસ્સે ભરાયેલા એક યુવાન પક્ષકાર (૨૪)એ દારૂના નશામાં ત્રીજા માળે જઈ ગેસનો બાટલો નીચે ફેંકતા આંગણામાં ઊભેલા પડોશીને વાગતા થયેલી ઈજાથી એનું મોત થયું છે.

ઘટના સોશિયલ મીડિયામાં વાયરલ થતાં વિવાદ વકર્યો : પોલીસે દારૂડિયાની ધરપકડ કરી

ઉપરથી છૂટ્ટો ફેંકાયેલો ગેસનો બાટલો નીચે ઊભેલા સાહિલ (૨૮) નામના યુવાનને વાગતા એ ભારે જખ્મી થયો હતો. પત્ની અને દોઢ વર્ષના બાળક સાથે ત્યાં રહેતા સાહિલને સારવાર માટે દીનદયાલ ઉપાધ્યાય હોસ્પિટલમાં દાખલ કરાતા એને મૃત જાહેર કરાયો હતો.

દિલ્હીના તાલાબવાલા પાર્ક પાસે આવેલા બિન્દાપુર એક્સ્ટેન્શન સ્થિત રાધિકા એપાર્ટમેન્ટમાં ગઈકાલે શુક્રવારે સાંજે ૭ ના સુમારે પડોશીઓ બાખડ્યા હતા. ગેસનો બાટલો ફેંકનાર યુવાન શિવમ્ શર્મા ઉર્ફે શિવ દરજીકામનો વ્યવસાય કરે છે. એણે એ દિવસે સવારથી દારૂ પીધો હતો. બિન્દાપુરની એક ફેક્ટરીમાં દરજીકામ કરતો શિવમ ગઈકાલે નોકરી પર ગયો ન હોતો.

પહેલા, બિલ્ડિંગની પાર્કિંક પ્લેસમાં પડોશીઓ સાતે ઝઘડેલા શિવે વિવાદ વધતા ગુસ્સામાં ત્રીજા માળે જઈને ઝરૂખામાંથી એલપીજી સિલિન્ડરનો નીચે ઘા કર્યો હતો.

સિલિન્ડર સીધો નીચે ઉભેલા સાહિલ પર પડ્યો હતો, જે એજ બિલ્ડિંગના પ્રથમ માળે રહેતો હતો. પોલીસે શિવને અટક કર્યો છે.

છત્તિસગઢમાં માઓવાદીએ છૂપાવેલ ૪.૨૯ કરોડનું સોનુ અને રોકડ જપ્ત

(પીટીઆઈ) બિજાપુર, તા. ૨૮

છત્તિસગઢના બિજાપુર જિલ્લામાં ઈન્દ્રવતી નદીના કિનારે જંગલ વિસ્તારમાં સુરક્ષાદળોએ માઓવાદીઓના જમીન નીચે બનાવેલ જગ્યામાંથી ૪.૨૯ કરોડ રૂપિયાની કિંમતનું ૩.૮૪ કિલોગ્રામ સોનુ અને ૨૪.૨૨ લાખ રૂપિયા રોકડા જપ્ત કર્યા છે.

આ તાજેતરની જપ્તીની સાથે બિજાપુર જિલ્લામાંથી સુરક્ષાદળોએ અત્યાર સુધીમાં માઓવાદીના અલગ અલગ સ્થળો પરથી અત્યાર સુધીમાં કુલ ૮,૨૪,૩૩,૩૦૦ રૂપિયા રોકડા અને ૧૨.૩૪ કિલોગ્રામ સોનું જપ્ત કર્યું છે.

ઉત્તર પશ્ચિમ રેલવે

ઓપન ઈ-ટેન્ડર નોટિસ

ડિવિઝનલ રેલવે મેનેજર એન્જિનિયરિંગ ઉત્તર પશ્ચિમ રેલવે જયપુર દ્વારા ભારત સંઘના રાષ્ટ્રપતિ માટે અને વતી ઈ-ટેન્ડરના માધ્યમથી પ્રચલિત નિયમો અનુસાર નિર્ધારિત ફોર્મમાં ટેન્ડર નીચેના કામો માટે ક્રમાનુસાર આમંત્રિત કરવામાં આવે છે. ક્ર.નં. 1. ટેન્ડર સંખ્યા/કામનું નામ એન્જિ-જય- 2026-27-138. સહાયક ડિવિઝન એન્જિનિયર/હેડકવાર્ટર/ ॥ પેટાવિભાગ : જયપુર યાર્ડમાં નાળાના સુધારાનું કામ અંદાજિત કિંમત: 86138005.29 બિડ સીક્યુરિટી રકમ: 1722800.00 ક્ર.નં. 2 ટેન્ડર નંબર/કામનું નામ: એન્જિ-જય- 2026-27-139 જયપુર ડિવિઝનના વિવિધ સ્ટેશનો પર મુસાફરો માટે વિવિધ સુવિધાઓ આપવામાં આવી છે. જેમ કે ઓછી ઊંચાઈ વાળી ટીકિટ બારી, રૅમ્પ (પ્રવેશ દ્વાર સહિત), પ્લેટફોર્મ શેલ્ટર, સેકન્ડ ક્લાસ વેઈટિંગ રૂમ, અને દિવ્યાંગજનો માટે વેઈટિંગ હોલ સહિત ટિકીટ હોલનું કામ. અંદાજિત કિંમત: 39616982.69. બિડ સીક્યુરિટી રકમ: 792300.00 1. ઉપરોક્ત ટેન્ડરનું સંપૂર્ણ વર્ણન વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. નોટિસ બોર્ડ - ડિવિઝન રેલવે મેનેજર (નિર્માણ એકાઉન્ટ્સ) ઉત્તર પશ્ચિમ રેલવે, જયપુરના કાર્યાલયમાં જોઈ શકાય છે. 2. ટેન્ડર નંબર- એન્જિ.-જય- 2026-27-138 ની બંધ થવાની તારીખ 11.12.2026 સમય 15.00 વાગે અને ખુલવાની તારીખ 11.12.2026 સમય 16.00 વાગે. 3. ટેન્ડર સંખ્યા એન્જિ- જય- 2026-27-139 ની બંધ થવાની તારીખ 10.12.2026 સમય 15.00 વાગે અને ખુલવાની તારીખ 10.12.2026 સમય 16.00 વાગે. 4. ઓફર ફક્ત ઈ-ટેન્ડરના માધ્યમથી જ સ્વીકાર કરાશે. ઈ-ટેન્ડર સિવાય કોઈપણ અન્ય માધ્યમથી ટેન્ડર ઓફરનો સ્વીકાર કરાશે નહિ. **1676-CQ/26**

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ ડિસ્ટ્રીક્ટ ગાંધીનગરના તાલુકા ગાંધીનગરના ગામ મોજે ટીંટોડાની સીમમાં આવેલ બ્લોક/સર્વે નં.૪૮૨ (જુનો બ્લોક/સર્વે નં.૬૪૮) ની હેક્ટર ૦ = આર ૨૮ = ૮૩ ચો.મીટર એટલે કે ૨૮૮૩ ચો.મીટર જુની શરતની ખેતીની જમીન દામિનીબેન તે જયંતીભાઈ પટેલના દીકરી તે વિજયભાઈ પટેલના પત્ની, રહેવાસી = પ્લોટ નં.૩૩૫, સેક્ટર નં.૧/સી, ગાંધીનગરના ની કુલ સ્વતંત્ર માલિકી તેમજ કબજા ભોગવટાની હોવાનું જણાવીને અમારી પાસેથી ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. સબબ, આથી સર્વે લાગતા-વળગતાઓને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, સદરહુ જમીનના ટાઈટલ્સ બાબતે કોઈપણ વ્યક્તિનો ખોરાકી, પોષાકી કે અન્ય કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, અલાખો, ઈઝમેન્ટ, બાનાખતના હક્કો, ગણોત હક્ક, ડેવલપમેન્ટ હક્કો, લીસપેન્ડન્સી, લાગ-ભાગ, લિયન, ચાર્જ કે બોજો પોષાતો હોય અને તેના કારણે કોઈપણ પ્રકારનો વાંધો હોય તો તે અંગેની લેખિત જાણ અમોને પુરાવાઓ સહિત આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન સાત (૭) માં નીચેના સરનામે કરવી, જો તેમ કરવામાં નહીં આવે તો સદરહુ જમીનમાં કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો પોષાતો નથી અને જો પોષાતો હોય તો તે જતો (Waive) કરેલ છે. તેમ સમજી અમો સદરહુ જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ કાઢી આપીશું. ત્યારબાદ કોઈપણ વ્યક્તિની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની આથી સર્વે લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

સ્થળ : ગાંધીનગર.
તારીખ : ૨૮/૧૧/૨૦૨૬ -

એફ.કે.લાખાણી, એસોસીએટસ્
એડવોકેટ્સ
૬૦૧, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, સેક્ટર નં.૧૧, ગાંધીનગર.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીક્ટ તથા તાલુકા સાણંદના ગામ મોજે ચેખલાની સીમનાં બ્લોક નંબર-૭૨૩ પૈકીની હે-આરે-ચોમી ૦-૭૨-૧૪ યાને કે ૭૨૧૪ ચોરસમીટરની આકાર રૂા.૨-૯૭ પૈસાવાળી ખાતા નંબર-૭૧૨ ધરાવતી જુની શરતની ખેતીની જમીન ઘનશ્યામભાઈ ભીમજીભાઈ રહેવાસી-પટેલ વાસ, અમનગર, ચેખલા, તાલુકો સાણંદ, જીલ્લો અમદાવાદનાંએ તેમની સંપૂર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી તથા કબજા ભોગવટાની બોજારહિત હોવાનું જણાવી વેચાણ કરવાનાં હેતુથી સદરહુ જમીન અંગેનાં ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે, તો સદરહુ જમીન ઉપર અન્ય જે કોઈપણ વ્યક્તિ, બેંક, પેઢી કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી કરવી, જો તેમ કરવામાં નહિ આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો સદરહુ જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને અમારા અસીલ દ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે, જેની નોંધ લેવી.

તારીખ : ૨૮-૧૧-૨૦૨૬

વિનોદ સી. દરજી
એડવોકેટ
૨૨૩, સત્યમ મોલ, કામેશ્વર સ્કુલ પાસે, સમાન કોમ્પલેક્ષની સામે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન નં. ૦૭૯ ૨૬૭૬૦૭૮૬

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ ૧૨ (નિકોલ) ના તાલુકા દશક્રોઈના મોજે વહેલાલની સીમના ખાતા નં. ૨૯૨ મા ચાલતા સર્વે/બ્લોક નં.૫૭ (જૂનો સર્વે/બ્લોક નં.૬૭) ની ૦-૫૮-૪૮ હે.આરે.ચો.મી. જુની શરતની ખેતીની જમીન લાલજીભાઈ ગગજીભાઈ, દોલજીભાઈ ગગજીભાઈ, સજનબા પ્રતાપસિંહ બેચરસિંહની વિધવા, હિતેન્દ્રસિંહ પ્રતાપસિંહ, તૃપ્તિબેન તે નરેન્દ્રસિંહ બિહોલાના દિકરી તે અમિતકુમાર વાઘેલાના પત્ની, સેજલ નરેન્દ્રસિંહ બિહોલા, ઈન્દ્રજીતસિંહ વિક્રમસિંહ વાઘેલા, હાર્દિક વિક્રમસિંહ વાઘેલા, પાયલ વિક્રમસિંહ વાઘેલાનાઓની માલિકી, કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર સર્ટીફિકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) અમોને તે બદલના પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈપણ તકરાર ચાલશે નહી.

કુલદિપ ડિ. કોલડિયા, એડવોકેટ
ઓફિસ : ૨૧૧, અર્થ બિઝનેશ સેન્ટર, શિવ બિઝનેસ હબની પાસે, એસ. પી. રિંગ રોડ, નિકોલ,
અમદાવાદ - ૩૮૨૩૫૦
મો. ૯૯૯૮૨ ૬૯૦૧૮

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ - ૧૨ (નિકોલ) ના તાલુકા દશક્રોઈના મોજે વહેલાલની સીમના ખાતા નં. ૨૯૧ મા ચાલતા સર્વે/બ્લોક નં.૧૮ (જૂનો સર્વે/બ્લોક નં.૩૧) ની ૦-૦૫-૦૬ હે.આરે.ચો.મી. જુની શરતની ખેતીની જમીન સજનબા પ્રતાપસિંહ બેચરસિંહની વિધવા, હિતેન્દ્રસિંહ પ્રતાપસિંહ, જયોત્સનાબેન પ્રતાપસિંહ, ઈન્દ્રજીતસિંહ વિક્રમસિંહ વાઘેલા, હાર્દિક વિક્રમસિંહ વાઘેલા, પાયલ વિક્રમસિંહ વાઘેલા, સ્વ. નરેન્દ્રસિંહ પ્રતાપસિંહના સીધી લીટીના વારસદાર તૃપ્તિબેન તે નરેન્દ્રસિંહ બિહોલાના દિકરી તે અમિતકુમાર વાઘેલાના પત્ની, સેજલ નરેન્દ્રસિંહ બિહોલાનાઓની માલિકી, કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર સર્ટીફિકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) અમોને તે બદલના પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈપણ તકરાર ચાલશે નહી.

કુલદિપ ડિ. કોલડિયા, એડવોકેટ
ઓફિસ : ૨૧૧, અર્થ બિઝનેશ સેન્ટર, શિવ બિઝનેસ હબની પાસે, એસ. પી. રિંગ રોડ, નિકોલ,
અમદાવાદ - ૩૮૨૩૫૦
મો. ૯૯૯૮૨ ૬૯૦૧૮

જાહેર નોટિસ

મોજેઃ પાલડી, તાલુકા સાબરમતી, જીલ્લા અમદાવાદની સીમના ટાઉન પ્લાનીગ સ્કીમ નંબરઃ ૩ માં ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબરઃ ૯૮૧/૬ ની બીનખેતીની જમીન ઉપર બાંધવામાં આવેલ 'શ્રીપાર્શ્વ ઓરીયન' થી ઓળખાતી યોજનાના બ્લોકઃએ (બ્રોશર મુજબ ઓનેક્ષી તરીકે ઓળખાતી) ના ગ્રાઉન્ડ ફ્લોર આવેલ દુકાન નંબરઃ જીએફ/૨ ની ૫૧-૨૬ ચોરસમીટરના બાંધકામવાળી મીલકત (૧) દેવેન્દ્રકુમાર છગનભાઈ પટેલ તથા (૨) દિપીકા ડી. પટેલના સ્વતંત્ર માલીકીપણાં તેમજ કબજા ભોગવટાની આવેલ હોવાનું તેમજ અન્ય કોઈના માલીકી હક્ક, હિસ્સા, વારસાઈ લાગભાગ કે બોજા રહીત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે તથા અમારા અસીલે અમો પાસે મજકુર મીલકતના ટાઈટલ કલીયર હોવા બાબતના અભિપ્રાય ની માંગણી કરેલ છે. મજકુર મીલકત ઉપર કોઈનો કોઈપણ જાતનો વારસાઈ હકક, હિસ્સો, દાવો, બોજો બાનાખતના હકકો, લીયન કે એટેચમેન્ટ કે લાગભાગ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૭ (સાત) માં તેની ખરી નકલોવાળા દસ્તાવેજ પુરાવા સહીતની લેખીત

દુનિયાની લક્ઝરી પ્રોપર્ટીમાંની એક...કિંમત રૂ. ૭,૦૦૦ કરોડ









દુનિયામાં લક્ઝરીની વાત આવે ત્યારે મોંઘી કાર, ખાનગી જેટ અને સુપરયોટ્સની ચર્ચા થતી હોય છે, પરંતુ ફ્રાન્સની વિલા લેઓપોલ્ડા આ તમામથી અલગ ઓળખ ધરાવે છે. ફ્રાન્સના ફ્રેન્ચ રિવેરા વિસ્તારમાં આવેલી ઐતિહાસિક હવેલી દુનિયાની સૌથી મોંઘી પ્રાઈવેટ રેસિડેન્શિયલ પ્રોપર્ટીમાંની એક છે. તેની કિંમત આશરે રૂ. ૭,૦૦૦ કરોડ છે. **હવેલીની ખાસિયત :** હવેલીમાંથી સમુદ્રનો નજારો જોવા મળે છે. તેની આસપાસ આશરે ૮ હેક્ટરમાં ગાર્ડન આવેલું છે. હવેલીનો વિસ્તાર આશરે ૨,૭૦૦ ચોરસ મીટર છે. **બેલ્જિયમના રાજાના નામ પરથી નામ :** આ હવેલીનો ઈતિહાસ ૧૮૯૮થી શરૂ થાય છે. બેલ્જિયમના રાજા લિયોપોલ્ડ-૨એ તે વર્ષે આશરે ૮ હેક્ટર જમીન ખરીદી હતી. પોપર્ટીમાં અનેક ફેરફારો કરવામાં આવ્યા. ત્યારબાદ, ૧૯૧૯માં કાઉન્ટેસ થેરેસ દ બોશાંએ તેને નવા રંગરુપ આપ્યા અને ગાર્ડનને ડેવલપ કર્યો. અમેરિકન આર્કિટેક્ટ ઓગ્ડન કોડમેન જુનિયરે ૧૯૩૦ના દાયકામાં તેની નવી ડિઝાઈન તૈયાર કરી. **લગભગ ૮ હેક્ટરમાં ગાર્ડન :** ૮ હેક્ટરમાં બગીચા, વોકવે અને ટેરેસ ગાર્ડન છે. જ્યાં, ઓલિવ, ઓરેન્જ અને લીંબુ સહિતના વૃક્ષો ઉગાડવામાં આવ્યા છે. **અબજોપતિઓની પહેલી પસંદ :** ફિયાટ કંપનીના જિયાની અગ્નેલી અને જાણીતા બેંકર એડમંડ સફા સહિતની હસ્તીઓ આ પ્રોપર્ટી સાથે જોડાયેલી હતી. ૨૦૦૮માં રશિયાના બિલ્યોનેર મિખાઈલ પ્રોખોરોવે તેને ખરીદવામાં રસ દાખવ્યો હતો. ડીલમાં હવેલીની સાથે ફર્નિચર, કલાકૃતિઓ અને ૧૪ કારનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. પ્રોખોરોવે સોદો પૂર્ણ નકર્યો અને યુરોપની કોર્ટે તેમણે અગાઉથી જમા કરાવેલી ૩૮ મિલિયન ડોલરની રકમ હવેલીના માલિકને આપવાનો નિર્ણય કર્યો હતો. **પ્રોપર્ટીની ઊંચી કિંમત પાછળના કારણો :** તેની ઊંચી કિંમત પાછળનું સૌથી મોટું કારણ તેનું લોકેશન છે. ફ્રેન્ચ રિવેરા દુનિયાના સૌથી પ્રતિષ્ઠિત અને મોંઘા રહેણાક વિસ્તારોમાંનો એક છે. બીજું કારણ, આટલી વિશાળ જમીન, સમુદ્રનો નજારો અને રાજવી પરિવાર સાથે જોડાયેલો તેનો ઈતિહાસ છે.

ફ્રાંસના ફ્રેન્ચ રિવેરા વિસ્તારમાં ૮ હેક્ટરમાં ફેલાયેલો વિલા આવેલો છે : આ વિલાના માલિકોમાં રાજાથી લઈને ફિયાટ કંપનીના ચેરમેન સહિતના અબજોપતિ સામેલ છે

સિક્લવમાં રણબીર રણવિજયસિંહ તરીકે પાછો ફરશે

પ્રભાસની 'સ્પિરીટ' બાદ એનિમલ પાર્ક બનાવીશ: સંદીપ રેડ્ડી વાંગા

મુંબઈ, તા. ૨૮

પહેલી ડિસેમ્બર ૨૦૨૩ના રોજ રિલિઝ થયેલી રણબીરકપૂરને મુખ્ય ભૂમિકામાં ચમકાવતી એનિમલ ફિલ્મની સિક્વલ બાબતે સંદીપ રેડ્ડી વાંગાએ જણાવ્યું હતું કે હું એનિમલ પાર્ક ટૂંક સમયમાં શરૂ કરીશ. સ્પિરીટ ફિલ્મનું કામ પુરું થતાં જ હું એનિમલ પાર્ક પર કામ શરૂ કરી દઈશ. એનિમલની સિક્વલમાં પિતા-પુત્ર વચ્ચેની મડાગાંઠ કેવી વેરભાવનામાં પલટાઈ જાય છે તેની આસપાસ કથા રચાશે. ફિલ્મમાં રણબીર કપૂર રણવિજય કપૂર અને અઝીઝ એમ બેવડી ભૂમિકામાં દેખાય તો નવાઈ નહીં. હિંસા અને પાત્રાલેખનને કારણે આ ફિલ્મ એનિમલ ચર્ચાનું કેન્દ્ર બની હતી. હાલ સંદીપ રેડ્ડી વાંગા પ્રભાસને મુખ્ય ભૂમિકામાં રજૂ કરતી ફિલ્મ સ્પિરીટના નિર્દેશનમાં વ્યસ્ત છે. આ જાહેરાત સાથે એટલું તો નક્કી થઈ ગયું છે કે વાંગા એનિમલ પાર્ક બનાવવાની દિશામાં કામ કરી રહ્યા છે.



એનિમલ યુનિવર્સમાં 'એનિમલ પાર્ક' સૌથી વધુ હિંસક ફિલ્મ હોવાની ચર્ચા શરૂ થઈ

હવે મારે ઉંમર અનુસાર રોલ કરવા છે

હું ૬૦ વર્ષે હીરો છું કે કેમ એ કૂતુહલ સંતોષવા જ 'કિંગ' બનાવી : શાહરૂખ

મુંબઈ, તા. ૨૮

દાયકાઓ સુધી રોમેન્ટિક અને એક્શન હિરોની ભૂમિકા કરતાં આવેલાં શાહરુખ ખાને તેની આગામી ફિલ્મ કિંગના ડેડી કૂલ સોંગ લોન્ચની ઈવેન્ટમાં જણાવ્યું હતું કે મને એવું લાગવા માંડ્યુ છે કે મારે મારી ઉંમરને માફક આવે તેવી ભૂમિકાઓ ભજવવી જોઈએ.



ફિલ્મની પ્રમોશનલ ઈવેન્ટમાં કરણ જોહર સાથે વાત કરતાં શાહરુખ ખાને હિરોઈન કે ફિલ્મનું નામ દીધાં વિના એક પ્રસંગ જણાવ્યો હતો. એક રોમાન્ટિક સીનનું શૂટિંગ પુરું કર્યા બાદ તેણે તેનાથી નાની વયની હિરોઈનને અચાનક જણાવ્યું હતું કે એક બીજી વાત, તેં તારું આવતીકાલની સવારનું મેથ્સનું હોમવર્ક પુરું કરી લીધું છે ને, બેટી?

શાહરુખે ઉમેર્યું હતું કે જે છોકરીઓ સાથે હું એક્ટિંગ કરું છું તેમની અને મારી વચ્ચે વયનો ફરક એટલો મોટો થઈ ગયો છે કે મને લાગે છે કે મારે હવે મારી ઉંમરને છાજે તેવી ભૂમિકાઓ કરવી જોઈએ.

રોમેન્ટિક સીનના શૂટિંગ બાદ હિરોઈનને બેટી કહી દીધું હોવાની ખેલદિલીથી કબૂલાત કરી

માતૃભૂમિ ફિલ્મના ગીતના વિવાદમાં જાવેદ અખ્તરનો બચાવ

મેરી સેક્સી બ્યુટી સોંગ મુદ્દે જાવેદ અખ્તરે કહ્યું, ફિલ્મી મ્યુઝિક સમાજનું પ્રતિબિંબ

મુંબઈ, તા. ૨૮

સલમાનખાનની ફિલ્મ માતૃભૂમિના ગીત મેરી સેક્સી બ્યુટીના વિવાદ બાબતે જાણીતાં ગીતકાર જાવેદ અખ્તરે જણાવ્યું હતું કે સમકાલીન હિન્દી ફિલ્મના ગીતોની ગુણવત્તા કથળી રહી છે તેનું કારણ સમાજ અને નવી પેઢીનું મર્યાદિત શબ્દભંડોળ છે. ફિલ્મ સંગીત એ સમાજનું પ્રતિબિંબ છે.

જાવેદ અખ્તરે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે જેન ઝીનું શબ્દભંડોળ સંકોચાયું છે. ભાષા સંવાદ માટે છે પણ તે પોતે એક લલિત કળા છે. તમે તેનો કેવી રીતે ઉપયોગ કરો છો તેના પર તેનું સૌન્દર્ય નિર્ભર છે. આજે આપણી ભાષા પર કોણ ધ્યાન આપે છે? આજે કેટલા જણાં સાહિત્ય કે કવિતા વાંચે છે?



જો કે, જાવેદ અખ્તરે નવી પેઢી ફરી સંગીત કળા અને સાહિત્યમાં ઉંડાણ શોધી રહી હોવાનું જણાવી આશા વ્યક્ત કરી હતી કે દસ પંદર વર્ષ પછી મોટું પુનરુત્થાન આવશે તેવી મને શ્રદ્ધા હોઈ હું જરાય નિરાશાવાદી નથી. ચિત્રાંગદા સિંહ પર ફિલ્માવવામાં આવેલું ગીત મેરી સેક્સી બ્યુટી વોર ફિલ્મને છાજે તેવું નથી ગણાવી તેની ટીકા કરવામાં આવી હતી.

જેન-ઝીનું શબ્દભંડોળ સંકોચાઈ રહ્યું છે, તેઓ સાહિત્યથી ઘણું શીખશે તેવી આશા

ભગવાન રામના આશીર્વાદથી અમે નફો રળીશું

રામાયણની સફળતા બાદ નિર્માતા ગેલમાં, ક્રિટિક્સની ઝાટકણી કાઢી

મુંબઈ, તા. ૨૮

રામાયણ ભાગ વને ભારતમાં એક હજાર કરોડ રૂપિયાની ચોખ્ખી કમાણી કરી લેતાં ફિલ્મના નિર્માતા નમિત મલ્હોત્રાએ ઓડિયન્સનો આભાર માનતા જણાવ્યું હતું કે ફિલ્મના ઓપનિંગ બિઝનેસ અને તે નફો કરશે કે કેમ તેવી ગણતરીઓ કરતાં મારા માટે લોકોનો પ્રેમ વધારે મહત્વનો છે. નમિત મલ્હોત્રાએ ફિલ્મના ટીકાકારોને જવાબ આપતાં જણાવ્યું હતું કે જે સમીક્ષકો મૂવીના બિઝનેસની વાતો કરતાં હોય તેમને હું ઝીરો રેટિંગ આપું છું. જે લોકો આ વાતો કરી રહ્યા છે તેમને ફિલ્મની કમર્શિયલ સાઈડ વિશે કશું જ્ઞાન નથી. ભગવાન રામના આશિર્વાદથી અમે નફો રળીશું. ૨૦૨૮ની દિવાળીમાં બીજો ભાગ અમે હવે વધારે મોટા સ્કેલ પર રજૂ કરીશું.



ફિલ્મના નિર્માતા નમિત મલ્હોત્રાએ જણાવ્યું હતું કે મારા માટે આ ફિલ્મ રામાયણ ભાગ વન મોટી સફળતા છે અને હવે હું આવી બીજી ૨૫ ફિલ્મો બનાવવાનો છું.

મારા માટે આ મોટી સફળતા અને હવે હું આવી બીજી ૨૫ ફિલ્મો બનાવીશ : નમિત મલ્હોત્રા

૧૯૯૭માં રિલીઝ થયેલી જીટીએની અત્યાર સુધીમાં ૧૭ અબજ ડોલર કરતાં વધુ કમાણી

૩૦ વર્ષે પણ જીટીએનો ક્રેઝ : પહેલા દિવસે ચાર અબજ ડોલરની કમાણી

વિડીયો ગેમ્સ હવે માત્ર બાળકોના મનોરંજનનું સાધન રહી નથી, પરંતુ તે અબજો ડોલરના બિઝનેસ, કલા, ટેકનોલોજી અને વાર્તાકથનનું એક એવું વિરાટ માધ્યમ બની ગઈ છે, જેણે હોલીવુડની બ્લોકબસ્ટર ફિલ્મોને પણ પાછળ છોડી દીધી છે. તાજેતરમાં રજૂ થયેલા જીટીએ-૬ ગેમને જે રીતે વૈશ્વિક સ્તરે ક્રેઝ જોવા મળ્યો તેનાથી લોકો અભિભૂત છે પણ વાસ્તવિકતા એ છે કે, આ કંઈ નવી બાબત નથી. વૈશ્વિક સ્તરે આ ગેમ અને અન્ય એવી ઘણી ગેમ્સ છે જેનો લોકોને ખૂબ જ ક્રેઝ છે અને દાયકાઓથી આ ગેમ્સ ટ્રેન્ડમાં છે. તાજેતરમાં મેટાક્રિટિક દ્વારા છેલ્લાં ત્રણ દાયકાની સર્વશ્રેષ્ઠ ગેમ્સની જાહેરાત કરવામાં આવી હતી. આ ગેમ્સને ચાહકો દ્વારા ૧૦૦માંથી કેટલા પોઈન્ટ્સ આપવામાં આવે છે તેના આધારે તેનો સર્વે થયો હતો.

આ યાદીમાં વર્ષ ૧૯૯૭થી લઈને નવેમ્બર ૨૦૨૬ સુધીમાં રિલીઝ થયેલી એવી ૩૩ ઐતિહાસિક ગેમ્સનો સમાવેશ થાય છે, જેમણે વિવેચકો પાસેથી ૧૦૦માંથી ૯૬ કે તેથી વધુનો 'મેટાસ્કોર' (Metascore) પ્રાપ્ત કર્યો છે. આ અહેવાલ માત્ર ચાહકો અને વિવેચકોની પસંદગી જ નથી દર્શાવતો, પરંતુ ગેમિંગ ઉદ્યોગના ત્રણ દાયકાના ઉત્ક્રાંતિ કાળ, નિન્ટેન્ડો અને રોકસ્ટાર ગેમ્સ જેવા દિગ્ગજોના વર્ચસ્વ અને આ ગેમ્સે વિશ્વભરમાં કરેલા અબજો ડોલરના કલેક્શન તથા કરોડો નકલોના વેચાણની અદભૂત ગાથા પણ રજૂ કરે છે. બીજી નવાઈની વાત એવી છે કે, આ ટોપ ૧૦ની યાદીમાં ૩૩ ગેમ્સ આવે છે. માત્ર ૯૯થી ૯૬ સુધીના સ્કોરમાં જ આ ગેમ્સ આવે છે.

મેટાક્રિટિકના આ સમગ્ર વિશ્લેષણમાં સૌથી મોટો અને ઐતિહાસિક વળાંક નવેમ્બર ૨૦૨૬માં આવ્યો છે, જ્યારે રોકસ્ટાર ગેમ્સની બહુપ્રતીક્ષિત ગેમ ગ્રાન્ડ થેફ્ટ ઓટો-૬ (GTA ૬) રિલીઝ થઈ. નવેમ્બર ૧૯, ૨૦૨૬ ના રોજ વિશ્વભરમાં લોન્ચ થયેલી આ ગેમે વિવેચકો પાસેથી ૧૦૦ માંથી ૯૯નો અકલ્પનીય મેટાસ્કોર મેળવીને ઈતિહાસ રચી દીધો છે. આ સ્કોર સાથે તેણે ૨૮ વર્ષ જૂનો રેકોર્ડ બરાબર કર્યો છે, જે વર્ષ ૧૯૯૮ માં નિન્ટેન્ડો ૬૪ પર રિલીઝ થયેલી ધ લિજેન્ડ ઓફ ઝેલ્ડા : ઓકારિના ઓફ ટાઈમના નામે હતો. સમગ્ર યાદીની ૩૩ ગેમ્સમાંથી માત્ર આ બે જ ગેમ્સ એવી છે જે ૯૯ના શિખર સુધી પહોંચી શકી છે.

વ્યાપારિક દ્રષ્ટિએ જોઈએ તો GTA VI એ લોન્ચિંગના પ્રથમ દિવસે જ અંદાજે ૧.૯ કરોડ (૧૯ મિલિયન)થી વધુ નકલો વેચીને ૩.૭૯ અબજ ડોલર (આશરે ૩૧,૫૦૦ કરોડ રૂપિયાથી વધુ)ની કમાણી કરી હતી. જેણે 'એવેન્જર્સ : એન્ડગેમ' (૨.૯ અબજ ડોલર)ના લાઈફટાઈમ બોક્સ ઓફિસ કલેક્શનને પણ એક જ દિવસમાં પછાડી દીધું હતું, અને ટૂંક સમયમાં જ તેનું વેચાણ ૩.૨૫ કરોડ નકલોને પાર પહોંચી ગયું છે. બીજી તરફ, ૧૯૯૮ની ક્લાસિક ગેમ 'ઓકારિના ઓફ ટાઈમ' એ મૂળ નિન્ટેન્ડો ૬૪ પર ૭૬ લાખથી વધુ નકલો વેચી હતી, અને તેના ૩ડી વર્ઝન તથા ૨૦૨૬માં નિન્ટેન્ડો સ્વિચ ૨ ઉપર આવેલી તેની નવી આવૃત્તિએ આ ફ્રેન્ચાઈઝીને અમર બનાવી દીધી છે. ઉલ્લેખનીય છે કે, આ યાદીમાં ૯૮ કે તેથી વધુ મેટાસ્કોર મેળવનારી કુલ પાંચ જ ગેમ્સ છે. ૯૯ સ્કોર ધરાવતી બે ગેમ્સ ઉપરાંત ૯૮ નો સ્કોર હાંસલ કરનારી ત્રણ મહાન ગેમ્સમાં વર્ષ ૧૯૯૯ની સેગા ડ્રીમકાસ્ટની ફાઈટિંગ ગેમ 'સોલકેલિબર', વર્ષ ૨૦૦૮ ની મલ્ટિપ્લેટફોર્મ ઓપન-વર્લ્ડ ક્રાઈમ ગેમ 'ગ્રાન્ડ થેફ્ટ ઓટો IV' અને વર્ષ ૨૦૧૦ની નિન્ટેન્ડો વીની પ્લેટફોર્મર ગેમ 'સુપર મારિયો ગેલેક્સી-૨નો સમાવેશ થાય છે.



વેચાણની દ્રષ્ટિએ 'ગ્રાન્ડ થેફ્ટ ઓટો ૪એ વિશ્વભરમાં ૨.૫ કરોડથી વધુ નકલો વેચીને ૨ અબજ ડોલરથી વધુની કમાણી કરી હતી, જ્યારે 'સુપર મારિયો ગેલેક્સી ૨' એ ૭૪.૧ લાખ નકલોનું વેચાણ નોંધાવ્યું હતું અને 'સોલકેલિબર' એ ડ્રીમકાસ્ટ કન્સોલ પર ૧૩ લાખથી વધુ નકલો વેચીને ફાઈટિંગ ગેમ્સની દુનિયામાં નવા ધોરણો સ્થાપિત કર્યા હતા.

સમગ્ર ૩૩ ગેમ્સની યાદીનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરીએ તો તેમાં જાપાની ગેમિંગ કંપની નિન્ટેન્ડોનું એકચક્રી શાસન સ્પષ્ટપણે જોવા મળે છે. આ યાદીમાં સામેલ ૨૨ પ્લેટફોર્મ એક્સક્લુઝિવ ગેમ્સમાંથી ૧૨ ગેમ્સ એકલા નિન્ટેન્ડોના પ્લેટફોર્મ પર રિલીઝ થઈ છે, જે અન્ય તમામ કંપનીઓના કુલ સરવાળા કરતાં પણ વધુ છે. બાકીની ૧૦ એક્સક્લુઝિવ ગેમ્સમાંથી પ્લેસ્ટેશનના ફાળે ૫ ગેમ્સ આવી છે, જ્યારે પીસી, સેગા અને એક્સબોક્સ મળીને બાકીની ૫ ગેમ્સ ધરાવે છે. નિન્ટેન્ડોની સૌથી લોકપ્રિય ફ્રેન્ચાઈઝી 'ધ લિજેન્ડ ઓફ ઝેલ્ડા'ના કુલ પાંચ ટાઈટલ્સ આ યાદીમાં ચમક્યા છે. તેમાં ૧૯૯૮ ની 'ઓકારિના ઓફ ટાઈમ' (સ્કોર ૯૯), ૨૦૦૩ની ગેમક્યુબ ગેમ 'ધ વિન્ડ વેકર' (સ્કોર ૯૬, વેચાણ ૪૪.૩ લાખ નકલો), ૨૦૧૭ ની નિન્ટેન્ડો સ્વિચ ગેમ 'બ્રેથ ઓફ ધ વાઈલ્ડ' (સ્કોર ૯૭, વેચાણ ૩.૫૯ કરોડ નકલો), ૨૦૨૩ની 'ટિયર્સ ઓફ ધ કિંગડમ' (સ્કોર ૯૬, વેચાણ ૨.૨૭ કરોડ નકલો) અને ૨૦૨૬ની 'ઓકારિના ઓફ ટાઈમ' સ્વિચ ૨ આવૃત્તિ (સ્કોર ૯૬) નો સમાવેશ થાય છે. આ ઉપરાંત નિન્ટેન્ડોની જ 'સુપર મારિયો' શ્રેણીની ૨૦૦૭ની 'સુપર મારિયો ગેલેક્સી' (સ્કોર ૯૭, વેચાણ ૧.૨૮ કરોડ નકલો), ૨૦૧૦ની 'સુપર મારિયો ગેલેક્સી ૨' (સ્કોર ૯૮) અને ૨૦૧૭ની 'સુપર મારિયો ઓડિસી' (Super Mario Odyssey - સ્કોર ૯૭, વેચાણ ૩.૧ કરોડ નકલો) એ પણ વૈશ્વિક સ્તરે અબજો ડોલરનો વકરો કર્યો છે.

આ યાદીનો સમયગાળો વર્ષ ૧૯૯૭થી શરૂ થાય છે, જેમાં નિન્ટેન્ડો ૬૪ની પ્રથમ ક્લાસિક ગેમ 'ગોલ્ડનઆઈ ૦૦૭'ને ૯૬ મેટાસ્કોર મળ્યો હતો, અને તેણે વિશ્વભરમાં ૮૦.૯ લાખ નકલો વેચીને ફર્સ્ટ-પર્સન શૂટર ગેમ્સનો પાયો નાખ્યો હતો. ત્યારબાદ વર્ષ ૧૯૯૮ ગેમિંગ ઈતિહાસનું સૌથી સુવર્ણ વર્ષ સાબિત થયું, જેમાં 'ઓકારિના ઓફ ટાઈમ' ઉપરાંત પ્લેસ્ટેશનની 'ટેક્કન ૩' (સ્કોર ૯૬, વેચાણ ૮૫ લાખ નકલો), રેસિંગ ગેમ 'ગ્રાન તુરિસ્મો' (સ્કોર ૯૬, વેચાણ ૧.૦૮ કરોડ નકલો) અને પીસી ગેમિંગમાં ક્રાંતિ લાવનાર 'હાફ-લાઈફ' (સ્કોર ૯૬, વેચાણ ૯૩ લાખ નકલો) જેવી દિગ્ગજ ગેમ્સે સ્થાન મેળવ્યું હતું. વર્ષ ૨૦૦૦માં નિન્ટેન્ડો ૬૪ની 'પરફેક્ટ ડાર્ક' (સ્કોર ૯૭, વેચાણ ૨૫ લાખ નકલો) અને સેગા ડ્રીમકાસ્ટની સ્પોર્ટ્સ ગેમ 'NFL ૨K૧' (સ્કોર ૯૭, વેચાણ ૧૨ લાખ નકલો) એ વિવેચકોના દિલ જીતી લીધા હતા. ૨૧મી સદીની શરૂઆત એટલે કે વર્ષ ૨૦૦૧ ગેમિંગ ઉદ્યોગ માટે ગેમ-ચેન્જર બની રહ્યું. આ વર્ષે પ્લેસ્ટેશન ૨ પર 'ગ્રાન્ડ થેફ્ટ ઓટો III' (સ્કોર ૯૭) રિલીઝ થઈ, જેણે ૧.૪૫ કરોડ નકલો વેચીને ઓપન-વર્લ્ડ ગેમિંગની દુનિયા બદલી નાખી. આ જ વર્ષે મલ્ટિપ્લેટફોર્મ સ્પોર્ટ્સ ગેમ 'ટોની હોક્સ પ્રો સ્કેટર ૩' (સ્કોર ૯૭, વેચાણ ૨૧ લાખથી વધુ નકલો), પ્લેસ્ટેશન ૨ ની જાસૂસી થ્રિલર 'મેટલ ગિયર સોલિડ ૨: સન્સ ઓફ લિબર્ટી' (સ્કોર ૯૬, વેચાણ ૭૦ લાખ નકલો) અને માઈક્રોસોફ્ટના એક્સબોક્સ કન્સોલને લોકપ્રિય બનાવનાર 'હેલો : કોમ્બેટ ઈવોલ્વ્ડ' (સ્કોર ૯૭, વેચાણ ૫૫ લાખથી વધુ નકલો) એ પણ આ પ્રતિષ્ઠિત યાદીમાં જગ્યા બનાવી. ત્યારબાદ ૨૦૦૨માં ગેમક્યુબની 'મેટ્રોઈડ પ્રાઈમ' (સ્કોર ૯૭, વેચાણ ૨૮.૪ લાખ નકલો), ૨૦૦૪માં પીસીની શ્રેષ્ઠ ગેમ 'હાફ-લાઈફ ૨' (સ્કોર ૯૬, વેચાણ ૧.૨ કરોડ નકલો) અને ૨૦૦૫ માં હોરર-એક્શન ગેમ 'રેસિડેન્ટ ઈવિલ ૪' (સ્કોર ૯૬, મૂળ અને તમામ આવૃત્તિઓ મળીને ૧.૫૨ કરોડથી વધુ નકલો) એ પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી.



> ગત અઠવાડિયે લોન્ચ થયેલી ગેમે વિવેચકો પાસેથી ૧૦૦માંથી ૯૯નો અકલ્પનીય મેટાસ્કોર મેળવીને ઈતિહાસ રચી દીધો છે. આ સ્કોર સાથે તેણે ૨૮ વર્ષ જૂનો રેકોર્ડ બરાબર કર્યો છે, જે વર્ષ ૧૯૯૮માં નિન્ટેન્ડો ૬૪ પર રિલીઝ થયેલી ધ લિજેન્ડ ઓફ ઝેલ્ડા : ઓકારિના ઓફ ટાઈમના નામે હતો. બીજી નવાઈની વાત એવી છે કે, આ ટોપ ૧૦ની યાદીમાં ૩૩ ગેમ્સ આવે છે. માત્ર ૯૯થી ૯૬ સુધીના સ્કોરમાં જ આ ગેમ્સ આવે છે : વ્યાપારિક દ્રષ્ટિએ જોઈએ તો GTA VI એ લોન્ચિંગના પ્રથમ દિવસે જ અંદાજે ૧.૯ કરોડ (૧૯ મિલિયન)થી વધુ નકલો વેચીને ૩.૭૯ અબજ ડોલર (આશરે ૩૧,૫૦૦ કરોડ રૂપિયાથી વધુ)ની કમાણી કરી હતી. જેણે 'એવેન્જર્સ : એન્ડગેમ' (૨.૯ અબજ ડોલર)ના લાઈફટાઈમ બોક્સ ઓફિસ કલેક્શનને પણ એક જ દિવસમાં પછાડી દીધું હતું, અને હાલ તેનું વેચાણ ૩.૨૫ કરોડ નકલોને પાર પહોંચી ગયું છે : આ ઈન્ડસ્ટ્રીમાં જાપાની ગેમિંગ કંપની નિન્ટેન્ડોનું એકચક્રી શાસન છે. આ યાદીમાં સામેલ ૨૨ પ્લેટફોર્મ એક્સક્લુઝિવ ગેમ્સમાંથી ૧૨ ગેમ્સ નિન્ટેન્ડોના પ્લેટફોર્મ પર રિલીઝ થઈ છે.

વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૧નો સમયગાળો મલ્ટિપ્લેટફોર્મ ગેમિંગનો સુવર્ણ યુગ બન્યો

વર્ષ ૨૦૦૭થી ૨૦૧૧ દરમિયાન મલ્ટિપ્લેટફોર્મ ગેમિંગનો સુવર્ણ યુગ જોવા મળ્યો, જ્યાં એક જ ગેમ એકસાથે અનેક કન્સોલ અને પીસી પર રિલીઝ થવા લાગી.

૨૦૦૭ માં 'બાયોશોક' (સ્કોર ૯૬, વેચાણ ૪૦ લાખથી વધુ નકલો) અને વાલ્વ (Valve)ના કલેક્શન 'ધ ઓરેન્જ બોક્સ' (સ્કોર ૯૬, વેચાણ ૩૦ લાખથી વધુ નકલો) એ વિવેચકોની પ્રશંસા મેળવી. ૨૦૦૯માં પ્લેસ્ટેશન ૩ની એક્સક્લુઝિવ ગેમ 'અનચાર્ટેડ ૨: અમોંગ થીવ્સ' (સ્કોર ૯૬, વેચાણ ૬૫ લાખ નકલો) એ સિનેમેટિક ગેમિંગનો નવો અધ્યાય લખ્યો, જ્યારે ૨૦૧૦માં સાયન્સ-ફિક્શન RPG 'માસ ઈફેક્ટ ૨' (સ્કોર ૯૬, વેચાણ ૨૦ લાખથી વધુ નકલો) એ વાર્તાકથનની નવી ઊંચાઈઓ સર કરી.

૨૦૧૧માં રિલીઝ થયેલી બેથેસ્ડાની ફેન્ટસી ગેમ 'ધ એલ્ડર સ્ક્રોલ્સ V: સ્કાયરિમ' (સ્કોર ૯૬) એ તો વેચાણના તમામ રેકોર્ડ તોડતા વિશ્વભરમાં ૬.૫ કરોડથી વધુ નકલો વેચીને અબજો ડોલરની કમાણી કરી.

જો કમાણી અને વેચાણના આંકડાઓની વાત કરવામાં આવે, તો આ યાદીમાં સામેલ રોકસ્ટાર ગેમ્સની બે કૃતિઓ સમગ્ર ગેમિંગ ઉદ્યોગના ઈતિહાસમાં શિરમોર છે. વર્ષ ૨૦૧૩ માં રિલીઝ થયેલી 'ગ્રાન્ડ થેફ્ટ ઓટો V' (GTA V - મેટાસ્કોર ૯૭) એ વિશ્વભરમાં અત્યાર સુધીમાં ૨૩.૫ કરોડ (૨૩૫ મિલિયન)થી વધુ નકલો વેચી છે અને ૮.૫ અબજ ડોલરથી વધુની અધધ કમાણી કરી છે, જે તેને 'ટેટ્રિસ' અને 'માઈનક્રાફ્ટ' પછી વિશ્વની ત્રીજી સૌથી વધુ વેચાતી વિડીયો ગેમ બનાવે છે. તેનાથી મોટી વાત એ છે કે, જીટીએના અત્યાર સુધીના જેટલા વર્ઝન લોન્ચ થયા તેણે કુલ ૧૭ અબજ ડોલર કરતા વધુની કમાણી કરી છે.

આ સમગ્ર અહેવાલ અને આંકડાઓ પરથી એ સ્પષ્ટ થાય છે કે વિડીયો ગેમ્સની દુનિયામાં માત્ર ભવ્ય ગ્રાફિક્સ કે મોટું બજેટ જ સફળતાની ગેરંટી નથી, પરંતુ નવીનતા, ઊંડાણપૂર્વકની વાર્તા અને ખેલાડીઓને એક અલગ જ દુનિયાનો અનુભવ કરાવવાની ક્ષમતા જ કોઈ ગેમને 'માસ્ટરપીસ' બનાવે છે.

પૂર્વ પીએમ શેખ હસીનાની ઘરવાપસી પહેલાં રાજકીય અરાજકતા

બાંગ્લાદેશમાં અવામી લીગ અને શાસક પક્ષોના કાર્યકરો વચ્ચે ઘર્ષણના એંધાણ

(પીટીઆઈ) ઢાકા, તા.૨૮

બાંગ્લાદેશનાં ભૂતપૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાની દેશના વિજય દિવસ ૧૬ ડિસેમ્બરે સ્વદેશ પાછા ફરવાની જાહેરાત બાદ દેશમાં રાજકીય અરાજકતા વધી ગઈ છે. શેખ હસીનાની તરફેણમાં અવામી લીગના કાર્યકરો અનેક શહેરોમાં મશાલો લઈને રસ્તા પર ઉતરી આવ્યા છે અને દેખાવો કરી રહ્યા છે. બીજીબાજુ તેમને રોકવા માટે શાસક પક્ષના બીએનપી, જમાત-એ-ઈસ્લામી અને એનસીપીના કાર્યકરોએ રસ્તા પર ઉતરવાની તૈયારી કરી છે. હવે શાસક પક્ષના કાર્યકરોએ પણ અવામી લીગના કાર્યકરોને રોકવા રેલીઓના આયોજનની તૈયારી કરી છે.

અનેક શહેરોમાં મશાલો સાથે અવામી લીગની માર્ચ, ગોપાલગંજ રહેમાન સરકારથી 'વર્ચ્યુઅલ આઝાદ' જાહેર



બાંગ્લાદેશના પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાના સમર્થનમાં અવામી લીગના કાર્યકરો અનેક શહેરોમાં મશાલો સાથે રસ્તા પર દેખાવો કરી રહ્યા છે. શેખ હસીનાના ગૃહ જિલ્લા ગોપાલગંજમાં અવામી લીગના કાર્યકરોએ શહેરને તારીક રહમાન સરકારથી 'વર્ચ્યુઅલ આઝાદી'ની જાહેરાત કરી દીધી હતી. બીજીબાજુ સરકારે અવામી લીગને રોકવા માટે અનેક જિલ્લામાં ઈન્ટરનેટ સર્વીસ સસ્પેન્ડ કરી દીધી હતી. આ સિવાય મેડિકલ સપ્લાય, વીજળી અને પાણીનો પૂરવઠો પણ કાપી નાંખ્યો છે.

તુંગીપારા અને પાબનામાં પોલીસ સામે અવામી લીગના કાર્યકરોએ જુલુસ કાઢ્યું હતું અને મશાલો સાથે માર્ચ કરી હતી. મૈમનસિંહના ગફરગાંવમાં લોકલ અવામી લીગ યુનિટના નેતા શેખ હસીનાની ઘરવાપસીની ઊજવણી કરતા રેલી કઢાઈ હતી.વધુમાં અવામી લીગના કાર્યકરોને રોકવા માટે હવે શાસક પક્ષો બીએનપી, જમાત-એ-ઈસ્લામી અને એનપીસીના કાર્યકરોએ પણ રસ્તા પર દેખાવો કરવાની તૈયારી શરૂ કરી છે. તેમણે અનેક શહેરોમાં રેલીઓ યોજવાનું આયોજન કર્યું છે. બીજીબાજુ અનેક જિલ્લામાં આગજની, બોમ્બ વિસ્ફોટો અને હિંસાની ઘટનાઓ વચ્ચે સાત જિલ્લામાં બોર્ડર ગાર્ડસ બાંગ્લાદેશની ૧૨૦ પ્લાટૂન તૈનાત કરાઈ છે.

બાંગ્લાદેશમાં સાત જિલ્લામાં બોર્ડર ગાર્ડ્સની ૧૨૦ પ્લાટૂન તૈનાત

થેંક્સગિંવિંગ પરેડ : ૧૦૦ વર્ષમાં પહેલી વખત મોડી યોજાઈ



ન્યૂ યોર્કની વિશ્વવિખ્યાત થેંક્સગિંવિંગ પરેડ તેના ૧૦૦ વર્ષના ઈતિહાસમાં પહેલી વખત મુલતવી રાખવામાં આવી હતી. થેંક્સગિંવિંગના દિવસે યોજાતી પરેડમાં આ વખતે ખરાબ હવામાનનું વિઘ્ન હતું. આ પરેડ શનિવારે ધામધૂમથી યોજાઈ હતી. જેમાં, ૧૦૦ જાયન્ટ બલૂન્સ, ૨૮ ફ્લોટ્સ, ૧૦૦૦ ક્લાઉન્સ હતા. ૪ કિમીના પરેડ માર્ગમાં કલાકારો અને પરફોર્મર્સ હાજર રહ્યા હતા. પરેડના ઈતિહાસમાં પહેલી વખત હવામાનને કારણે પરેડ રદ કરવામાં આવી હતી. અગાઉ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ૧૯૪૨થી ૧૯૪૪ સુધી સતત ત્રણ વર્ષ સુધી પરેડ રદ કરાઈ હતી. પરેડમાં સ્પાઈડર-મેન, સ્નૂપી, મારિયો જેવા લોકપ્રિય પાત્રો ઉપરાંત હેલ્લો કિટી, મિનિયન્સના જાયન્ટ ફૂગ્ગા જોવા મળ્યા હતા.

અફઘાનિસ્તાનમાં મહિલાઓનું નામ હવે ગાય, બકરી, બીબી લખાશે

દસ્તાવેજોમાં મહિલાઓને પશુઓનું નામ અપાશે : તાલિબાનનો ફતવો

કાબુલ, તા. ૨૮

અફઘાનિસ્તાનમાં તાલિબાનનું શાસન આવ્યા બાદ મહિલાઓની સ્થિતિ વધુ કફોડી થઈ ગઈ છે, મહિલાઓના એકલા બહાર નિકળવા પર, શિક્ષણ પર પ્રતિબંધો મુકવામાં આવ્યા જ હતા ત્યાં હવે મહિલાઓના નામનો ઉપયોગ કરવા પર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. તાલિબાની ફરમાનમાં આદેશ અપાયો છે કે હવેથી સરકારી દસ્તાવેજોમાં મહિલાઓના નામની જગ્યાએ પશુઓના નામનો ઉપયોગ કરવાનો રહેશે.

મૃત્યુ બાદ પણ મહિલાઓનું અપમાન, તાલિબાનના શરિયા કાયદા મુજબ કબરો પર નામ નથી લખી શકાતું

અફઘાનિસ્તાનના બલ્ખ પ્રાંતમાં તાલિબાન દ્વારા જારી ફતવામાં જણાવવામાં આવ્યું છે કે હવેથી સરકારી દસ્તાવેજો જેમ કે મેડિકલ રેકોર્ડ્સ, દવાઓની ચિઠ્ઠી કે અન્ય કોઈ પણ લાલાહ ઓસ્માનીએ કહ્યું હતું કે તાલિબાનીઓ મહિલાઓનું સ્તર નીચુ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે અને તેમની સરખામણી પશુઓ સાથે કરી રહ્યા છે. તાલિબાનીઓ મહિલાઓને માત્ર સંપત્તિ શિક્ષણ પર પ્રતિબંધ મુકાયો છે, જાહેરમાં સંબોધન, ભાષણો આપવા પર કે બોલવા પર પ્રતિબંધ મુકાયો છે. એટલું જ નહીં મહિલાઓ નોકરી પણ નથી કરી શકતી. મે મહિનામાં સગીરો પર બળાત્કારને પણ કાયેદસર મંજૂરી આપવામાં આવી હતી. મહિલાઓ પર ઘરેલુ ક્રૂરતાને પણ છૂટ અપાઈ ચુકી છે જ્યાં સુધી મારપીટમાં મહિલાનું હાડકું ના ભાંગે કે મોટો ઘાવ ના થાય ત્યાં સુધી તેને ઘરેલુ હિંસા માનવામાં નહીં આવે તેવા અહેવાલો સામે આવ્યા હતા. નોંધનીય છે કે અફઘાનિસ્તાનમાં તાલિબાન શરિયા કાયદાનો અમલ કરી રહ્યું હોવાનો દાવો કરતું આવ્યું છે, અને આ તમામ નિર્ણયો શરિયા કાયદા હેઠળ લેવામાં આવ્યા હોવાનો બચાવ પણ કરી રહ્યું છે.

પતિ પત્નીને માર મારી શકશે, હાડકા ના ભાંગે ત્યાં સુધી ઘરેલુ હિંસા નહીં ગણાય જેવા ફરમાનો પણ જારી થયા છે

સત્તાવાર દસ્તાવેજોમાં મહિલાઓનું નામ લખવામાં નહીં આવે.

મહિલાઓના નામના સ્થાને બીબી, એટલુ જ નહીં મહિલાઓના નામની જગ્યાએ બકરી, ગાય વગેરે શબ્દોનો ઉપયોગ કરવા માટે આદેશ જારી થયા છે. અફઘાનિસ્તાનના એક્ટિવિસ્ટ સમજે છે.

એટલુ જ નહીં મહિલાઓની કબર પર પણ તેમના નાથ નથી લખી શકાતા, ૨૦૨૧થી તાલિબાને અફઘાનિસ્તાનમાં શાસન મેળવ્યું છે ત્યારથી મહિલાઓના માનવ અધિકારો છીનવી લેવાયા છે. ૧૨ વર્ષથી વધુ વયની સગીરો, યુવતીઓના

તાલિબાનના શાસનમાં આતંકીઓ બેફામ

અફઘાનિસ્તાનમાં સ્કૂલમાં વિસ્ફોટ ૧૦નાં મોત, ૧૧૦થી વધુ ઘાયલ

કાબુલ, તા. ૨૮

અફઘાનિસ્તાનના કુનાર પ્રાંતના અંદાર-શેર વિસ્તારમાં આવેલી એક મિડલ સ્કૂલમાં પ્રચંડ વિસ્ફોટ થયો હતો, જેમાં ૧૦ વિદ્યાર્થીઓના મોત નિપજ્યા હતા જ્યારે ૧૧૦થી વધુ ઘાયલ થયા હતા, કેટલાકની સ્થિતિ ગંભીર હોવાથી મૃત્યુઆંક વધી શકે છે.

સ્કૂલમાં અંગ્રેજી વિષય ભણાવાઈ રહ્યો હોવાથી વિસ્ફોટ કરાયાના અહેવાલ, તાલિબાન મૌન

કુનાર પોલીસના પ્રવક્તા ફરીદ દેહકાએ જણાવ્યું હતું કે અંદાર-શેર વિસ્તારમાં આવેલી આ માધ્યમિક શાળામાં શનિવારે સવારે પ્રચંડ વિસ્ફોટ થતાં અનેક વિદ્યાર્થીઓને ઈજાઓ થઈ હતી, અનેકના મૃત્યુ થયા હતા, આ વિસ્ફોટને લીધે લાગેલી આગ ઠારવામાં આવી હતી.

આતંકીઓ દ્વારા પણ આ વિસ્ફોટને અંજામ આપવામાં આવ્યો હોઈ શકે છે, જોકે પ્રાથમિક અહેવાલમાં દાવો કરાયો છે કે સ્કૂલની નજીક આવેલા ડેપોમાં માઈનિંગ કંપનીઓ દ્વારા વિસ્ફોટક સામગ્રી રાખવામાં આવી હતી જેનો ઉપયોગ માઈનિંગ માટે કરાઈ રહ્યો હતો, આ વિસ્ફોટકો ભુલથી બ્લાસ્ટ થઈ ગયા હોઈ શકે છે.

અફઘાનિસ્તાનમાં કોપર, લોખંડ, ઝિંક, સોનું, કોલસા સહિતની ખાણો આવેલી છે. જેના ખોદકામ સમયે વિસ્ફોટ કરવામાં આવતા હોય છે. જોકે સુરક્ષાને લઈને અનેક સવાલો ઉઠી રહ્યા છે. આ આતંકવાદી હુમલો પણ હોઈ શકે છે, કારણ કે આ માધ્યમિક શાળામાં અંગ્રેજી પણ ભણાવવામાં આવે છે. જ્યારે કટ્ટરવાદીઓ કોઈ પણ પ્રકારના પશ્ચિમિ શિક્ષણનો પૂરા ઝનૂનથી વિરોધ કરે છે. તેથી અંગ્રેજી ભણાવતી અને આધુનિક શિક્ષણ આપતી શાળાઓ, તેના શિક્ષકો અને અંગ્રેજી ભણવા માગતાં, તેમજ આધુનિક શિક્ષણ પણ મેળવવા માગતાં વિદ્યાર્થીઓમાં દહેશત ફેલાવવા તે આતંકીઓ આવા વિસ્ફોટ કરતા રહે છે.

રશિયાના ભીષણ હુમલામાં યુક્રેનમાં નવનાં મોત

યુક્રેનનો ૧,૨૪૬ ડ્રોનનો સૌથી મોટો હુમલો નિષ્ફળ બનાવ્યો : રશિયાનો દાવો

કીવ, તા.૨૮

રશિયાએ એક જ રાતમાં યુક્રેનના ૧,૨૪૬ ડ્રોનના ઐતિહાસિક હુમલાને ખાળ્યાનો દાવો કર્યો છે અને આ હુમલામાં બેના મોત થયાનું જણાવ્યું છે. તેની સામે રશિયાના હુમલામાં આખા યુક્રેનમાં નવના મોત થયાનું અને તેટલા જ ઘાયલ થયાનું જણાવ્યું હતું. પડ્યુ. રશિયાના સંરક્ષણ મંત્રાલયનું કહેવું છે કે ૧,૨૪૬ ડ્રોન તો અમે ખતમ કર્યા, પરંતુ છોડવામાં આવેલા ડ્રોનની સંખ્યા તેના કરતાં પણ વધારે હોઈ શકે છે. ૧૨૩ ડ્રોન તો ફક્ત મોસ્કો તરફ જતાં હતા ત્યારે જ શૂટ કરવામાં આવ્યા.

રશિયા પરના હુમલામાં બેનાં મોતઃ જેટ પાવર્ડ ડ્રોનનો જવાબ યુક્રેને લેસર ટેક્નોલોજીના સ્વરૂપમાં શોધતા રશિયા સ્તબ્ધ

રશિયાના સંરક્ષણ મંત્રાલયનું કહેવું હતું કે આખા મોસ્કો પ્રાંત પર કુલ ૪૬૨ ડ્રોન છોડવામાં આવ્યા હતા. તેમાના મોટાભાગના ડ્રોન ખતમ કરી દેવામાં આવ્યા છે. ગવર્નર યુરી સિયુસરે જણાવ્યું હતું કે રશિયાના દક્ષિણ પ્રાંત રોસ્તોવમાં ૫૦થી વધુ ડ્રોન ખતમ કરવામાં આવ્યા હતા.

આ સિવાય એક શહેર નોવોસ્થાત્સ્કાઈન્સ્ક પર ત્રાટકેલા ડ્રોન પણ ખતમ કરવામાં આવ્યા હતા.

યુક્રેને રશિયા પર આટલો મોટો હુમલો પહેલી જ વખત કર્યો છે. પહેલી જ વખત રશિયા પર એકસાથે ત્રાટકેલા યુક્રેનની સંખ્યા હજાર કરતાં પણ વધારે હતી. આટલા ડ્રોન તો રશિયાએ પણ યુક્રેન પર એકસાથે છોડ્યા નથી.

આ શહેરમાં રશિયાની ટોચની ઓઈલ રિફાઈનરી આવેલી છે. તેમણે જણાવ્યું નથી કે ઓઈલ રિફાઈનરી પર હુમલો થયો હતો કે નહીં. જો કે કેટલાક રશિયન અને યુક્રેનિયન નન્યૂઝ ચેનલે ટેલિગ્રામ પર દાવો કર્યો છે કે આ શહેરમાં આવેલી રિફાઈનરીને ડ્રોન હુમલામાં નુકસાન ગયું છે. આ રિફાઈનરી યુક્રેનની સરહદથી ૨૦ કિ.મી. જ દૂર છે.

રશિયાના સમારાજ રિજયને જણાવ્યું હતું કે યુક્રેનિયન ડ્રોને ઈન્ડસ્ટ્રીયલ ફેસિલિટીઝ પર રાત્રે હુમલો કર્યો હતો. જો કે આ હુમલો ખાળવામાં આવ્યો હતો. તેમણે આ હુમલાનો ટાર્ગેટ કોણ હતા તે દર્શાવ્યું ન હતું. કોઈનું મોત થયું ન હતું કે ઈજા થઈ ન હતી.આ મહિનામાં આ વિસ્તારમાં બીજો હુમલો હતો. યુક્રેન સાથે સરહદ ધરાવતા રશિયાના દક્ષિણી વિસ્તાર બ્રાયન્સ્કમાં યુક્રેનના ડ્રોન હુમલામાં નવને ઈજા પહોંચી હતી. ડ્રોન કંપનીની બસ પર ત્રાટક્યું હતું. આ ઉપરાંત રશિયાના ડ્રોન ઉડાવવા માટે યુક્રેને પહેલી જ વખત લેસર ટેકનોલોજીનો ઉપયોગ કર્યો છે.

યુક્રેને રશિયા અને રશિયન કબ્જાવાળા પ્રાંતમાંથી તેના નવ બાળક પરત મેળવ્યા : ઝેલેન્સ્કી

રશિયાના ગેરાન જેટ ડ્રોનને યુક્રેને લેસર સિસ્ટમની મદદથી તોડી પાડ્યું હતું.આમ યુક્રેને સ્વદેશી લેસર સિસ્ટમની મદદથી રશિયાના જેટ પાવર્ડ ડ્રોનનો જવાબ શોધતા રશિયા સ્તબ્ધ થઈ ગયું હતું.

બીજી બાજુએ યુક્રેનની એરફોર્સે રશિયાએ છોડેલા ૧૬૨માંથી ૧૪૧ ડ્રોન તોડી પાડ્યા હતા. નિઝહીનમાં શનિવારે રાત્રે થયેલા હુમલામાં ત્રણને ઈજા થઈ હતી.

મુંબઈના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર રૂ. ૩૯.૮ કરોડનું ડ્રગ્સ અને સોનું જપ્ત

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ, તા.૨૮

મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ અધિકારીઓએ જુદા જુદા ઓપરેશનમાં આશરે ૩૯.૮ કરોડ રૂપિયાના માદક દ્રવ્યો અને સોનું જપ્ત કર્યા છે. આ કાર્યવાહી દરમિયાન નવ મુસાફરોની ધરપકડ કરવામાં આવી છે.

બેંગકોકથી આવેલા બે પ્રવાસી પાસેથી લગભગ ૬.૫ કિલો ગાંજો મળી આવ્યો : નવની ધરપકડ

એર ઈન્ટેલિજન્સ યુનિટ (એઆઈયુ), કસ્ટમ્સ ઝોન-૩ના અધિકારીઓએ સૌથી મોટી જમીમાં ૨૭ નવેમ્બરના રોજ હાથ ધરવામાં આવેલા એક ઓપરેશનમાં લગભગ ૧૨ કિલો કેટામાઈન મળી આવ્યું હતું. જેની કિંમત અંદાજે ૩૬ કરોડ રૂપિયા છે.

થાઈ એરવેઝની ફ્લાઈટ ટીજી-૩૧૮ દ્વારા બેંકોક જઈ રહેલા એક પેસેન્જર પાસેથી લગભગ પાંચ કિલો નશીલો પદાર્થ મળી આવ્યો હતો. ત્યારબાદ પૂછપરછ કરતા રહેણાંક પરિસરમાં તપાસ દરમિયાન વધુ સાત કિલો કેટામાઈન મળી આવ્યું હતું અને આ ડ્રગ કાર્ટેલ સાથે સંકળાયેલા વધુ બે વ્યક્તિઓને ઝડપી લેવામાં આવ્યા હતા, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

આ ત્રણ આરોપીઓની નાકીટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ હેઠળ ધરપકડ કરવામાં આવી છે અને વધુ તપાસ ચાલુ છે.

અન્ય બે કિસ્સાઓમાં એઆઈયુ અધિકારીઓએ ૨૭ અને ૨૮ નવેમ્બરના રોજ બેંકોકથી આવેલા બે પ્રવાસી પાસેથી લગભગ ૬.૫ કિલો ગાંજો જપ્ત કર્યો હતો. જેની કિંમત રૂ. ૨.૨૭ કરોડ છે. બંને મુસાફરોને એનડીપીએસ એક્ટ હેઠળ પકડવામાં આવ્યા હતા.

એક અલગ કાર્યવાહીમાં કસ્ટમ અધિકારીઓને આ જ સમયગાળા દરમિયાન મુંબઈ પહોંચેલા પાંચ પ્રવાસીઓ પાસેથી ૧,૪૪૩ ગ્રામ ૨૪ કેરેટ સોનું મળી આવ્યું હતું. જેની કિંમત આશરે ૧.૫૭ કરોડ રૂપિયા છે. આ મામલામાં કસ્ટમ્સ એક્ટ હેઠળ ચાર આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

કામગીરીની પુનર્રચના માટે પગલું લીધાનો દાવો

સ્વિગીએ ઈન્સ્ટામાર્ટમાંથી ૩૪૦ કર્મચારીઓની છટણી કરી

નવી દિલ્હી, તા.૨૮

ભારતમાં સ્વિગીએ તેના ક્વિક કોમર્સ એકમ ઈન્સ્ટામાર્ટમાં ૩૪૦ જોબ્સ કટ કરી છે. કંપનીએ કારોબારની પુનર્રચનાના ભાગરૂપે કામગીરીને સ્ટ્રીમલાઈન કરવાના ભાગરૂપે આ પગલું લીધું છે. કંપની એટર્નલની માલિકીની બ્લિન્કિટ અને ઝેપ્ટોની ભારે સ્પર્ધાનો સામનો કરી રહી છે.

કંપનીને સપ્ટેમ્બરના ક્વાર્ટરમાં લગભગ ૯૦૦ કરોડ રૂપિયાની ખોટ, અગાઉ ૮૪૯ કરોડ હતી

સ્વિગી આ પુનર્રચનાના લીધે અસર પામનારા કર્મચારીઓને મદદરૂપ થવા પેકેજ પણ ઓફર કરી રહી છે. વીઆરએસ ચૂકવણી, કાયદાકીય ચૂકવણી અને હેલ્થ ઈન્સ્યોરન્સ મે ૨૦૨૭ સુધી ચાલુ રાખવાની મદદ પૂરી પાડવાનો સમાવેશ થાય છે, એમ એક સૂત્રએ કંપનીને નામ આપવાની શરતે જણાવ્યું હતું. ઈન્સ્ટામાર્ટની ખોટ સપ્ટેમ્બર ક્વાર્ટરના અંતે વધીને લગભગ ૯૦૦ કરોડ રુપિયા થઈ છે, જે વર્ષ અગાઉ ૮૪૯ કરોડ રુપિયા હતી. સ્વિગીએ જણાવ્યું હતું કે તે માને છે કે ક્વીક કોમર્સના કારોબારમાં ખોટ ટોચ પર પહોંચી ચૂકી છે. કંપની માને છે કે વર્તમાન બજારોમાં ઝડપથી સ્ટોર ઉમેરવાના બદલે વેરહાઉસની કાર્યક્ષમતામાં સુધારો કરવો અને નફાકારકતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. સ્વિગીના વાર્ષિક અહેવાલ મુજબ તેના વર્કફોર્સમાં ડિલિવરી પાર્ટનર સહિત ૯,૦૪૭ કર્મચારીઓ છે.

વડાપ્રધાનના બાળપણના મિત્રની ફરિયાદ બાદ કાર્યવાહી

૧૯ વર્ષના સંઘર્ષ બાદ અસગરભાઈ વોરાના નામે જમીન નોંધાઈ

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ,તા.૨૮

મીરા રોડની જમીનના માલિકી હક માટે ૧૯ વર્ષથી કાનૂની અને વહીવટી લડત લડી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બાળપણના મિત્ર અસગરભાઈ વોરાને આખરે મોટી સફળતા મળી છે. મૌજે નવઘર સ્થિત ૨,૮૧૦ ચોરસ મીટર જમીનના સાતબારા ઉતારામાં તેમનું નામ નોંધવાની ફેરફાર નોંધને ૨૭ નવેમ્બરના રોજ મહેસૂલ વિભાગે મંજૂરી આપી છે.

મીરા રોડની ૨,૮૧૦ ચોરસ મીટર જમીનના સાતબારામાં નામ દાખલ

મીરા રોડના ઈન્દ્રલોક ફેઝ-૬માં સર્વે નંબર ૧૮૫/૬ની જમીન અસગરભાઈ વોરા અને દાઉદ વોરાએ વર્ષ ૧૯૮૯માં રજિસ્ટર્ડ કરારથી ખરીદી હતી. વર્ષ ૨૦૦૭માં બંનેનાં નામ સાતબારામાં નોંધાયાં હતાં. જોકે, વારસદારોની તપાસના નામે વોરાનું નામ રેકોર્ડમાંથી દૂર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જમીન પર અન્ય લોકોના દાવા અને વેચાણ વ્યવહારોને કારણે વિવાદ ઊભો થયો હતો. મહાનગરપાલિકાએ બે વખત બાંધકામ પરવાનગી આપી હતી, પરંતુ વોરાની ફરિયાદ બાદ તે રદ કરવામાં આવી હતી. જમીનના અન્ય વ્યવહારોમાં ખોટા દસ્તાવેજો અને પાવર ઓફ એટર્ની અંગે પણ સવાલો ઊભા થયા હતા. આ મામલે વર્ષ ૨૦૧૫માં કેસ નોંધાયો હતો.

લાંબા સમય સુધી ન્યાય ન મળતાં વોરાએ સપ્ટેમ્બરમાં પોતાના બાળપણના મિત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત લઈને અન્યાયની ફરિયાદ કરી હતી અને સીબીઆઈ તપાસની માગણી કરી હતી.

ત્યાર બાદ રાજકીય અને વહીવટી સ્તરે કાર્યવાહી તેજ બની હતી.

એઆઈએ કરેલું ભાષાંતર માનવીએ ચકાસવું જ જોઈએ

એઆઈને બોરિંગ કામ સોંપો, નિર્ણયો જજોએ જ લેવા જોઈએ : જસ્ટિસ ચંદ્રચૂડ

નવી દિલ્હી, તા. ૨૮

સુપ્રીમ કોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ ડી વાય ચંદ્રચૂડે કહ્યું હતું કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એઆઈ કેટલાક દૈનિક કામકાજમાં મદદરૂપ થઈ શકે છે પરંતુ નિર્ણયો લેવા, ચુકાદા આપવા, કોઈ તારણ પર આવવાની જવાબદારી જજના હાથમાં જ રહેવી જોઈએ, એઆઈને કંટાળાજનક કામકાજ કરવા દેવું જોઈએ. સાથે જ તેમણે જજોની અછત અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી.

દેશમાં દર ૧૦ લાખની વસતી વચ્ચે માત્ર ૧૫ જ જજો જ્યારે જરૂરિયાત ૫૦ જજોની : પૂર્વ મુખ્ય ન્યાયાધીશ

એઆઈ ફોર ઓલ કાર્યક્રમને સંબોધતા પૂર્વ મુખ્ય ન્યાયાધીશ ડી વાય ચંદ્રચૂડે કહ્યું હતું કે એઆઈ ટૂલ્સમાં ટ્રાન્સ્ક્રિપ્શન, ભાષાંતર, લિસ્ટિંગ, સ્ક્રુટિની વગેરે ડલ કામ છે, આવા કંટાળાજનક કામકાજ પાછળ કોર્ટોનો ઘણો સમય વેડફાય છે. જજોનો મોટાભાગનો સમય આવા કંટાળાજનક કામકાજ પાછળ જ પસાર થાય છે, જ્યારે તેમનું ખરેખર ધ્યાન તો યોગ્ય સમયે નિર્ણયો પર રહેવું જોઈએ. મારી દ્રષ્ટીએ એઆઈનો સૌથી શ્રેષ્ઠ ઉપયોગ બોરિંગ કામકાજમાં છે.

ફેક એઆઈ કેસોનો ઉલ્લેખ કરતા પૂર્વ સીજેઆઈએ કહ્યું હતું કે આંધ્ર પ્રદેશની એક ટ્રાયલ કોર્ટ સુપ્રીમ કોર્ટના એવા ચાર ચુકાદા પર પોતાનો નિર્ણય લે છે કે જે ખરેખર સાચા છે જ નહીં અને એઆઈ દ્વારા તૈયાર કરાયેલા છે. બાદમાં સુપ્રીમ કોર્ટ પણ તેની નોંધ લે છે. અરજદારોએ પોતાના કેસોમાં એઆઈનો ઉપયોગ થયો છે કે કેમ તેની જાણ કરવી જોઈએ, એઆઈથી થતુ ભાષાંતર માનવીએ ફરજિયાત ચકાસવુ જ જોઈએ. જજોની અછત અંગે વાત કરતા પૂર્વ સીજેઆઈએ કહ્યું હતું કે જિલ્લા કોર્ટના એક જજ સરેરાશ આશરે ૨,૨૦૦ મામલા સંભાળે છે. દેશમાં ૧૦ લાખ લોકો વચ્ચે માત્ર ૧૫ જજો છે. ૧૯૮૭માં લો કમિશને ૧૦ લાખ લોકો વચ્ચે ૫૦ જજોની ભલામણ કરી હતી.

અલ નીનો ઈફેક્ટ : પેરુ, ઈક્વાડોરમાં પૂર



દક્ષિણ અમેરિકાના પેરુ અને ઈક્વાડોરમાં અલ નીનો હવામાનની અસરને કારણે ભારે વરસાદ પડતાં અનેક શહેરોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. પેરુના પિયુરા શહેરમાં માત્ર ૧૨ કલાકના ભારે વરસાદ બાદ રસ્તાઓ પર કમર સુધી પાણી ભરાઈ ગયાં હતાં. બીજી તરફ, ઈક્વાડોરમાં ભારે વરસાદ અને પૂરના કારણે અત્યાર સુધીમાં ૩૪ લોકોનાં મોત થયાં છે, જ્યારે ૪૭ હજારથી વધુ લોકો પ્રભાવિત થયા છે. બંને દેશોએ સ્થિતિને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી છે.







અમદાવાદ શહેરમાં એક તરફ ગ્રીન કવરના નામે ૫૦ લાખ વૃક્ષોનું વાવેતર થઈ રહ્યું છે. જેનો વર્લ્ડ રેકોર્ડ પણ નોંધાય છે. બીજી તરફ વિકાસના નામે વૃક્ષો કાપવા જાણે કે પરંપરા બની ગઈ છે! અધિકારીઓ પોતાની રીતે મનમાં આવે તેમ વૃક્ષો કાપી નાંખે છે. વિકાસના આયોજનમાં અન્ય વિકલ્પ હોય કે રિપ્લાન્ટેશન, આ દિશામાં અધિકારીઓ વિચારતા જ નથી. ખાનપુર વિસ્તારમાં ભાજપના કાર્યાલયની સામે જ ટ્રિમિંગના નામે થડિયા સુધી વૃક્ષો કપાઈ રહ્યા છે. જ્યારે ચાંદલોડિયામાં રસ્તો બનાવવા માટે જળમૂડથી વૃક્ષ કાપી નાંખવામાં આવ્યું છે. હકીકતમાં આ વૃક્ષ ડિવાઈડરની વચ્ચે રાખીને બચાવી શકાય તેમ હતું. પરંતુ વિકાસની વ્યાખ્યા હવે દરેક લોકો માટે અલગ અલગ થઈ ગઈ છે. (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

કપાસના વેપારથી શરૂ થયેલું જોડાણ આજે લાખો મુસાફરોની જીવનરેખા

સુરત અને મુંબઈ વચ્ચે શરૂ થયેલી પ્રથમ ટ્રેનને ૧૬૨ વર્ષ પૂર્ણ થયા

અમદાવાદ, શનિવાર

ગુજરાત અને મુંબઈ વચ્ચેનું રેલવે જોડાણ આવે લાખો મુસાફરોની અવરજવરનું મહત્વનું માધ્યમ બન્યું છે. પરંતુ તેની શરૂઆત મુસાફરોની સુવિધા માટે નહીં, કપાસના વેપારને વેગ આપવા માટે થઈ હતી. ૨૮ નવેમ્બર, ૧૮૬૪ના રોજ સુરત નજીકના ઉતરાણથી મુંબઈના ગ્રાન્ટ રોડ સુધી પ્રથમ ટ્રેન દોડી હતી. એક સમયે નર્મદા નદી પાર કરવા મુસાફરોએ બોટનો સહારો લેવો પડતો હતો અને અમદાવાદથી મુંબઈ પહોંચતા દોઢ દિવસ લાગતો હતો. ૧૬૨ વર્ષમાં આ રેલવે માર્ગનું સ્વરૂપ આજે સંપૂર્ણપણે બદલાઈ ગયું છે.

બોમ્બે, બરોડા એન્ડ સેન્ટ્રલ ઈન્ડિયા રેલવે કંપનીની સ્થાપના

(અનુસંધાન ૪થે પાને)

૩૦ ડબ્બા સાથે પ્રથમ ટ્રેન દોડી હતી

૨૮ નવેમ્બર, ૧૮૬૪ના રોજ ઉતરાણથી ગ્રાન્ટ રોડ વચ્ચે દોડેલી પ્રથમ ટ્રેનમાં કુલ ૩૦ ડબ્બા હતા. તેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ગના મુસાફરો માટે અલગ વ્યવસ્થા હતી. તૃતીય વર્ગના કેટલાક ડબ્બા બે માળના હોવાનો પણ એતિહાસિક ઉલ્લેખ મળે છે.



નર્મદા પાર કરવા બોટનો સહારો લેવો પડતો હતો

૧૮૬૦ના દાયકામાં ભરૂચ પાસે નર્મદા નદી પર રેલવે પુલ ન હોવાથી મુસાફરોએ ટ્રેનમાંથી ઊતરી બોટમાં બેસીને નદી પાર કરવી પડતી હતી. સામે કિનારે બીજી ટ્રેનમાં બેસીને મુસાફરી આગળ વધારવી પડતી હતી. આ વ્યવસ્થાને કારણે અમદાવાદથી મુંબઈ પહોંચતા અંદાજે દોઢ દિવસ લાગતો હતો.

૧૮૬૪માં સુરતના ઉતરાણથી મુંબઈના ગ્રાન્ટ રોડ સુધી વરાળ એન્જિન સાથે પ્રથમ ટ્રેન રવાના થઈ હતી

‘સફેદ સોનું’ પકવવામાં અગ્રેસર ગુજરાતમાં ખેડૂતો બેહાલ

બમણી આવક તો ઠીક, ચાર વર્ષમાં કપાસના ભાવ રૂ.૧૫૮૦ ગગડ્યાં

અમદાવાદ,શનિવાર

ખેડૂતોની આવક બમણી કરવાના બણગાં ફુંકવામાં આવી રહ્યાં છે ત્યારે કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે રજૂ કરાયેલા અહેવાલ મુજબ, છેલ્લા ચાર વર્ષમાં ગુજરાતમાં કપાસ પકવતા ખેડૂતોની આ થક કમર તૂટી ગઈ છે. ’સફેદ સોનું’ ગણાતા કપાસના ઉત્પાદનમાં અગ્રેસર એવા ગુજરાતમાં ખેડૂતોને મળતા ભાવમાં રૂા.૧,૫૮૦નો કડાકો નોંધાયો છે, જે કૃષિ વિભાગની નિષ્ફળ બજાર નીતિઓ અને બેદરકારીનો જીવતો જાગતો પુરાવો છે.

વર્ષ ૨૦૨૧-૨૨માં ક્વિન્ટલ કપાસનો ભાવ રૂ.૮૧૯૩ હતો, તે વર્ષ ૨૦૨૫-૨૬માં ઘટી રૂપિયા ૭૨૪૯ થઈ ગયો

એક બાજુ, ભારે વરસાદને કારણે છેલ્લાં બે વર્ષથી ખેતીને મોટાપાયે નુકશાન પહોચ્યુ છે પરિણામે ખેડૂતોને આર્થિક નુકશાન થયુ છે. ત્યારે બીજી બાજુ, મોંઘા બિયારણ, જંતુનાશક દવા, ખાતર ઉપરાંત ખેતમજૂરીના ખર્ચ પછી પણ ખેત ઉત્પાદનના પુરતો ભાવ મળતો નથી. સંસદમાં રજૂ થયેલાં એક અહેવાલ અનુસાર, ૨૦૨૨-૨૩માં ગુજરાતના ખેડૂતોને કપાસનો સરેરાશ બજાર ભાવ રૂા.૮,૮૨૯ પ્રતિ ક્વિન્ટલ મળ્યો હતો જ્યારે વર્ષ ૨૦૨૫-૨૬માં માત્ર રૂા.૭,૨૪૯ ભાવ બોલાયો હતો. કૃષિ વિભાગના જાણકારોના મતે, કૃષિ વિભાગની નબળી નીતિઓ અને બજાર પરના નિયંત્રણના અભાવે ખેડૂતોને

(અનુસંધાન ૪થે પાને)

ગુજરાતમાં ક્વિન્ટલ કપાસના ભાવની સ્થિતિ

૨૦૨૧-૨૨	:	રૂા.૮,૧૯૩
૨૦૨૨-૨૩	:	રૂા. ૮,૮૨૯
૨૦૨૩-૨૪	:	રૂા.૭,૦૩૮
૨૦૨૪-૨૫	:	રૂા.૭,૧૬૧
૨૦૨૫-૨૬	:	રૂા.૭,૨૪૯

સંસદમાં સરકારી દાવાની પોલ ખુલી : કૃષિ વિભાગની નબળી નીતિ, બજાર પર નિયંત્રણના અભાવે ખેડૂતોને વેઠવુ પડ્યું

યુનિ.ઓ-કોલેજોમાં આસિ.પ્રોફેસર બનવા માટે

આજે જીસેટ લેવાશે : ૪૯ હજારથી વધારે ઉમેદવારો પરીક્ષા આપશે

અમદાવાદ,શનિવાર

યુનિવર્સિટીઓ અને કોલેજોમાં આસિસ્ટન્ટ પ્રોફેસર બનવા માટેની સ્ટેટ લેવલની એલિજિબિલિટી ટેસ્ટ એવી જીસેટ આવતીકાલે ૨૯મીએ લેવાશે. નોડલ એક્ઝામ એજન્સી એવી એમ.એસ.યુનિ.દ્વારા લેવાનાર આ પરીક્ષા ગુજરાતના ૧૨ શહેરોના ૫૦થી વધુ સ્થળોએ લેવાશે. આ વર્ષે ૧૪ ટકા જેટલા ઉમેદવારો વધતા ૪૯ હજારથી વધુ ઉમેદવારો નોંધાયા છે.

૧૨ શહેરોના ૫૦ કેન્દ્રોમાં આ વર્ષે ૩૬ વિષયો માટે પરીક્ષા લેવાશે : અમદાવાદમાં સૌથી વધુ ઉમેદવારો

દર વર્ષે ડિસેમ્બરમાં લેવાતી જીસેટ-ગુજરાત સ્ટેટ એલિજિબિલિટી ટેસ્ટ આ વર્ષે થોડી વહેલી છે ત્યારે આવતીકાલે ૨૯મી નવેમ્બરે આ પરીક્ષા લેવાશે. આ વર્ષે વિષયોની સંખ્યા વધતા ૩૬ વિષયોમાં જીસેટ લેવાશે. સવારે ૯-૩૦થી ૧૨-૩૦ દરમિયાન લેવાશે.જેમાં પ્રથમ એક કલાકની પરીક્ષા પેપર-૧ અને ત્યારબાદ બે કલાકની પરીક્ષા પેપર-૨ની રહેશે.આ વર્ષે જીસેટમાં ઉમેદવારોની સંખ્યા ૧૪ ટકા જેટલી વધી છે ત્યારે ગુજરાતભરમાંથી ૪૯૦૪૪ ઉમેદવારો નોંધાયા છે. ગુજરાતમાં અમદાવાદ,સુરત, રાજકોટ, વડોદરા, જુનાગઢ, પાટણ, વલસાડ, ગોધરા અને હિમ્મતનગર સહિતના ૧૨ શહેરોમાં ૫૦થી વધુ સ્થળોએ પરીક્ષા લેવાશે.અમદાવાદમાં સૌથી વધુ પરીક્ષા કેન્દ્રો અને સૌથી વધુ ઉમેદવારો છે.અમદાવાદમાં એલ.ડી ઈજનેરી કોલેજ તેમજ ગુજરાત યુનિ.સહિતના વિવિધ સ્થળોએ પરીક્ષા લેવાશે.

એક વર્ષથી પાકિસ્તાની હેન્ડલરના ઈશારે કામ કરતો હતો

જૈશ-એ-મોહમ્મદના આતંકીના ઘરેથી મસૂદ અઝહરના જેહાદી પુસ્તક મળ્યા

અમદાવાદ,શનિવાર

ગુજરાતના વડોદરાના એરફોર્સ સ્ટેશન પર આતંકી હુમલો કરવાના બદ ઈરાદા સાથે ઝડપાયેલા જૈશ-એ-મોહમ્મદના આતંકી શાહરૂલ કબીરૂદ્દીનની ધરપકડ બાદ એટીએસ દ્વારા સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.

સોશિયલ મીડિયા મારફતે પાકિસ્તાની આતંકી સંગઠનના સંપર્કમાં હતો : નોર્થ ઈસ્ટથી જૈશ-એ-મોહમ્મદ સાથે અનેક યુવકો સક્રિય

આસામ ખાતે આવેલા તેના ઘરે તપાસ કરતા જૈશનો ફ્લેગ, વિવિધ જેહાદી પુસ્તકો અને ખાસ કરીને કુખ્યાત આતંકવાદી મસૂદ અઝહરના ઉશ્કેરણી કરતા પુસ્તક તેમજ જેહાદી લખાણ મળી આવ્યા હતા. શાહરૂલ સોશિયલ મિડીયા દ્વારા છેલ્લાં એક વર્ષથી પાકિસ્તાની હેન્ડલરના સંપર્કમાં રહીને તેની સુચના મુજબ કામ કરતો હતો. ત્યારે એટીએસને એવી પણ ચોંકાવનારી વિગતો મળી હતી કે પાકિસ્તાનના

(અનુસંધાન ૪થે પાને)

PLOT FOR SALE
9375066559

FOR SALE
PREMIUM R3 PLOT FROM 1500 to 7000 SQ. YARDS TP 204
CONTACT - 9512782039
BROKERS EXCUSED

PLOT FOR SALE
ARJUN FARMS RANCHARDA
CHEQUE PAYMENT ONLY
CONTACT - 9512782039
BROKERS EXCUSED

ઓફીસ ભાડે/વેચાણ આપવાની છે
WTT 1st floor
1596 S.F.
S.G.HIGHWAY
(M) 9879220062

દુકાન ભાડે આપવાની છે
૧૦૦૦ Sq. Ft. ગ્રાઉન્ડ ફ્લોર
ટરકોઈઝ બ્લ્યુ, શેલા
M. 98250 17433

PLOTS FOR SELL
700 સી 2200 ચાર
600 સી 1200 ચાર
9737970020

NA • 14000 Sq. Yd.

PLOT/BUNGLOW FOR SALE

RENT / SALE
900 Sq.Ft. to 4000 Sq.Ft.
SHOPS for Ground Floor/ First Floor
Ready Possession with BU
9879729885
8511165309

45000 Sq.Ft.
M. 9979840538

FOR SALE
3 B H K,
Aaryan De Casa,
Bhuyangdev
Char Rasta, SOLA
M. 8511165309

FOR SALE PRE LEASED
Ground Floor Showroom
New Building

સ્વતંત્ર R3 પ્લોટ
1164 Yds. Carpet
SK : 90670 61173

PROPERTIES FOR SALE

FOR SALE

ફ્લેટ 2BHK
55 Lac

PRE-LEASE PROPERTY
FOR SALE
Individual Plot for Sale
Mithakhali
Ideal for Banks, PG, Hospital, Corporate House.

SALE / RENT









